उन्नति

# વિચાર

વર્ષ ૮ અંક ૨ એપ્રિલ – જુન, ૨૦૦૩

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
આપત્તિના સામનાની તૈયારીઃ પ્રશ્નો અને અભિગમો

**મંતવ્ય** ૭
આતંકવાદ અને અમેરિકાનું ઈરાક સામેનું યુદ્ધઃ પાયાના પ્રશ્નો

**આપના માટે**
લોકશાહીમાં લોકોની સત્તા ૧૪
અસંગઠિત ક્ષેત્ર અને સામાજિક સલામતી અંગે મજૂર પંચની ભલામણો ૨૦

**આપણી વાત** ૨૨
આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારીઃ સામુદાયિક આકસ્મિકતા યોજના

**સાંપ્રત પ્રવાહ** ૩૨

**સંદર્ભ સાહિત્ય** ૩૯

**અમારા વિશે** ૪૧

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## આપત્તિમાં માનવ વિકાસની કાળજી

કુદરતી આપત્તિમાં વંચિતોના વિકાસની ક્ષમતા અને તૈયારી ઘટે છે કારણ કે ગરીબો અને વંચિતો આમેય નબળા હોય છે અને આપત્તિઓ તે નબળાઈને વધારે તીવ્ર બનાવે છે. વિકાસની પ્રક્રિયામાં જેમ વંચિતોને અને ગરીબોને લક્ષ્યાંક બનાવવાની આવશ્યકતા છે તેમ આપત્તિના સમયમાં પણ તેમને લક્ષ્યાંકિત જૂથ બનાવવાની જરૂર રહે છે. સ્પષ્ટ છે કે ગરીબો અને વંચિતો વિકાસ માટેનો પર્યાપ્ત ભૌતિક પાયો ધરાવતા નથી, તેમની સામાજિક રીતે બાદબાકી થયેલી હોય છે અને તેઓ છેવાડે ફેંકાઈ ગયેલા હોય છે. ઉપરાંત, તેઓ નિર્ણય-પ્રક્રિયામાં પોતાનો કોઈ અવાજ ધરાવતા હોતા નથી. તેથી ખાસ કરીને વારંવાર કુદરતી આપત્તિઓ જે વિસ્તારોમાં આવવાની શક્યતાઓ છે ત્યાં માનવ વિકાસ કરવો એ એક મોટો પડકાર બની રહે છે.

તાજેતરમાં 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' (યુએનડીપી) દ્વારા છેલ્લો જે 'માનવ વિકાસ અહેવાલ' બહાર પડાયો તેમાં ભારત માનવ વિકાસની બાબતમાં થોડુંક નીચું ગયું એનું મહદંશે કારણ એ છે કે વારંવાર આવતી આપત્તિઓએ વિકાસની ગતિને ધીમી કરી નાખી છે. આ સંદર્ભમાં કુદરતી આપત્તિઓ સામેનો પ્રતિભાવ અને તેના સામનાની તૈયારી એકંદર વિકાસની પ્રક્રિયાનો ભાગ બને તે અનિવાર્ય લાગે છે. તેથી કુદરતી આપત્તિઓનો તત્કાળ પ્રતિભાવ અપાય એ પૂરતું બનતું નથી. આપત્તિનો સામનો કરવાની લોકોની શક્તિ સાથે માનવ વિકાસ સંકળાયેલો છે એ સમજવું જોઈએ. આપત્તિ શિક્ષણ, આરોગ્ય, રોજગારી, અન્ન સલામતી વગેરેની બાબતમાં નબળા લોકોને વધુ નબળા બનાવે છે અને તેથી માનવ વિકાસ ઘટે છે. તેથી સમયસર અને અનેક ક્ષેત્રોમાં એકસાથે આપત્તિનો પ્રતિભાવ અપાવો જોઈએ. તેથી જ આપત્તિના સામનાનું તંત્ર સક્ષમ હોવું જોઈએ.

આપત્તિના સામનાની જે વ્યવસ્થા અત્યારે ગોઠવાયેલી છે તેમાં ઉપરથી નીચેનો અભિગમ અપનાવાયેલો છે. આ અભિગમને બદલીને લોક ભાગીદારી પર આધારિત સામુદાયિક અભિગમ અપનાવવાની જરૂર છે. આપત્તિનો સામનો કરવાની લોકોની ક્ષમતા તો જ વધી શકે છે જો સામનો કરવાની તૈયારીમાં લોકોને ખુદ સામેલ કરવામાં આવે. તો જ આપત્તિનો સામનો કરવા માટેના જે ઉપાયો અજમાવવામાં આવે છે તે લોકોની જરૂરિયાતો અનુસારના બને. અનુભવો એમ કહે છે કે આપત્તિના સામના માટે મોટે ભાગે સરકારો જે રાહત કામો ચલાવે છે તે રોજગારલક્ષી હોય છે. પણ ઘણી વાર પીવાનું પાણી એ રોજગારી કરતાંય વધુ જરૂરી બાબત હોય છે. દુકાળમાં પીવાનું પાણી લેવા દૂર દૂર જતી સગર્ભા સ્ત્રીઓ ઓછાં વજનવાળાં બાળકોને જન્મ આપે છે કારણ કે તેઓ પોતે જ અપોષણથી પિડાતી હોય છે. એટલે માત્ર રોજગાર સર્જન એ આપત્તિનો સામનો કરવાની રીત ન હોઈ શકે એ સ્વભાવિક છે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લેતાં એમ સ્પષ્ટપણે જણાય છે કે આપત્તિનો સામનો કરવા માટે લોકોને જ વધુ ને વધુ સામેલ કરવા જોઈએ કે જેથી તે વધુ અસરકારક રીતે થઈ શકે. એવો સામનો જરૂરિયાત-આધારિત હશે અને સાથે સાથે માનવ વિકાસના પડકારોને ઝીલનારો હશે.

# આપત્તિના સામનાની તૈયારીઃ પ્રશ્નો અને અભિગમો

રાજકોટ ખાતે એપ્રિલ-૨૦૦૩ દરમ્યાન 'કન્સર્ન વર્લ્ડવાઈડ' દ્વારા બે દિવસની એક કાર્યશાળા 'વિકાસલક્ષી કાર્યક્રમોમાં આપત્તિ સંચાલન' વિશે યોજાઈ હતી. તેના અહેવાલ આધારે **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે. તે આપત્તિ સંચાલનના ભાગરૂપે આપત્તિના સામનાની તૈયારી અને તેની વ્યૂહરચનામાં લોકભાગીદારીના પ્રશ્નોની વિશદ ચર્ચા કરે છે.

## પ્રસ્તાવના

૨૦૦૧ના પ્રજાસત્તાક દિને સમગ્ર ગુજરાતમાં ૬.૯ના રિચર સ્કેલ પર ભયાનક ધરતીકંપ થયો. જાનમાલની ભારે હાનિ થઈ. માળખાગત સવલતો અને ઢોરનો વિનાશ પણ મોટે પાયે થયો. ગુજરાતના ૨૫ જિલ્લામાંથી ૨૧ જિલ્લા અને તેમનાં ૧૮૧ તાલુકા તથા ૭૯૩૩ ગામોને ભૂકંપની વિપરીત અસર થઈ હતી. ભૂકંપ બાદ ગુજરાતમાં દેશ-વિદેશમાંથી રાહત અને પુનર્વસન માટે ઘણી મદદ આવી. લાંબા ગાળાની પુનર્વસનની જરૂરિયાતના સંદર્ભમાં હજુ પણ ઘણી સંસ્થાઓ મદદ કરી રહી છે અને તે માટે તત્પર છે. રાહત, પુનર્વસન અને પુનર્રચના માટે ઘણું કાર્ય થયું છે પણ ભાવિ આપત્તિઓના સામનાની તૈયારી માટે ખૂબ ઓછું કાર્ય થયું છે. લાંબા ગાળાના વિકાસના પ્રશ્નો અને આપત્તિમાં અપાતો પ્રતિભાવ એ બંને વચ્ચે મોટી ખાઈ પ્રવર્તતી હોય એમ લાગે છે. સરકારી અને બિન-સરકારી બંને સ્તરે થતા વિકાસ માટેના પ્રયાસોમાં એ દેખાઈ આવે છે કે આપત્તિનો સામનો કેવી રીતે કરવો તે વિશેના ખ્યાલનો સમાવેશ એ પ્રયાસોમાં કરાયો નથી. વિકાસ અને આપત્તિના સામના વચ્ચેના સંબંધને પણ ઘણી સંસ્થાઓ હજુ સમજી શકી નથી. લાંબા ગાળાના વિકાસનાં કાર્યોમાં પણ આપત્તિ સંચાલનનો સમાવેશ કરાયો નથી. ખાસ કરીને જે પ્રદેશોમાં વારંવાર આપત્તિઓ આવતી હોય ત્યાં તો એ અનિવાર્ય બનવું જોઈએ કે વિકાસના કાર્યક્રમોમાં આપત્તિના સામનાની તૈયારીને તેના એક આવશ્યક અંગ તરીકે સામેલ કરવામાં આવે. તેથી આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારી એક અગત્યની બાબત બની જાય છે અને તે વિકાસની પ્રક્રિયાનું એક અંગભૂત પાસું બને છે. આ પરિપ્રેક્ષ્યમાં આપત્તિનું સંચાલન, આપત્તિના સામનાની તૈયારી, વિકાસ અને આપત્તિ વચ્ચેનો સંબંધ તથા સમુદાય-આધારિત પુનર્વસનને સમજવાની જરૂર ઊભી થાય છે. સરકારી અને બિન-સરકારી સંસ્થાઓના વિકાસલક્ષી કાર્યક્રમોમાં આપત્તિના સામનાની તૈયારીનો સમાવેશ થાય તે તેથી જરૂરી બની જાય છે.

## આપત્તિ સંચાલન

આપત્તિ સંચાલનમાં ચાર બાબતોનો સમાવેશ થાય છેઃ (૧) રાહત. (૨) પુનર્વસન. (૩) નિવારણ અને આપત્તિના સામનાની તૈયારી. (૪) તાકીદતા. આપત્તિના સંચાલનમાં આ ચારેય બાબતોનો સમાવેશ વિવિધ તબક્કાઓમાં કરવો પડે તેમ હોય છે. સામાન્યતયા જ્યારે આપત્તિ આવે છે ત્યારે લોકોની જાગૃતિ ખૂબ વધી જાય છે પણ સમય વીતતાં તે ઘટે છે અને ફરી જ્યારે આપત્તિ આવે ત્યારે જ તે વધે છે. તેથી પડકાર એ છે કે જાગૃતિનું સ્તર નીચું ન જાય અને તે સતત લાંબા સમય સુધી ટકી રહે. ઘણી વાર એમ પણ બને છે કે દાતા સંસ્થાઓમાં પણ જાગૃતિનું સ્તર ઘટે છે. આપત્તિ આવે ત્યારે જાગૃતિ વધે અને પછી તેમનામાં પણ તે ઘટી જતું હોય છે. તેથી જાગૃતિનું સ્તર તેમનામાં પણ જળવાઈ રહે અને સાથે સાથે આપત્તિના સામનાની તૈયારીનું કામ ચાલુ રહે તે આવશ્યક બની જાય છે. જો કે, ઘણી વાર એમ પણ બને છે કે આપત્તિ સમયે દાતા સંસ્થાઓનો નાણાં પ્રવાહ વધી જાય છે અને વિકાસ માટેનાં નિયમિત કાર્યો માટે નાણાં ઓછાં ફાળવાય છે. પરંતુ આપત્તિ સંચાલન એ એક સતત ઉપસતી રહેતી પ્રક્રિયા છે. તેથી આપત્તિના સંચાલન માટે કોઈ નિર્ધારિત મોડેલ કે અભિગમ હોઈ શકે નહિ. કયા પ્રકારની આપત્તિ છે અને તેનું સંચાલન કોણ કેવી રીતે કરે છે તેના પર ઘણો બધો આધાર રહે છે.

## વિકાસ અને આપત્તિના સામના વચ્ચેનો સંબંધ

સામાન્ય રીતે આપત્તિને એક અલગ ઘટના તરીકે જોવામાં અને સમજવામાં આવે છે. પરંતુ તે વિકાસની પ્રક્રિયામાં વિક્ષેપ પાડે છે અને વિકાસની પ્રક્રિયાને વિપરીત અસર કરે છે. તેથી વિકાસના મહત્ત્વના પ્રશ્નો અને આપત્તિના સામનાની તૈયારી વચ્ચેના સહસંબંધમાં જીવનનિર્વાહની સલામતી, પાયાની સેવાઓનો અભાવ, સામાજિક સલામતીનાં પગલાંનો અમલ ન થવો, નબળ વર્ગો તેમના મૂળભૂત અધિકારો વિશે સંગઠિત પ્રયાસો ન કરે, સંસાધનોની પ્રાપ્તિ અને તેના પરના નિયંત્રણનો અભાવ, નબળું અને બિન-અસરકારક શાસન વગેરેનો સમાવેશ થાય છે. આ સમસ્યાઓના સંદર્ભમાં આપત્તિના સામનાની તૈયારી કરવી પડે. આપત્તિનો સામનો કરતી વખતે જે સમસ્યાઓ નડે છે તેમાં પાણી, ઘાસચારો અને અન્નનો પૂરતો પુરવઠો ન મળવો, રોજગારીની તકોનો અભાવ, સરકારના સામાજિક સલામતીના કાર્યક્રમોની બિન-અસરકારક કામગીરી, નબળાં જૂથો છેવાડે ધકેલાઈ જવાં, વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલનનો અભાવ,

વિવિધ સંસ્થાઓ અને સમુદાયો વચ્ચે આપત્તિના સામનાની તૈયારી વિશેની ઓછી સમજ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અલગ થઈ જવી વગેરેનો સમાવેશ થાય છે. ઉપરોક્ત બાબતોથી એ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે આપત્તિનો સામનો કરવાની તૈયારી અને વિકાસ વચ્ચે, ખાસ કરીને લાંબા ગાળાના વિકાસ વચ્ચે, સંબંધ છે. એમ પણ કહી શકાય કે બંનેના પ્રશ્નો અલગ અલગ નથી પણ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. માત્ર તેની અસરો અને પ્રતિભાવ જુદાં જુદાં હોય છે. એવું બને છે કે આપત્તિના સમયે વિકાસના પ્રશ્નોની તીવ્રતા અને જટિલતા વધે છે. તેથી આપત્તિના સામના માટે વધુ ક્ષમતા ઊભી કરવાની જરૂર રહે છે.

આમ, આપત્તિ અને વિકાસ બંને એકબીજાને અસર કરે છે. આપત્તિથી સામાન્ય જીવનમાં વિક્ષેપ ઊભો થાય છે. તે જાનમાલની હાનિ નોતરે છે અને સાથે સાથે સમતાપૂર્ણ વિકાસ માટેના નવા પડકારો ઊભા કરે છે. આપત્તિઓથી અર્થતંત્રને વિપરીત અસર થાય છે અને વિકાસ માટેના નવા પ્રશ્નો પણ ઊભા થાય છે. અને તેથી વધુ આપત્તિ સંભવ વિસ્તારો તરફ વધુ ધ્યાન આપવાની આવશ્યકતા ઊભી થાય છે. ક્યારેક વિકાસ પણ વિવિધ સમુદાયોની નબળાઈ ઊભી કરે એમ પણ બને છે. સ્થળાંતર અને તેને લીધે ઊભા થતા પ્રશ્નો આવી નબળાઈ સર્જે છે.

## સ્થાનિક લોકોની ભાગીદારી

ઘણી વાર બહારના લોકો જેને નબળાઈ (વલ્નરેબિલિટી) સમજે છે અને લોકો જેને 'જોખમ' સમજે છે એ બે વચ્ચે મેળ નથી બેસતો. ગરીબ લોકો સૌથી વધુ નબળા હોય છે. તેમને રોજેરોજ રોજગારી, આવક, અન્નની અછત, રોગો વગેરેનો સામનો કરવો પડતો હોય છે. તેમને માટે આપત્તિનું જોખમ કદાચ એટલી અગત્યની બાબત હોતી નથી. નબળાઈ અને જોખમના અંદાજ બાંધવામાં ગરીબો ભાગ્યે જ ભાગીદાર થતા હોય છે. સરકારો અને દાતા સંસ્થાઓ મારફતે આપત્તિનું જોખમ ઘટે તે માટે ખૂબ નાણાં ખર્ચાય છે પણ ઘણી વાર તો તેનો બગાડ જ થાય છે કારણ કે ગરીબ લોકોનાં જિંદગીનાં જોખમો વિશેના ખ્યાલો તદ્દન જુદા જુદા હોય છે. તેમને માટે પીવાનું પાણી કે સારી આરોગ્ય સંભાળના પ્રશ્નો વધારે રોજિંદાં જોખમો ઊભાં કરતાં હોય છે.

ગરીબોની જીવનની સ્થિતિ તેમને આપત્તિનો યોગ્ય પ્રતિભાવ આપતાં રોકે છે. આ અર્થમાં જોઈએ તો વિકાસ માટેના પ્રયાસોની સાથે જો આપત્તિના જોખમના ઘટાડાને સાંકળવામાં આવે તો તેનાથી તેમને લાભ થાય. આ અર્થમાં ગરીબોની નબળાઈ ઘટાડવી એ વિકાસનો પ્રશ્ન છે અને એમાં લોકોની ભાગીદારી અનિવાર્ય છે.

### આપત્તિ સંચાલનનાં અંગભૂત તત્ત્વો

આપત્તિ સંચાલનમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે:

(૧) સમુદાયની ભાગીદારી સાથે જોખમનો અંદાજ માંડવો.
(૨) વિશેષજ્ઞોના જ્ઞાનને સમુદાય સુધી લઈ આવવું.
(૩) લાંબા ગાળા માટે આપત્તિના સામનાની તૈયારી કરવી અને તે સતત ચાલુ રાખવી.
(૪) તાકીદતા ઊભી થાય તે પહેલાં સંકલન ઊભું કરવું.
(૫) સરકાર પાસે ઘણાં સંસાધનો હોય છે તેથી તેમના પર પ્રભાવ પાડવા વિવિધ સ્તરે હિમાયત કરવી.
(૬) સંગઠનની ક્ષમતા વિકસાવવા માટે આપત્તિના સામનાની તૈયારી અંગે એક આંતરિક દસ્તાવેજ તૈયાર કરવો. સમયાંતરે સંગઠનના પ્રયાસોની સમીક્ષા કરવી.
(૭) આપત્તિના સંચાલન અંગેના અભિગમમાં ફેરફારક્ષમતા રાખવી.

પોતાના વિસ્તાર, તેમાં આવતી આપત્તિઓ વિશેનું જ્ઞાન અને સમય પસાર થતાં આપત્તિ સામેની લાચારી કે નબળાઈ કેવી રીતે બદલાયાં છે તેને વિશેનું જ્ઞાન સ્થાનિક લોકો ધરાવતા હોય છે. પરિણામે તેમના જીવનને અસર કરનારી બાબતો વિશે લેવાતા નિર્ણયોમાં ભાગીદાર થવાનો તેમને અધિકાર છે. લોકભાગીદારી પાયાની બાબત છે કારણ કે સુરક્ષા, જીવનનિર્વાહની સ્થિરતા, કલ્યાણ અને આપત્તિ સંચાલન એ તેમની ચિંતાના વિષયો પણ છે, માત્ર નિષ્ણાતો કે વિજ્ઞાનીઓના વિષયો નથી. અહીં લોકભાગીદારી માત્ર ચર્ચા-વિચારણાના મુદ્દા માટે જ જરૂરી છે એવું નથી. પણ નુકસાનનો અંદાજ મેળવવો, કયા પ્રકારની દરમ્યાનગીરી કરવી અને આયોજનનો અમલ એ તમામ બાબતોમાં લોકોની સહભાગિતા અનિવાર્ય બને છે.

## આપત્તિના સામનાની તૈયારી

આપત્તિના સામનાની તૈયારીના સંદર્ભમાં બે બાબતો સમજવાની આવશ્યકતા છેઃ (૧) આપત્તિ શું છે? (૨) તેના સામનાની તૈયારી એટલે શું? આપત્તિની વ્યાખ્યા બાંધવામાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થઈ શકે: (૧) આપત્તિ એક એવી ઘટના છે કે જેમાં જોખમ છે. (૨) આપત્તિ જાનમાલ અને જીવનનિર્વાહની હાનિ સાથે સંબંધિત હોય છે. (૩) આપત્તિ એક એવા પ્રકારની પરિસ્થિતિ છે કે જેમાં સમુદાય જાતે તેનો સામનો કરી શકતો નથી અને તેને બહારની મદદની જરૂર રહે છે. (૪) આપત્તિની વિપરીત અસરો લાંબા ગાળા સુધી ચાલે છે અને તે નબળાઈ વધારે છે. (૫) આપત્તિ આકસ્મિક હોઈ શકે, તેની આગાહી થઈ શકે અને ન પણ થઈ શકે અને તે ધીમે ધીમે આવી શકે.

## આપત્તિ સંચાલન સાથે સંકળાયેલી હિમાયત

આપત્તિ સંચાલન સાથે સંકળાયેલા હિમાયત (એડ્વોકસી)ના મુદ્દાઓ નીચે મુજબ છે:

(૧) ગુજરાત રાજ્યના આપત્તિ નિવારણ ધારાનો જે મુસદ્દો તૈયાર થયો છે તેના વિશે.
(૨) આપત્તિના સામનાની વધુ સારી તૈયારી માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકાર વચ્ચે અસરકારક સંકલન વિશે.
(૩) આપત્તિના સંચાલન અને આપત્તિના સામનાની તૈયારી વિશે સરકારી અને બિન-સરકારી સંગઠનો વચ્ચે સમાન સમજ ઊભી કરવા અંગે.
(૪) આપત્તિ નિવારણ માટે સ્થાનિક ભંડોળ ઊભું કરવા.
(૫) વિવિધ સરકારી ખાતાંઓ વચ્ચે સંકલન ઊભું કરવા.
(૬) આપત્તિ વધારે તીવ્ર બને તેવી સ્થાનિક અને વૈશ્વિક પ્રક્રિયાઓ પર પ્રભાવ પાડવો.
(૭) પંચાયતો અને પાલિકાઓ આપત્તિ સંચાલનમાં અસરકારક રીતે ભાગીદાર બને અને તે સંદર્ભમાં તેમની જવાબદારી ઊભી થાય તે માટે.
(૮) ઔપચારિક શિક્ષણ વ્યવસ્થામાં આપત્તિ સંચાલનનો સમાવેશ.
(૯) કોઈ પણ આપત્તિમાં નુકસાનની આકારણી માટે સહભાગી પદ્ધતિ.

આપત્તિના સામનાની તૈયારીનો અર્થ એ છે કે તેનો સામનો કરવાની લોકોની ક્ષમતામાં વધારો કરવો. આવી ક્ષમતા વધારવા માટે લાંબા ગાળાના વિકાસલક્ષી કાર્યક્રમોમાં આપત્તિના સંચાલનનો સમાવેશ કરવો જોઈએ. આ સંદર્ભમાં જોખમની આકારણી અને તેના સામનાની વ્યવસ્થા વિચારવી પડે છે. તેમાં અગત્યના મુદ્દાઓ આ મુજબ છે:

(૧) કેવા પ્રકારનાં જોખમો કેટલી વાર આવી શકે છે તેની આગાહી કરીને લોકો સાથે જ જોખમોની આકારણી કરવી. સ્થાનિક ઐતિહાસિક માહિતી અને અસરગ્રસ્તોના અનુભવો તેમાં અગત્યનાં સ્રોત બને છે. એ પ્રક્રિયામાં સમુદાયની ભાગીદારી જેટલી વધારે તેટલા પ્રમાણમાં તેનાં ચોકસાઈ અને અસરકારકતા વધારે.
(૨) આપત્તિનું નિવારણ કરવા માટેની અને તેના સામનાની તૈયારી કરવાની દિશા જોખમની આકારણીથી નક્કી થાય છે.
(૩) કેટલી વાર આપત્તિ આવે છે, તેની શક્યતાઓ કેટલી છે અને તેની અસર કેવી હોય છે તેને આધારે આપત્તિઓનું વર્ગીકરણ થાય છે. કોઈક વિસ્તારમાં કોઈક આપત્તિ આવવાની શક્યતાઓ ઓછી હોય પણ જોખમ વધારે હોય એમ બને. જ્યારે કોઈક વિસ્તારમાં કોઈક આપત્તિ આવવાની શક્યતાઓ વધારે હોય પણ જોખમો ઓછાં હોય એમ બને. જ્ઞાતિ, વ્યવસાય અને નબળાઈનું પ્રમાણ વગેરેને આધારે જુદા જુદા લોકો પર આપત્તિની અસર જુદી જુદી થાય છે.
(૪) સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ)ને આધારે આપત્તિના જુદા જુદા પ્રકાર ઓળખી કાઢવા. આ સંદર્ભમાં નીચે મુજબના પ્રકારો પાડી શકાયઃ
  (અ) ઊંચું જોખમ ધરાવતી આપત્તિઓઃ પાંચ વર્ષમાં બે વાર આવે, સમગ્ર ગામને અસર થાય, સ્થળાંતર થાય; દુકાળ અને પાણીની અછત આ પ્રકારની આપત્તિઓ છે.
  (આ) મધ્યમ જોખમ ધરાવતી આપત્તિઓઃ પાંચ વર્ષે એકાદ વાર આવે. સમગ્ર ગામને અસર થાય. વાવાઝોડું, પાણીની ખારાશ, પાકના રોગો વગેરે આવા પ્રકારની આપત્તિઓ છે.
  (ઈ) ઓછું જોખમ ધરાવતી આપત્તિઓઃ દસેક વર્ષમાં એકાદ વાર આવે. ગામના અમુક વિસ્તારને કે અમુક લોકોને અસર થાય. ભૂકંપ, પ્રાણીઓના રોગ, યુદ્ધ, સાપનું કરડવું, જમીનની ખારાશ વગેરે આવા પ્રકારની આપત્તિઓ છે.

અહીં આપત્તિના સામનાની તૈયારી બે સ્તરે થાયઃ (૧) સમુદાય સ્તરે. તેમાં ત્રણ બાબતોનો સમાવેશ થાયઃ જાગૃતિ, નિવારણ અને તૈયારી. (૨) સંગઠનના સ્તરે. તેમાં જાગૃતિ અને તૈયારી એ બે અગત્યનાં ઘટકો છે. આપત્તિના સામના માટે સંગઠનના સ્તરે બે પ્રકારનાં જૂથો અગત્યનાં છેઃ (૧) તાકીદતાની પરિસ્થિતિમાં તત્કાળ પ્રતિભાવ આપનારું જૂથ. (૨) લાંબા ગાળાના વિકાસના સંદર્ભમાં પ્રતિભાવ આપનારું જૂથ. આ બંને પ્રતિભાવો વિકાસ સાથે આપત્તિને સાંકળવા માટે અગત્યના છે અને તેથી બંને જૂથો વચ્ચે સંકલન થાય તે અગત્યનું છે. આ સંદર્ભમાં આ મુદ્દાઓ અગત્યના છેઃ (૧) આપત્તિના સામનાની તૈયારી માટે દાતા સંસ્થાઓ વચ્ચે વધુ સારા સંકલનની જરૂર છે. (૨) તેમાં વૈશ્વિક પ્રક્રિયાઓને પણ ધ્યાનમાં રાખીને નહિ જ લાંબા ગાળાની સમતાપૂર્ણ વિકાસની પ્રક્રિયાને પણ ધ્યાનમાં રાખીને આયોજન થવું જોઈએ.

### આપત્તિના સામનાની તૈયારીની યોજના

આપત્તિના સામનાની તૈયારી માટેની સર્વગ્રાહી યોજનાના મહત્ત્વનાં ઘટકોની યાદી અહીં આપી છે. આપત્તિનો પ્રતિરોધ અને નુકસાનમાં ઘટાડો, તત્કાળ કરવાની પ્રવૃત્તિઓ, બચાવ કે પુનર્પ્રાપ્તિની કામગીરી અને હાનિ પામેલી સામગ્રીનું પુનર્વસન વગેરેનો સમાવેશ તેમાં થાય છે. એવી યોજના ઉપયોગી થઈ શકે કે જેમાં આ બધાં તત્ત્વો હોય. જો કે, આપત્તિના સામનાની તૈયારી માટે તબક્કાવાર પ્રવૃત્તિનો અભિગમ પણ અપનાવી શકાય. જે વધારે ચિંતાજનક બાબતો હોય

| વિકાસલક્ષી કાર્ય અને આપત્તિ સમયના પ્રતિભાવ વચ્ચેનો સંબંધ | | |
|---|---|---|
| **સામાન્ય વિકાસલક્ષી કાર્ય** | **વધુ પ્રતિભાવ માટેની જરૂરિયાત** | **આપત્તિનો પ્રતિભાવ** |
| જીવનનિર્વાહની સલામતી | | અન્ન, પાણી, ઘાસચારો વગેરે દુકાળ દરમ્યાન ન મળવાં/ રોજગારીની તકોનો અભાવ. |
| પાયાની સવલતોની પ્રાપ્તિનો અભાવ: આરોગ્ય, પાણી, સફાઈ, શિક્ષણ | | પાયાની સવલતોની અપ્રાપ્તિ: આરોગ્ય, પાણી, સફાઈ, શિક્ષણ |
| સામાજિક સલામતીના કાર્યક્રમોનો અમલ ન થવો | તીવ્રતા વધે છે | સામાજિક સલામતીના કાર્યક્રમોની બિન-અસરકારકતા |
| નબળાં જૂથોના પાયાના અધિકારો માટેના સંગઠિત પ્રયાસોનો અભાવ | | નબળાં જૂથો અને તેમનાં સંગઠનો છેવાડે ફેંકાઈ જાય. |
| નબળું અને બિન-અસરકારક શાસન | | સ્થાનિક શાસન સંસ્થાઓ અલગ પડી જાય. |
| વિકાસલક્ષી કાર્યમાં સામેલ વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલનનો અભાવ | જટિલતા વધે છે | આપત્તિનો પ્રતિભાવ આપવામાં સામેલ વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલનનો અભાવ |
| વિકાસલક્ષી પ્રશ્નો વિશે સમાન સમજનો અભાવ | | આપત્તિ સંચાલન વિશે સમાન સમજનો અભાવ |
| નબળાં કુટુંબોને સંસાધનો ઓછાં મળે છે અને તેમના પર તેઓ ઓછો અંકુશ ધરાવે છે | વધુ ક્ષમતાની જરૂરિયાત | નબળાં કુટુંબો ઓછાં સંસાધનો ધરાવે છે અને તેમના પર તેઓ ઓછો અંકુશ ધરાવે છે. |

તેના પર વધુ ધ્યાન અપાય અને પછીના તબક્કામાં અન્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય.

### યોજનાનું માળખું

(૧) આપત્તિ બાદ તત્કાળ લેવાનાં પગલાં અને જેમનો સંપર્ક કરવાનો હોય તેવી વ્યક્તિઓની યાદી એક પાનામાં તૈયાર કરવી.

(૨) યોજનાનો હેતુ, તે તૈયાર કરનાર, સંગઠન અને છેલ્લામાં છેલ્લી વિગતો.

(૩) સંચારની યોજના. જેમનો સંપર્ક કરવાનો હોય તેમનાં નામ સરનામાં, ઓફિસ અને ઘરના ફોન નંબર, તેમનો સંપર્ક કરવાની વ્યૂહરચના અને ઉપયોગમાં લેવાનાં વાહનો.

## આપત્તિના સામનાની વ્યૂહરચના

આપત્તિના સામનાની તૈયારી કરવા માટે અમુક નિશ્ચિત વ્યૂહરચના ઘડવી પડે છે. આ વ્યૂહરચનામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

(૧) જરૂરી વસ્તુઓ સલામત રહે અને મળે તે માટેની વ્યવસ્થા ઊભી કરવી.

(૨) તે માટે ટેકો મેળવવા માહિતી ઊભી કરવી અને સંબંધો ઊભા કરવા.

(૩) ઘરેણાં અને પ્રાણીઓ સ્વરૂપે અસ્કામતો ઊભી કરવી.

(૪) આપત્તિ સમયે સહાય આપી શકે તેવી વ્યક્તિઓ અને તેવી સંસ્થાઓ નક્કી કરવાં.

(૫) આપત્તિની પરિસ્થિતિ અનુસાર જીવનશૈલી બદલવા માટે પ્રેરણા આપવી.

(૬) આપત્તિનો સામનો કરવા માટેની વ્યૂહરચના વિશે જાગૃતિ ઊભી કરવી.

(૭) લોકોએ આપત્તિનો સામનો કરવા શી વ્યવસ્થા ઊભી કરી છે તે ધ્યાનપૂર્વક તપાસવી. એવું જરૂરી નથી કે તમામ પરંપરાગત રીતો સારી જ હોય.

(૮) પરંપરાગત રીતો સમાનતા પર આધારિત છે કે શોષણ પર આધારિત છે તે જોવું. તે ટકાઉ છે કે નહિ તે પણ ચકાસવું.

(૯) ફરજ બજાવનારા તમામ લોકોને જવાબદાર બનાવવા.

(૧૦) સામાન્ય સમયમાં અને આપત્તિના સમયમાં સરકારના સામાજિક સલામતીના કાર્યક્રમોનો લાભ નબળા લોકોને મળે તે માટે તેમના પર પ્રભાવ ઊભો કરવો.

(૧૧) આપત્તિના સામનાની તૈયારીની યોજનાઓ તો જ ટકાઉ બને જો તે વિકાસની કાર્યસૂચિનો ભાગ બને. આપત્તિ સમયે અપાતા તમામ પ્રતિભાવો વિકાસના પ્રશ્નો સાથે સંકળાયેલા છે એ બાબતે એક પ્રકારની સામાન્ય સમજ તમામ લોકોમાં ઊભી કરવાની આવશ્યકતા છે.

(૧૨) આપત્તિના સામનાની તૈયારી માટે નવતર અને શ્રેષ્ઠ રીતો અપનાવવાની જરૂર છે.

(૪) સંસ્થાની અંદર સંગ્રહની પ્રાથમિકતા. સ્થળ, નામ અને ફોન નંબર સાથે વસ્તુઓનો સંગ્રહ કરનારાની યાદી.

(૫) પ્રતિરોધ કે સંરક્ષણની વ્યૂહરચના. રાબેતા મુજબનાં પરીક્ષણ અને તપાસ માટે જવાબદાર વ્યક્તિઓ, કામગીરી અને તેમના સમયપત્રક સાથેની યાદી.

(૬) આપત્તિ પૂર્વેનાં કાર્યો. પૂર કે વાવાઝોડાની ચેતવણી અપાય ત્યારે કરવાની કામગીરીની રૂપરેખા. એ કામગીરી કોણ કરશે તે નક્કી કરવું.

(૭) આપત્તિ સમયે માલસામાન બચાવવા જરૂરી પગલાં કયાં લેવાં.

## આપત્તિનો સામનો:
## સ્વૈચ્છિક સંસ્થાઓ સમક્ષના પ્રશ્નો

(૧) સ્વૈચ્છિક સંસ્થાઓની સંસ્થાગત ક્ષમતા વધારવી.

(૨) સ્વૈચ્છિક સંસ્થાઓના અભિગમમાં ફેરફાર.

(૩) આપત્તિના સામનાની તૈયારી એક લાંબા ગાળાની પ્રક્રિયા છે અને તેથી તેને માટે લાંબા ગાળાની દરમ્યાનગીરીની જરૂર રહે છે.

(૪) નાણાકીય અવરોધો અને દબાણો.

(૫) વ્યાપક પ્રક્રિયાઓથી ઊભી થતી પ્રતિકૂળતાઓ.

(૬) સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી સંગઠનો વચ્ચે સંકલનની મુશ્કેલીઓ.

### અગત્યની બાબતો

(૧) બચાવ કામગીરી ટુકડીના સભ્યોનાં ઘર અને ઓફિસનાં સરનામાં અને ફોન નંબરોની યાદી. તેમની જવાબદારી અને તેમની સત્તા અને તેઓ કોને જવાબદાર રહેશે તે નક્કી કરવું.

(૨) વસ્તુઓનો સંગ્રહ કરનારાની વિસ્તારવાર યાદી બનાવવી.

(૩) પ્રતિરોધ કે સંરક્ષણ માટે તપાસ.

(૪) બચાવ કામગીરી તબક્કાવાર કેવી રીતે કરવી તેની વિગતો. આગ, પૂર, ગળતર વગેરેના કિસ્સામાં આ કામ કેવી રીતે કરવું તેની માહિતી ભેગી કરવી.

(૫) લાંબા ગાળાના પુનર્વસન માટેની સૂચનાઓ. નિશાનીઓ કરવી, લેબલ મારવાં, સમારકામ કરવું વગેરે.

(૬) બાંધકામની વિગતવાર યોજનાઓ. પ્રવેશ, સંગ્રહનું સ્થાન, બારીઓ, અગ્નિશામકો, સ્વિચો વગેરેનું સ્થાન મોટાં મકાનોમાં જરૂરી હોય ત્યાં વિચારવું. નાનાં ઘરોમાં આ જરૂરિયાતો બદલાઈ જશે.

(૭) સંસાધનોની યાદી. સ્થાનિક રીતે પ્રાપ્ય સંસાધનો, ખરીદી કરવાની તો ક્યાંથી કરવાની, કઈ વસ્તુઓની ખરીદી કરવાની, તે કોણ કરશે, તેની ચુકવણીની શરતો નક્કી કરવી.

(૮) વીમાની વ્યવસ્થા. કઈ કઈ બાબતોને આવરી લેવાઈ છે, દાવો નોંધાવવાની વ્યવસ્થા કઈ છે, દસ્તાવેજો જાળવવાની વ્યવસ્થા શી છે.

(૯) જેમની આકસ્મિક સંજોગોમાં જરૂર પડે તેવી ઓફિસોનાં નામ-સરનામાંની યાદી તૈયાર હોવી જોઈએ.

**જુઓ પૃષ્ઠ ૧૯**

# આતંકવાદ અને અમેરિકાનું ઈરાક સામેનું યુદ્ધ: પાયાના પ્રશ્નો

અફઘાનિસ્તાન અને ઈરાક પરના અમેરિકાના યુદ્ધે આતંકવાદ, આધુનિક યુદ્ધ અને આધુનિકતાના ખ્યાલના પશ્ચિમના ઉપયોગ સામે ઈસ્લામી ધર્મઝનૂનની ભૂમિકા અને ઉત્તર-દક્ષિણ ગોળાર્ધની ચર્ચાઓમાં સામ્રાજ્યવાદી લશ્કરી અને આર્થિક આક્રમણની પ્રસ્તુતતા વિશે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ખાસ કરીને ઈરાક સામેના અમેરિકાના યુદ્ધ અંગે દુનિયાભરમાં ભારે ઊહાપોહ થયો હતો. અમેરિકામાં પણ મોટા દેખાવો યુદ્ધ થાય તે પહેલાં અને તે દરમ્યાન યોજાયા હતા. અમેરિકાના વહીવટી તંત્રમાં પણ ખળભળાટ મચી ગયો હતો અને કેટલાક અધિકારીઓએ રાજીનામાં આપ્યાં હતાં. વૈશ્વિક સ્તરે ભારે લાચારીનો અનુભવ તે દરમ્યાન લોકોએ કર્યો હતો. સ્વૈચ્છિક સંસ્થાઓનું કર્તવ્ય શું હોઈ શકે તેને વિશે પણ ચર્ચા ઊભી થઈ હતી. આ અંગેનાં ત્રણ મંતવ્યો અહીં આપ્યાં છે.

### ઇન્સ્ટિટ્યુટ ફોર ઈન્ટરનેશનલ કોઓપરેશન ઓફ ધ જર્મન એડલ્ટ એજ્યુકેશન એસોસીએશન

ઈરાકના લોકો આ પૃથ્વી પરના સૌથી વધુ શક્તિશાળી યુદ્ધ તંત્રનો ભોગ બન્યા છે. તેઓ એક સર્વસત્તાધીશ સરમુખત્યાર સામેના યુદ્ધનો ભોગ બન્યા છે, એવા યુદ્ધનો તેઓ ભોગ બન્યા છે કે જે દુનિયાભરની પ્રજાની ઈચ્છા વિરુદ્ધ થઈ રહ્યું છે. તેઓ એવા યુદ્ધનો ભોગ બન્યા છે કે જેના લક્ષ્યાંકો સંદિગ્ધ, વિરોધાભાસી અને સતત બદલાતા રહ્યા છે અને તે અવિશ્વસનીય દસ્તાવેજો, બનાવટી પુરાવા અને ઊભા કરાયેલા તરકટી વિશ્વ મતને આધારે નક્કી કરાયા હતા. આ યુદ્ધ લોકોને મુક્ત કરવાનો દાવો કરે છે, જ્યારે એ જ લોકોના દેશ પર રોકેટમારો અને બોંબમારો કરવામાં આવે છે કે જેનું પરિણામ અનિવાર્યતયા મોત જ હોય. છેલ્લા કેટલાય મહિનાઓથી આ યુદ્ધ ઈરાકની પ્રજામાં ભય ઊભો કરતું રહ્યું છે. આ યુદ્ધમાં જગતની સૌથી વધુ આધુનિક ટેક્નોલોજી એવા લોકો સામે વપરાઈ રહી છે કે જેમની પાસે યુદ્ધ પછી પીવાનું પાણી ભરવા માટે ડોલ પણ નહિ હોય. આ એક એવું યુદ્ધ હશે કે જે, તે જે આતંકવાદ સામે જંગે ચડવાનો દાવો કરે છે એ આતંકવાદને જ પ્રોત્સાહન આપશે. તે આંતરરાષ્ટ્રીય કાનૂનનો ભંગ કરે છે અને આ યુદ્ધની તૈયારીએ યુરોપના દેશોને વિભાજિત કર્યા છે અને 'નાટો'ની પ્રસ્તુતતાને જોખમમાં મૂકી દીધી છે.

અમેરિકાનાં દબાણ અને માગણીઓને પરિણામે એક પછી એક દેશ મુસીબતમાં ફસાઈ રહ્યો છે. પાકિસ્તાનના નેતા લોકશાહી રીતે ચૂંટાયેલા નથી, પણ તેમને પણ અમેરિકા સાથે અફઘાનિસ્તાન અને તાલિબાન સામે હાથ મિલાવવા બદલ પોતાની મુસ્લિમ વસ્તીને સમજાવતાં નાકે દમ આવી ગયો હતો. ૩૦ અબજ ડોલરની લોન અને અનુદાન તુર્કીની સંસદને અમેરિકાના ૬૦,૦૦૦ સૈનિકોને પોતાની ધરતી પર આવવા દેવા પરવાનગી આપતા કરી શક્યા નહિ. અને હવે પોતાની ૯૦ ટકા વસ્તીની ઈચ્છાની વિરુદ્ધ જઈને તુર્કીની સરકારે અમેરિકાના હવાઈ દળને પોતાની હવાઈ સીમાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી. બીજા ઘણા દેશોના લોકો પોતાની સરકારોને અમેરિકાની આગળ ઘૂંટણે પડતી જોતા રહ્યા. પોલેન્ડના લોકોએ તેમની સરકાર બુશના વહીવટી તંત્ર સામે નમી પડે તેની સામે નારાજી વ્યક્ત કરી. તે અમેરિકાને લશ્કરી થાણાનો ઉપયોગ કરવા દે અને પ્રતીકાત્મક રીતે સૈનિકો મોકલે તેની સામે એ વિરોધ હતો. સ્પેનમાં ૯૦ ટકા લોકો ઈરાક સામેના યુદ્ધનો વિરોધ કરતા હતા અને સ્પેનના લોકોને એ વાતે આશ્ચર્ય થયું હતું કે સ્પેનના એટલાંટિક મહાસાગરના કિનારે તેલના કદડાથી ફેલાયેલા પ્રદૂષણને દૂર કરવાનું બાજુ પર મૂકીને તેમના વડા પ્રધાને યુરોપના છ નેતાઓના અમેરિકન નીતિને ટેકો આપતા પત્ર પર સહીઓ કરી હતી. વધુમાં, તેમણે બુશ અને બ્લેરને એઝોરસ ખાતે શિખર પરિષદ માટે નિમંત્ર્યા હતા કે જ્યાં યુદ્ધ કરવાનો નિર્ણય લેવાયો હતો અને તે પણ સલામતી સમિતિની મંજૂરી વિના.

આપણે આંતરરાષ્ટ્રીય કાનૂનો અને પ્રણાલીઓનો વ્યવસ્થિત ભંગ થતો જોઈ રહ્યા છીએ, ટીકાત્મક અભિપ્રાયોને દબાવવા માટે અપમાનજનક રાજકીય યુક્તિઓનો ઉપયોગ થઈ રહ્યો છે, વિનાશ માટે લશ્કરી રોકાણમાં કરોડો ડોલરનો બગાડ થઈ રહ્યો છે, અને વિકાસ તથા રોગ નિયંત્રણ અને શિક્ષણ માટે ખૂબ જ ઓછાં નાણાંની સહાય થઈ રહી છે. એ જ વંશીય, ધાર્મિક અને રાષ્ટ્રીય પૂર્વગ્રહો ફરીથી માથું ઊંચકી રહ્યા છે કે જેમને નાથવાની આપણે શરૂઆત કરી હતી. આર્થિક વિકાસ વિશેના ડરથી શેર બજારોમાં મંદી આવી છે અને કરોડો લોકો તેમની બચતનું બાષ્પીભવન થતું જોઈ રહ્યા છે. તેથી આ તબક્કે ઘણા પ્રશ્નો ઊભા થાય છે: શા માટે આપણે લોકશાહીના સિદ્ધાંતો શિખવવા જોઈએ કે જ્યારે આપણા નેતાઓ જેમનું પ્રતિનિધિત્વ કરે છે એવા લોકોની જ ઈચ્છાની વિરુદ્ધ નિર્ણયો લેતા હોય? શા માટે આપણે સમાજના સદ્ધર લોકો નબળા વર્ગો માટે આદર કેળવે એવું શિખવવું જોઈએ કે જ્યારે સત્તામાં બેઠેલા શક્તિશાળી લોકો નબળા લોકોના

અધિકારો ઝૂંટવી લેતા હોય? શા માટે આપણે છેવાડે પડેલા લોકોના સીમાન્તીકરણ સામે લડવું જોઈએ કે જ્યારે તેમનો અવાજ અને તેમનાં હિતો પાછળ ધકેલાઈ જતાં હોય? શા માટે આપણે વિચારોની સ્વતંત્રતા, તાર્કિકતા અને આત્મનિર્ધારને પ્રોત્સાહન આપવું જોઈએ કે જ્યારે લોકોને માહિતી અપાતી જ ન હોય કે પછી ખોટી માહિતી અપાતી હોય અને સ્વતંત્ર નિર્ણયો લેવાની શક્તિથી લોકોને વંચિત કરાતા હોય? લોકતાંત્રિક સમાજ ઊભો કરવાનું અને નાગરિકોની ભાગીદારી ઊભી કરવાનું શા માટે આપણે એટલું બધું અગત્યનું સમજીએ છીએ કે જ્યારે રાજકીય નિર્ણયો બજાર દ્વારા નિયંત્રિત થતા આપણે ખુલ્લંખુલ્લા જોતા હોઈએ? આપણે શા માટે લોકોને તેઓ જાતે આત્મનિર્ભર થઈ શકે તેમ છે તેમ શિખવીએ છીએ કે જ્યારે તેમનાં બાળકોને જ ખોટાં કારણોસર મારી નાખવામાં આવતાં હોય અને ગરીબી અને મૃત્યુ વચ્ચે લોકો જીવતા હોય? પડોશીઓ, દેશો, લોકો અને ધર્મો વચ્ચેની સહિષ્ણુતા સહ-અસ્તિત્વ માટે જરૂરી છે એમ શા માટે આપણે માનીએ છીએ કે જ્યારે બહુ થોડા લોકોનાં કૃત્યો અને નિર્ણયો લોકો વચ્ચે ઘૃણા અને તિરસ્કાર જન્માવતાં હોય? આ બધા પ્રશ્નો હાલની કટોકટીમાં આપણે સત્તાહીન છીએ તેની હતાશાની લાગણીમાંથી જન્મે છે. સત્ય એ છે કે આપણું કામ તો ચાલુ જ રહેશે. તેનું મહત્ત્વ વધતું જશે અને નવાં કાર્યો ઉમેરાતાં જશે.

આ યુદ્ધ પૂરું થશે ત્યારે ઈરાકનું પુનર્નિર્માણ કરવાનું થશે. ઈરાકના લોકોએ અસ્તિત્વના નવા માર્ગો ઊભા કરતાં શીખવું પડશે, શિયા, સુન્ની અને કુર્દ લોકોએ સહિષ્ણુતા સાથે રહેતાં શીખવું પડશે. આ માટે નાણાં અને ટેકો જોઈએ. પરંતુ આગામી દિવસોમાં માત્ર ઈરાકમાં જ વૈશ્વિક વ્યવસ્થા નહિ બદલાય. લોકો અને રાષ્ટ્રો વચ્ચે શાંતિમય સહ-અસ્તિત્વના પાયા અમેરિકાએ 'સંયુક્ત રાષ્ટ્રો' પ્રત્યે જે અનાદર દર્શાવ્યો છે તેનાથી હચમચી ગયા છે. અમેરિકાના નેતાઓએ અને તેમના સાથીઓએ જે જડતાપૂર્ણ બેફામ નિર્ણયો લીધા છે તેનાથી આમ બન્યું છે. એમનાં કૃત્યોનાં જે જોખમી સૂચિતાર્થો છે તેના પ્રત્યે સૌનું ધ્યાન દોરવું પડશે. જ્યાં પણ સરકારો લોકોની ઈચ્છા વિરુદ્ધ વર્તે છે ત્યાં લોકશાહી વ્યવસ્થામાં લોકોનો વિશ્વાસ પુનઃ બેસે તેવું કંઈક કરવું પડશે. દરેકેદરેક અવાજ મહત્ત્વનો છે અને તે સંભાળવો જ જોઈએ.

આપણે જે કંઈ કહીએ છીએ તેના વિશે વધુ સ્પષ્ટ બનતાં શીખવું જોઈએ અને આપણને જે કંઈ કહેવાઈ રહ્યું છે તે ધ્યાનપૂર્વક સાંભળતાં શીખવું જોઈએ. પ્રશ્નો કેવી રીતે પૂછવા અને જવાબો કેવી રીતે તપાસવા તે પણ આપણે શીખવું પડશે. આપણી સરકારો પર વધુ સારું નિયંત્રણ રાખતાં આપણે શીખવું પડશે. તેઓ જો લોકોના હિતમાં જ કામ કરતી હોવાનો દાવો કરતી હોય તો આપણે તેમનાં કૃત્યોનાં પરિણામોથી એ હિતો સંતોષાય તે જોવું જોઈએ. તેમના દાવાઓથી આપણે દોરવાઈ જવું જોઈએ નહિ. આક્ષેપો અને સાબિતીઓ ઘણી વાર માત્ર સત્યની ખોટી રજૂઆત હોય છે એ આપણે જાણીએ છીએ. તેથી જ આપણને જે કંઈ કહેવામાં આવતું હોય તેના વિશે વધારે સમીક્ષાત્મક રીતે તપાસ કરવી જોઈએ.

અલગ અલગ દેશો પર દબાણો કેવી રીતે કરવામાં આવે છે તે આપણે જોયું છે. સલામતી સમિતિની નૈતિક મંજૂરી અનૈતિક હેતુ માટે મેળવવા આ દબાણો કરાયાં હતાં. પરિણામે આપણે એ જોવું પડશે કે આપણી સરકારો ખરીદાઈ ના જાય, કોઈ એક મહાસત્તા દ્વારા પણ નહિ. આપણા સહ-અસ્તિત્વને શક્ય બનાવતા નિયમોને ફગાવી દેવાનું સરકારો કેવી રીતે પસંદ કરે છે તે પણ આપણે જોયું છે. તેઓ સગવડિયો ધર્મ અપનાવે છે. તેમનું ઉદાહરણ એક પ્રણાલી ન બની જાય તે જોવું પડશે. પારસ્પરિક આદર અને સહિષ્ણુતા જરૂરી છે. લોકો અને સરકારોનાં મતવ્યો જુદાં જુદાં હોય તો પણ તે એક જ છે એમ ઘણી વાર દર્શાવાય છે. તેથી જેઓ આપણાથી અલગ છે તેમને આદર આપતાં આપણે શીખવું પડશે. એક વાર આપણે એકબીજાને વધારે જાણીશું તો ખોટા પ્રચાર અને વિકૃત હકીકતોની નીચે આપણે દબાઈ નહિ જઈએ.

(તા. ૨૧-૩-૨૦૦૩ના રોજના ઉપનિયામક ડૉ. માઈકલ સેમ્લોવસ્કીના સ્વૈચ્છિક સંસ્થઆઓને લખેલા પત્રમાંથી)

## એક અમેરિકન અધિકારીએ અમેરિકાના વિદેશ પ્રધાનને લખેલો રાજીનામાપત્ર

પ્રિય મંત્રી શ્રી પોવેલ,

હું જ્યારે આપને જાન્યુઆરી-૨૦૦૨માં કાબુલમાં મળી ત્યારે આપ અમેરિકાની એલચી કચેરી સત્તાવાર રીતે ખુલ્લી મૂકવા માટે આવ્યા હતા કે જેની પુનર્સ્થાપના કરવા ડિસેમ્બર-૨૦૦૧માં મેં પ્રથમ રાજકીય અધિકારી તરીકે મદદ કરી હતી. તે સમયે હું કલ્પના કરી શકી ન હોત કે એક વર્ષ પછી હું અમેરિકાની નીતિઓને લીધે વિદેશ સેવામાંથી રાજીનામાનો પત્ર લખતી હોઈશ. મારા સંપૂર્ણ પુખ્ત જીવન કાળ દરમ્યાન હું અમેરિકાની સેવામાં રહી છું. હું ૧૫ વર્ષ સુધી રાજદ્વારી રહી છું અને સિયેરા લિયોન, માઈક્રોનેશિયા, અફઘાનિસ્તાન અને મોંગોલિયામાં આપણી એલચી કચેરીઓમાં ડેપ્યુટી ચીફ ઓફ મિશન રહી છું. મેં સોમાલિયા, ઉઝબેકિસ્તાન, કીર્ઘિસ્તાન, ગ્રેનેડા અને નિકારાગુઆમાં પણ કામ કર્યું છે. ૧૯૯૭માં સિયેરા લિયોનની હિજરત સમયે ચાર્જ દ અફેર્સ તરીકે કરેલા કાર્ય બદલ મને વિદેશ ખાતાનો 'એવોર્ડ ફોર હિરોઈઝમ' પણ મળ્યો છે. અમેરિકન લશ્કર અને આર્મી રિઝર્વમાં મેં ૨૯ વર્ષ સેવાઓ આપી છે અને ગ્રેનેડા, પનામા તથા સોમાલિયામાં લશ્કરી કામગીરી બાદ પુનર્રચનાની પરિયોજનાઓમાં

પણ મેં કામ કર્યું છે. મારી લશ્કરી સેવા દરમ્યાન મને કર્નલની પદવી અપાઈ હતી. અમેરિકાની સેવા દરમ્યાનનાં મારાં ઘણાં વર્ષો દરમ્યાન આ વખતે પહેલી જ વાર મને એમ લાગ્યું છે કે હું અમેરિકાના વહીવટી તંત્રની નીતિઓનું પ્રતિનિધિત્વ કરી શકું તેમ નથી. હું વહીવટી તંત્રની ઈરાક, ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ, ઉત્તર કોરિયા અંગેની નીતિઓ અને અમેરિકામાં જ નાગરિક સ્વાતંત્ર્યમાં મુકાયેલા કાપ સાથે અસંમત છું. હું માનું છું કે અમેરિકન વહીવટી તંત્રની નીતિઓ જગતને સલામત નહિ પણ વધુ ભયગ્રસ્ત બનાવી રહી છે. આ નીતિઓ વિશે મારે ઘણી ગહન અને મક્કમ ચિંતાઓ વ્યક્ત કરવી જોઈએ અને એ સરકારી સેવામાંથી રાજીનામું આપવું જોઈએ કે જેનો હું બચાવ કરી શકું તેમ નથી કે અમલ કરી શકું તેમ નથી, એમ મારી નૈતિક અને વ્યવસાયી ફરજ છે એવું મને લાગે છે.

મારે શા માટે રાજીનામું આપવું જોઈએ તે અંગેના મારા ખુલાસાને આપ સમજશો એવી મારી આશા છે. મારા દેશની સેવાનાં ૩૦ વર્ષ બાદ રાજીનામું આપવાનો મારો નિર્ણય એક મોટું પગલું છે અને મારે શા માટે એ લેવો પડ્યો તે વિશે મારાં કારણોની બાબતમાં હું સ્પષ્ટ થવા માંગું છું. હું ઈરાક અંગેની અમેરિકન વહીવટી તંત્રની નીતિઓ સાથે અસંમત છું. મેં આ પત્ર પાંચ સપ્તાહ અગાઉ લખ્યો હતો અને તે એવી આશામાં મૂકી રાખ્યો હતો કે વહીવટી તંત્ર આ વખતે 'સંયુક્ત રાષ્ટ્રો'ની સલામતી સમિતિની સંમતિ વિના ઈરાક સામે યુદ્ધ નહિ આદરે. હું મક્કમપણે એમ માનું છું કે આ યુદ્ધ કરવાથી જગત વધુ સલામત નહિ, પણ વધુ જોખમી બનશે. એમાં કોઈ શંકા નથી કે સદ્દામ હુસેન એક ધિક્કારપાત્ર સરમુખત્યાર છે અને ઈરાકી પ્રજા તથા એ પ્રદેશના અન્ય લોકોને તેમણે ભારે નુકસાન પહોંચાડ્યું છે. સદ્દામનું શાસન જનવિનાશનાં શસ્ત્રોનો નાશ કરે એવી દુનિયાના લોકોની માગણીને હું સંપૂર્ણ સમર્થન આપું છું.

જો કે, હું માનું છું કે સદ્દામ તેમ કરે તે માટે આપણે અમેરિકન દળોનો ઉપયોગ 'સંયુક્ત રાષ્ટ્રો'ની સલામતી સમિતિની સંમતિ વિના ન કરવો જોઈએ. અત્યારે લશ્કરી કાર્યવાહી કરવાની આપણી ઉતાવળમાં આપણે આંતરરાષ્ટ્રીય સમુદાયને ઊંડો ઘા પહોંચાડ્યો છે અને અગત્યનાં વૈશ્વિક સંગઠનોને હાનિ પહોંચાડી છે. આપણી નીતિઓએ આપણા ઘણા સાથીઓને આપણાથી અલગ કર્યા છે અને જગતના ઘણા ભાગોમાં આપણા પ્રત્યે ચીડ ઊભી થઈ છે. અમેરિકા ઉપરના ૧૧મી સપ્ટેમ્બરના અલ-કાયદાના હુમલાઓના પ્રતિભાવ તરીકે અફઘાનિસ્તાન પરના અમેરિકાના પગલાને દુનિયાના દેશોએ ટેકો આપ્યો હતો. તે પછી ઈરાક પ્રત્યેની આપણી નીતિને કારણે અમેરિકાએ માન્યામાં ન આવે તે રીતે મોટા ભાગના જગતની સહાનુભૂતિ ગુમાવી છે. મોટા ભાગનું જગત ઈરાક વિશેનાં આપણાં નિવેદનોને જૂઠાં, અભિમાની અને કોઈ છૂપા કામના મહોરાવાળાં ગણે છે. ઉદારમતવાદી મુસ્લિમ/આરબ દેશોના નેતાઓ આપણને, જો અમેરિકા મુસ્લિમો/આરબોના બચાવ માટે નહિ પણ તેમના પર હુમલો કરવાના હેતુ સાથે કોઈ આરબ દેશમાં પ્રવેશે તો તેમના દેશોના યુવાનોના સંભવિત રોષ અને આક્રોશ વિશે ચેતવણી આપે છે. અત્યારે ઈરાકમાં સદ્દામના શાસન પરનો હુમલો એ આપણે ૧૦ વર્ષ અગાઉ કુવૈતમાંથી તેમને જ હાંકી કાઢવા કરેલા હુમલાથી તદ્દન ભિન્ન છે.

હું એમ દઢપણે માનું છું કે જો અમેરિકા 'સંયુક્ત રાષ્ટ્રો'ની સલામતી સમિતિની સંમતિ વિના ઈરાકમાં પ્રવેશશે તો દુનિયાના મુસ્લિમો અને એ પ્રદેશના ઘણા આરબોનો સંભવિત પ્રતિભાવ અમેરિકા અને અમેરિકનો માટે અસાધારણપણે ખતરનાક હશે. 'સંયુક્ત રાષ્ટ્રો'ની સલામતી સમિતિની સંમતિ વિના અત્યારે જો લશ્કરી પગલું ભરાશે તો તે જગત કરતાં અમેરિકા માટે જ વધારે ખતરનાક બનશે. તેથી 'સંયુક્ત રાષ્ટ્રો'નું શસ્ત્ર નિરીક્ષણ ચાલુ રહેવા દેવાય, અને પછી જરૂર હોય તો સલામતી સમિતિની મંજૂરી સાથે પગલું લેવાય એ જ ઈચ્છનીય છે. હું દઢપણે એમ માનું છું કે સદ્દામ જનવિનાશનાં શસ્ત્રોનો ઉપયોગ કરતા હોય એવી શક્યતાઓ ઓછી છે કારણ કે તેઓ જાણે છે કે આવાં શસ્ત્રોનો ઉપયોગ તરત જ કડક અને વાજબી આંતરરાષ્ટ્રીય પ્રતિભાવ જન્માવશે. એવા સમયે તો સદ્દામ સામેનાં પગલાંનો વિરોધ થઈ જ ના શકે. ઈરાક પર અગાઉથી હુમલો કરવા બાબતે હું દઢપણે અસંમત થાઉં છું. હું માનું છું કે આવો હુમલો અમેરિકા અને અમેરિકન નાગરિકો પર હુમલો કરનારાં જૂથો અને વ્યક્તિઓને વાજબી કારણ આપશે અને એ જ નીતિ એ રીતે આપણી સામે ઉપયોગમાં લેવાશે.

આંતરરાષ્ટ્રીય લશ્કરી જમાવટ તેના પર દબાણ લાવે છે કે જેથી ધીમે ધીમે પણ જનવિનાશનાં શસ્ત્રો બહાર આવે. આપણે શસ્ત્ર નિરીક્ષકોને તેમનું કામ કરવાનો સમય આપવો જોઈએ. આપણે અંતિમવાદી મુસ્લિમો કે આરબોને અમેરિકાને વધુ ધિક્કારવા માટે કે ઉદારમતવાદી મુસ્લિમોને અંતિમવાદીઓ સાથે જોડાવા માટે વધુ કારણો આપવાં ન જોઈએ. વધુમાં, આપણાં લશ્કરી દળો મધ્યપૂર્વમાં અને ખાસ કરીને સાઉદી અરેબિયામાં રાખવા વિશે પણ પુનર્વિચારણા કરવી જોઈએ. સાઉદી અરેબિયાની પવિત્ર ઈસ્લામી ધરતી પર તેમની હાજરીથી અમેરિકા-વિરોધી લાગણીઓ તે ત્યાં રહેશે ત્યાં સુધી ભડકશે અને તેમના મતે અમેરિકા અને અમેરિકન નાગરિકો સામેના હુમલા માટે તે મજબૂત કારણ બનશે. હું મક્કમપણે માનું છું કે ઈરાકમાં લશ્કરી પગલા માટેનો યોગ્ય સમય હજુ પાક્યો નથી તેમ છતાં, અનેક લશ્કરી કામગીરીઓમાં સામેલ એક સૈનિક તરીકે હું આશા રાખું છું કે જનરલ ફ્રેન્ક્સ, અમેરિકા અને સાથી દળો તેમને જે કાર્ય સોંપવામાં આવશે તે

નાગરિકોની કે સૈનિકોની જાનહાનિ વિના પૂર્ણ કરશે અને ઈરાકી પ્રજાનાં ઘર અને જીવનનિર્વાહના નાશ વિના પતાવશે. હું વિદેશ ખાતાને ફરી એક વાર વિનંતી કરું છું કે તે 'સંયુક્ત રાષ્ટ્રો'ની સલામતી સમિતિની મંજૂરી વિના ઈરાક પર લશ્કરી હુમલો કરવા તરફ દોરી જનારી નીતિ ત્યજી દે. સમય બહુ અગત્યનો છે અને લશ્કરી કામગીરી માટે તે હજુ પાક્યો નથી. ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ ઉકેલવા માટે વહીવટી તંત્ર પ્રયાસો નથી કરતું એ સાથે હું મારી અસંમતિ પ્રગટ કરું છું. એ જ રીતે ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચેની શાંતિ પ્રક્રિયા પર પ્રભાવ પાડવાના તેના બહુ જ ઓછા રહેલા પ્રયાસોને હું સમર્થન આપી શકું નહિ. પેલેસ્ટાઈનના આત્મઘાતીઓ ઈઝરાયલીઓને મારી નાખે છે અને ઈઝરાયલી લશ્કર પેલેસ્ટાઈનવાસીઓને મારી નાખે છે અને તેમનાં નગરોનો નાશ કરે છે. આ હિંસા રોકવા અમેરિકન વહીવટી તંત્રે કશું કર્યું નથી. ઈઝરાયલીઓ નગરોનો નાશ ન કરે અને પેલેસ્ટાઈની યુવાનો આત્મઘાતી બોમ્બરો ન બને તે માટે આપણે આપણો નાણાકીય પ્રભાવ પાડવો જ જોઈએ. હું આશા રાખું છું કે વહીવટી તંત્ર લાંબા ગાળાથી જેની જરૂર હતી તેવા તેના 'શાંતિ માર્ગ' માટે માનવ સંસાધનોને જોતરશે અને રાજકીય પ્રભાવ પાડશે.

વધુમાં, ઉત્તર કોરિયા અંગેના વહીવટી તંત્રના વલણને હું ટેકો આપી શકું તેમ નથી. શસ્ત્રો, બોમ્બ અને પ્રક્ષેપાસ્ત્રો સાથે ઉત્તર કોરિયા ખૂબ મોટાં જોખમો ઊભાં કરે છે અને તેને અવગણી શકાય તેમ નથી. હું એમ મક્કમપણે માનું છું કે છેલ્લાં બે વર્ષ દરમ્યાન અમેરિકાના વહીવટી તંત્રે યોગ્ય ચર્ચા, સંવાદ અને સામેલગીરીનો અભાવ દર્શાવ્યો છે અને તેથી કોરિયાની ભૂશિર અને પ્રદેશમાં સલામતી જોખમમાં આવી ગઈ છે. ઉત્તર કોરિયા સાથેની પરિસ્થિતિને અવગણવાનું આપણે માટે જોખમી છે. વધુમાં, અમેરિકામાં નાગરિકોના અધિકારો પર જે બિનજરૂરી કાપ વહીવટી તંત્રે મૂક્યો છે તેને હું ટેકો આપી શકું નહિ. આતંકવાદી સંગઠનો સાથેના શંકાસ્પદ સંબંધોની તપાસ ઘણી મહત્ત્વની છે પરંતુ ૨૦૦ વર્ષથી અમેરિકાની કાનૂની વ્યવસ્થા અમુક ધોરણો પર આધારિત છે કે જે તપાસના ગાળા દરમ્યાન વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ કરે છે. કાનૂની સહાય વિના વ્યક્તિને એકલા ગોંધી રખાય તે આપણો દેશ જેના પાયા પર ઊભો છે તે કાયદાના પાયાને જ તોડી નાખે છે. વધુમાં, હું એમ માનું છું કે અદાલતી પ્રક્રિયામાં વહીવટી તંત્રે જે ગુપ્તતા રાખી છે તેણે અધિકારોના રક્ષણમાં મુકાતા કાપ સામે બોલવામાં ભય ઊભો કર્યો છે, અને આ રક્ષણ ઉપર તો અમેરિકાનો પાયો છે અને અન્ય દેશો તેમના નાગરિકોને તે રક્ષણો પૂરાં પાડે તે માટે અમેરિકા તેમને પ્રોત્સાહન આપે છે. મેં લગભગ ૩૦ વર્ષ સુધી વિશ્વના સૌથી જોખમી અને કેટલાક દૂરના વિસ્તારોમાં મારા દેશની સેવા કરી છે. હું અમેરિકાની સેવા ચાલુ રાખવા માંગું છું. જો કે, હું વહીવટી તંત્રની નીતિઓમાં માનતી નથી અને તેનો બચાવ કરી શકતી નથી કે તેનો અમલ કરી શકતી નથી. ભારે હ્રદયે મારે અમેરિકાની મારી સેવાનો અંત લાવવો પડે છે અને વહીવટી તંત્રની નીતિઓને કારણે હું તેમાંથી રાજીનામું આપું છું.

માનનીય મંત્રીશ્રી, એક અંગત વાત અંતે કરું. આપના નેતૃત્વ હેઠળ વિદેશ સેવા અને વિદેશ ખાતાના વહીવટ અને સંગઠનને સુધારવામાં આપણે ખૂબ પ્રગતિ સાધી છે. આપના આ અપ્રતિમ પ્રયાસો માટે હું આપનો આભાર માનું છું. વિદેશ સેવા છોડવાનું મને જરાય ગમતું નથી પણ છોડું છું. આપને અને આપના સાથીઓને મારી શુભેચ્છાઓ.

આદરપૂર્વક,

**મેરી એ. રાઈટ**

એફઓ-૦૧, ડેપ્યુટી ચીફ ઓફ મિશન, અમેરિકન એલચી કચેરી,
ઉલાનબતુર, મોંગોલિયા.

## આધુનિકતા, આતંકવાદ અને સંઘર્ષનો નાચ – શ્રી અનિરુદ્ધ દેશપાંડે

### પશ્ચિમનું સમકાલીન યુદ્ધ

ઘણી વાર યુદ્ધો જો આંતરવિગ્રહો ના હોય તો તે દેશનું પોતાનું સર્જન હોતાં નથી. પણ આંતરવિગ્રહો લશ્કરી સંઘર્ષો બને છે અને તેનાં દૂરોગામી પરિણામો આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે, યુદ્ધ અને ઓળખના સંઘર્ષો પરસ્પરને દૃઢીભૂત કરે છે. જે યુદ્ધો દેશની સામાજિક રચનામાંથી ઊભાં થતાં હોય અને જે યુદ્ધો વિદેશી આક્રમણને કારણે થતાં હોય એ બે વચ્ચેનો તફાવત બરાબર સમજવો જોઈએ. ગઈ સદીનાં બે વિશ્વ યુદ્ધો સામ્રાજ્યવાદી દેશો વચ્ચેની સ્પર્ધાને લીધે જન્મ્યાં હતાં અને જેઓ એ યુદ્ધમાં જોડાવા માગતા નહોતા તેવા અનેક દેશો પર એ લદાયાં હતાં. એ જ રીતે ૨૦મી સદીની સામ્રાજ્યવાદી સત્તાઓ - અમેરિકા, જાપાન અને ફ્રાન્સ - દ્વારા વિયેતનામ યુદ્ધ અસરગ્રસ્ત પ્રજા પર ઠોકી બેસાડાયું હતું. આ યુદ્ધો અભૂતપૂર્વ રીતે વિનાશક રહ્યાં. તેમની અનેક સમાજો પર કાયમી છાપ રહી ગઈ અને આજની ઘણી બધી વૈચારિક અને ઓળખલક્ષી સમસ્યાઓ તેમાંથી ઊભી થઈ હતી.

જીતાયેલા લોકો પર વિદેશી વર્ચસ્વની અસર સામાન્યતયા ઘણી વધારે હોય છે. આક્રમણખોરો હંમેશાં તદ્દન વિચિત્ર કારણોસર આક્રમણને વાજબી ઠરાવવાનો પ્રયાસ કરે છે. વિયેતનામ ઉપર અમેરિકાનો કબજો, અફઘાનિસ્તાન પર સોવિયેત સંઘનો કબજો વગેરે જેવાં આધુનિક યુદ્ધો અનુક્રમે લોકશાહી અને સમાજવાદને નામે થયાં. જો કે, વિદેશી આક્રમણનાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિણામો બધે એકસરખાં

જ રહેતાં હોય છે. સંસ્થાનોમાં અહિંસક અસહકાર અને સશસ્ત્ર લડતો વચ્ચેનો તફાવત તેને આધારે સમજી શકાય છે કારણ કે આક્રમણો સામેના પ્રતિભાવ તરીકે તે ઉપસ્થિત થાય છે. ૧૯૪૦-૪૫ દરમ્યાન નાઝીઓના આક્રમણ સામે યુરોપનો પ્રતિકાર, ૧૯૩૧-૪૫ દરમ્યાન જાપાનીઓના આક્રમણ સામે ચીનાઓનો પ્રતિકાર અને ૧૯૭૯-૮૯ દરમ્યાન સોવિયેત આક્રમણ સામે અફઘાનોનો પ્રતિકાર જુદા જુદા હતા. ઈઝરાયલ સામેની પેલેસ્ટાઈનવાસીઓની લડત પણ એ પ્રકારની છે અને આ બધી લડતો ઓળખલક્ષી સંઘર્ષો વિશેની આપણી સમજને વિસ્તારે છે.

વિદેશી વર્ચસ્વ કે વર્ગીય વર્ચસ્વ સામેની તમામ લડતોમાં જુદો જુદો આતંકવાદી પ્રતિભાવ રહ્યો છે. તેની માંગ સ્વાતંત્ર્ય અને પ્રગતિની રહી છે. રશિયામાં નારોદનિક્સ, ભારતમાં ક્રાંતિકારીઓ, આયરિશ રિપબ્લિકન આર્મી વગેરે આનાં ઉદાહરણો છે. ઐતિહાસિક રીતે જોઈએ તો આતંકવાદની સમસ્યા ઊભી થતી અને સંગઠિત થતી ઓળખ સાથે સંબંધિત છે. સમાજની અંદર અને જુદા જુદા સમાજો વચ્ચે સામાજિક-આર્થિક તફાવતો અને સંઘર્ષ તેમાં સામેલ હોય છે. અફઘાન યુદ્ધો, ઈસ્લામી ધર્મઝનૂન અને સામ્રાજ્યવાદી નીતિ અને કેટલીક આધુનિક ઈતિહાસની ઘટનાઓની આ સંદર્ભમાં મુલવણી કરવી પડે.

**આધુનિકતા અને યુદ્ધો**

યુદ્ધોની એકંદર ઉપયોગિતાની તપાસ ઐતિહાસિક અને માનવીય માળખામાં રહીને કરવી પડે. યુદ્ધોનાં નકારાત્મક અને વિધાયક પરિણામો વિશે ઈતિહાસકારો ચર્ચા કર્યા કરતા હોય છે. પરંતુ સમાજ, સંસ્કૃતિ, રાજકારણ અને સભ્યતાના ખ્યાલ ઉપર યુદ્ધોએ પ્રભાવ પાડ્યો જ છે. જો કે, એ અસર બહુ-આયામી રહી છે. યુદ્ધો સારા માટે થયાં કે ખરાબ માટે એ પણ ચર્ચાસ્પદ બાબત છે. ઘણી વાર તમે જે પક્ષે હોવ તે પક્ષને આધારે તમારો યુદ્ધ વિશેનો અભિપ્રાય બંધાય. સમાજ અને સામાજિક વલણો ઉપર યુદ્ધની અસર નિર્વિવાદ રીતે થાય છે. વિવિધ સમાજોના શાસક વર્ગોએ આ અસરનો ઉપયોગ કર્યો છે અને પોતાનાં સ્થાપિત વર્ગીય હિતો આગળ ધપાવ્યાં છે. આંતર-સામાજિક અને અંતર્સામાજિક હિતોને ધ્યાનમાં લીધા વિના યુદ્ધોનું વિશ્લેષણ થઈ જ ના શકે. ઘણી વાર વર્ચસ્વવાદી હિતોને આગળ ધપાવવા અને વાજબી ઠરાવવા માટે યુદ્ધો થતાં હોય છે.

સામ્રાજ્યવાદી સત્તાનું હિત મૂડીવાદી હતું તો સોવિયેત સંઘનું પક્ષીય અને અમલદારી હતું. લગભગ તમામ રાજ્યોમાં લશ્કરી નેતાઓ યુદ્ધને ભવ્ય ચીતરે છે અને તેમને રાષ્ટ્રીય ફરજ ગણાવે છે. તેથી આધુનિક યુદ્ધોમાં જે ઐતિહાસિક અને વૈચારિક પાસાં છે તેમને લક્ષમાં લેવાં પડે અને ઓળખલક્ષી રાજકારણને તો અવગણી શકાય જ નહિ. ૧૯મી સદીમાં જે બે અફઘાન યુદ્ધો થયાં તેમાં અથવા પશ્ચિમ એશિયાનાં યુદ્ધોમાં જાતિવાદી, લડાયક, આદિવાસી કે મુસ્લિમ શું છે તેની વ્યાખ્યાને આકાર મળ્યો. બહારના આક્રમણખોરો વિશે વિદેશી કબજો, અંધાધૂંધી, મૃત્યુ, લૂંટ અને બળાત્કારને આધારે ખ્યાલો બંધાયા. અફઘાનિસ્તાન એનું એક સરસ ઉદાહરણ છે. ૧૯મી સદીનાં બે અફઘાન-બ્રિટિશ યુદ્ધોએ અફઘાનો અને અંગ્રેજો વિશે બંને પક્ષે સામસામે મંતવ્યો ઊભાં થયાં. બહારના વિશેનો સંશય અફઘાનોના દિમાગમાં સંસ્થાનવાદી સમયથી જ ઊભો થયેલો હતો. સામ્રાજ્યવાદી આક્રમણો અને સંસ્થાનવાદી શોષણ જ્યાં જ્યાં થયાં ત્યાં ત્યાં આવાં વલણો ઊભાં થતાં જ ગયાં.

અમેરિકા ઈસ્લામી ધર્મઝનૂનીઓને હરાવે તો વિવિધ ઓળખો વચ્ચેનો વિરોધ શમી જશે એમ માની લેવું બાલિશતા છે. અમેરિકા ઓળખોનો સંઘર્ષ નિવારવા માટે આ યુદ્ધો કરે છે એમ પણ માનવું જોઈએ નહિ. વાસ્તવમાં, હકીકત તેનાથી તદ્દન વિરુદ્ધની છે. ૧૯મી અને ૨૦મી સદીમાં યુદ્ધનાં વિચારધારાલક્ષી પાસાં વધારે મહત્ત્વનાં બન્યાં છે. પણ યુદ્ધ અને ઓળખની સમસ્યા ઘણી જૂની છે. વિવિધ વર્ગો સંરક્ષણ, સલામતી, વંશીયતા, ધર્મ અને રાષ્ટ્ર માટે યુદ્ધો કરે છે પણ બધે જ યુદ્ધો ઘણા મોટા પ્રશ્નો ઊભા કરે છે. તમામ ધાર્મિક સમુદાયો બીજા વિશે જે ખ્યાલો ધરાવે છે તે આધુનિક સમયમાં લોકશાહી અને શાંતિ માટે સૌથી મોટો અવરોધ છે. મધ્ય યુગનાં ધર્મ યુદ્ધો આનાં ઘણાં સારાં ઉદાહરણો છે. આ યુદ્ધો આરબોની સત્તા અને ઈસ્લામનો પ્રભાવ યુરોપમાં ન વિસ્તરે માટે થયાં એમ કહેવાતું રહ્યું છે. ખ્રિસ્તીઓ બીજા બધા કરતાં શ્રેષ્ઠ છે એવી માન્યતા આ અર્થઘટનની પાછળ પડેલી છે. અમેરિકાનો ઈતિહાસ કાળા ગુલામો અને રેડ ઈન્ડિયનોનાં લોહી વડે લખાયેલો છે અને તેઓ આ અર્થઘટન સાથે સંમત થાય છે. આ ધર્મ યુદ્ધો ખ્રિસ્તી જગતના શાસક સામંતો દ્વારા લડાયાં હતાં. પણ તે કેટલાં ફળદાયી રહ્યાં તેના વિશે શંકા છે. યુરોપનાં સામંતશાહી રાજ્યો વચ્ચેના વિરોધોને લીધે ઊભાં થયાં હોય અને આરબોના જોખમને લીધે નહિ એમ બને. ખ્રિસ્તી યોદ્ધાઓના જૂથ તરીકેની પોતાની નવી ઓળખ ઊભી કરવા માટે સામંતોએ તે કર્યાં હોય એમ પણ બની શકે. અથવા સામંતશાહીની આંતરિક કટોકટીનું પણ તે પરિણામ હોઈ શકે. પણ યુરોપ આરબોના સામાજિક-સાંસ્કૃતિક પ્રભાવથી અલગ રહી શક્યું નહિ. યુરોપનાં ભાષાઓ, સમાજો, જીવનશૈલી અને સ્થાપત્ય ઉપર આરબોની અસર તો પડી જ.

વિદેશી પ્રભાવ સામે યુદ્ધે ચડવાની માનસિકતા આજના જેહાદી માનસ જેવી જ છે. હિંદુત્વ, ગોરાઓની સર્વોચ્ચતા કે ઝાઓનિસ્ટ વિચાર પણ તે જ પ્રકારના છે. ભારતનો ઈતિહાસ હિંદુ પ્રાચીન, મુસ્લિમ મધ્ય યુગ અને અંગ્રેજ આધુનિક યુગમાં વહેંચાઈ ગયો તેનું કારણ પણ

આ પ્રકારનાં અર્થઘટનો છે. ૧૯૪૭માં ભારતના ભાગલા થયા અને દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત ઉદ્‌ભવ્યો તેણે પરિસ્થિતિ વધારે વણસાવી. આધુનિક ધાર્મિક ઝનૂન દ્વારા નવા ખ્યાલો ઊભા થયા અને સભ્યતાઓ વચ્ચેના સંઘર્ષના ખ્યાલમાં તે ઉમેરાયા. ૧૧મી સપ્ટેમ્બર-૨૦૦૧ની ઘટનાએ તેને વધારે ઉજાગર કરી આપ્યા. તાલિબાન જેવાં ધાર્મિક સંગઠનોએ દશા બગાડી અને સભ્યતાઓ વચ્ચેનો સંઘર્ષ જાણે કે અનિવાર્ય બની ગયો છે એમ મનાવા માંડ્યું. વિવિધ ઓળખો વચ્ચેના વિરોધનો વિરોધ સાર્વત્રિક માનવવાદ, તર્ક અને બહુવાદ તથા સમાન વિકાસને આધારે જ થઈ શકે. તેને માટે ત્રણ બાબતો કરવી પડેઃ (૧) પોતે જ ખરા છે એવા ધાર્મિક અને વૈચારિક વલણનો પ્રતિકાર. (૨) પશ્ચિમની મૂડીવાદી આધુનિકતાની ચર્ચામાંથી સાર્વત્રિક પ્રબુદ્ધતાનાં મૂલ્યોને બચાવવાં. (૩) દુનિયાના ઘણા ભાગોમાં અમેરિકા-વિરોધી જે વલણો પ્રસર્યાં છે તેનો દુરુપયોગ કરતા આતંકવાદીઓને પડકારવા.

આગલી સદીમાં યુદ્ધે આવાં જ પ્રશ્નો અને સમસ્યાઓ ખડાં કર્યાં હતાં. નાઝી જર્મની અને તેની ભયાનકતા વિશે વિચાર્યા વિના આપણે ઈઝરાયલના અસ્તિત્વની કલ્પના કરી જ ના શકીએ. વિસ્તારવાદી ઈઝરાયલ સિવાય કદાચ પેલેસ્ટાઈનની સમસ્યા જ ઊભી ના થઈ હોત. અને અમેરિકાના ટેકા વિના કે આરબો વચ્ચેની ફાટફૂટ વિના ઈઝરાયલનું અસ્તિત્વ ટક્યું જ ના હોત. સતત પશ્ચિમનો ટેકો મળતાં ઈઝરાયલ અજેય છે એવી છાપ ઊભી થઈ ગઈ. મુસ્લિમ આતંકવાદ સામે સાથીઓની શોધમાં ભારતમાં પણ કમનસીબે આમ જ માનવામાં આવે છે.

બીજી તરફ, ઈસ્લામ જેને મંજૂરી આપતો નથી એવી રાજાશાહીને સાઉદી અરેબિયામાં અમેરિકાએ ટેકો આપ્યો. તેનાથી ઈસ્લામી અસંતોષ જન્મ્યો અને આતંકવાદી સંગઠનોએ તેને અંકે કરી લીધો. કાર્યકારણના સંબંધોની સાંકળ ઘણી લાંબી થતી ગઈ. જો પેલેસ્ટાઈનની સમસ્યા જ ના હોત તો ઈસ્લામી આતંકવાદ પણ એટલો ખતરનાક ના હોત. આંતરરાષ્ટ્રીય કાનૂનનો ભંગ થતો જ રહ્યો છે. આ બધા પ્રશ્નો પશ્ચિમ એશિયા વિશેની પશ્ચિમની નીતિ સાથે સંબંધિત છે. કહેવાતી આધુનિકતા અને તેના ધાર્મિક વિરોધીઓ વચ્ચેના સંઘર્ષનું સાચું સ્વરૂપ સમજવા એ બધા પ્રશ્નોના જવાબ આપવા પડે તેમ છે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ અને 'રાષ્ટ્રસંઘ' (લીગ ઓફ નેશન્સ)એ આપણા ભૂતકાળને આકાર આપ્યો હતો, જ્યારે 'સંયુક્ત રાષ્ટ્રો' (યુનાઈટેડ નેશન્સ - યુએન)ની નિષ્ક્રિયતા આપણા ભાવિ સામે ખતરો ઊભો કરે છે. 'સંયુક્ત રાષ્ટ્રો'ની પડતી મહાસત્તા (સુપર પાવર) રહ્યું છે. ત્રીજા વિશ્વના ઘણા દેશોમાં અમેરિકાની ટીકા કરવાનું ૧૯૮૦ના દાયકા પછી મુશ્કેલ બનતું ગયું છે. 'તમે કાં તો અમારી સાથે છો અથવા તો અમારી સામે છો' -ની માનસિકતા આ કમનસીબ ઘટનાઓનું પરિણામ છે. સોવિયેત સંઘે ૧૯૮૯માં અફઘાનિસ્તાનમાંથી પોતાનું લશ્કર પાછું ખેંચી લીધું પછી આ વલણ વિકસતું ગયું.

જો નવી વિશ્વ વ્યવસ્થામાં અમેરિકા અસંમતિ માટેનો અવકાશ નહિ રહેવા દે તો ભવિષ્યમાં ઓળખલક્ષી સંઘર્ષો વધતા જશે. જો ઝાઓનિઝમ અને અન્ય પ્રકારનો આતંકવાદ ઘટશે નહિ તો મુસ્લિમોમાં ઈસ્લામવાદ વધતો જશે. પરિણામે આતંકવાદ સામેની લડાઈઓ વધતી જશે. એક તરફ, અમેરિકા અને તેના સાથી દેશો છે તો બીજી તરફ, તેમના વિરોધી દેશો છે. જે લોકો દબાઈ ગયેલા છે, કચડાયેલા છે, ગરીબ છે તેમને માટે આતંકવાદ આક્રોશને વ્યકત કરવાનું એક સાધન બન્યું છે. તેથી અમેરિકન નીતિઓનો તર્ક-આધારિત વિરોધ ઘટતો જાય છે. ઈરાકમાં અમેરિકનોના હાલના અત્યાચારો આ પ્રક્રિયાને વધુ તીવ્ર બનાવશે.

**વૈચારિક પ્રક્રિયા**

યુદ્ધો વૈચારિક અને ઓળખલક્ષી સમસ્યાઓ ઊભી કરે છે. બે વિશ્વ યુદ્ધોએ સંસ્થાનવાદી સામ્રાજ્યોને નબળાં પાડ્યાં, સંસ્થાનો સ્વતંત્ર થતાં ગયાં અને પરોક્ષ સંસ્થાનવાદી વર્ચસ્વ વધતું ગયું. રાષ્ટ્ર-રાજ્યોની પ્રથા વધતી ગઈ. નવાં રાષ્ટ્રો અને નવી ઓળખો આ યુદ્ધોને કારણે જન્મ્યાં. પણ સત્તા, રાજકીય વર્ચસ્વ, મૂડીવાદ અને આધુનિક યુદ્ધો વચ્ચેનો સંબંધ આ સંદર્ભમાં સમજવાની જરૂર છે. જેઓ શાંતિ અને વિકાસના ચાહકો છે તેઓ હંમેશાં યુદ્ધ એક અતાર્કિક અને અનૈતિક ઘટના છે એમ કહીને તેનો વિરોધ કરે છે. યુદ્ધ સામાન્ય રીતે યુદ્ધને જન્મ આપે છે. સતત થતાં યુદ્ધો માનવ સભ્યતા સામે જ ખતરો ઊભો કરે છે. યુદ્ધો માનવ વિકાસ, માનવ અધિકારો, પર્યાવરણીય સુરક્ષા, ઐતિહાસિક વારસો, સ્ત્રીઓ, બાળકો અને સ્ત્રી-પુરુષ સમાનતાનાં વિરોધી છે. યુદ્ધો ઘણી વાર વંશનિકંદન, કોમવાદ, સામૂહિક હત્યાઓ અને વંશીય દુશ્મનાવટોને જન્મ આપે છે. કમ્બોડિયા, અફઘાનિસ્તાન, ચેચન્યા, યુગોસ્લાવિયા, આફ્રિકા, શ્રીલંકા અને કાશ્મીર એ બધાં આનાં ઉદાહરણો છે. યુદ્ધો રોગચાળાની જેમ ફેલાઈ રહ્યાં છે અને આધુનિકતા તેને ખાળી શકતી નથી. શસ્ત્રોના વેપારે જાણે કે દુનિયા યુદ્ધે ચડી હોય એવી પરિસ્થિતિ ઊભી કરી છે. યુદ્ધોમાં લાખો લોકો મરાયા છે અને લાખોની સ્થિતિ વણસી છે. તેથી આધુનિકતા જે ધારણાઓ સાથે ચાલે છે તેની સામે જ પ્રશ્નો ખડા થયા છે. વાસ્તવમાં, આધુનિકીકરણ, આધુનિકતા અને પાશ્ચાત્યીકરણ વચ્ચેનો તફાવત જ અત્યારે ભૂંસાઈ ગયો છે. ત્યાંથી જે રસ્તો નીકળે છે તેને ભારતમાં કોમવાદના જે અસરગ્રસ્તો છે તે ખૂબ સારી રીતે જાણે છે. સાંસ્કૃતિક પુનરુત્થાનવાદ, ધાર્મિક સંકુચિતતાવાદ, અમુક લોકોની બાદબાકી કરતો રાષ્ટ્રવાદ વગેરે તેનાં જ પરિણામો છે. યુદ્ધનો આધુનિક ઈતિહાસ

આપણને એમ કહે છે કે રાજકીય અને સામાજિક સમસ્યાઓ ઉકેલવા માટેના સાધન તરીકે સંઘર્ષોનો ઉપયોગ કરાય છે. ત્યારે તે સમસ્યાઓની અસર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, સમસ્યાઓનાં કારણો ઉપર નહિ. કારગિલ અને અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનનો નિષ્ફળ પ્રયાસ અને ભારતીય ઉપખંડમાં અણુ શસ્ત્રોના વ્યાપમાં વધારો આનાં જ પરિણામો છે. રાજકીય સમસ્યાઓ ઉકેલવા માટે લશ્કરનો ઉપયોગ થાય છે ત્યારે તે રાજકીય અસ્થિરતા જન્માવે છે અને જાનહાનિ ઊભી કરે છે. ૧૯૭૯થી અફઘાનિસ્તાનમાં આ જ બન્યું છે. ઈરાકમાં પણ એમ જ થશે. એક વાર લશ્કરી પ્રક્રિયા શરૂ થાય છે પછી હુમલા, આક્રમણ, ઘૂસણખોરી, બૉંબમારો, નિર્વાસિતો અને માનવ અધિકારોના ભંગનું ચક્ર શરૂ થાય છે. છેવટે સાધન અને સાધ્ય વચ્ચે ગૂંચવાડો ઊભો થાય છે, અને લશ્કરી વ્યવસ્થા ટકાવવા માટે જ નાણાકીય સંસાધનો વપરાય છે.

ઉપરાંત, ઘણી વાર રાષ્ટ્રભક્તિને નામે પ્રચાર કરવા પ્રસાર માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. રાષ્ટ્રભક્તિ, પ્રચાર અને યુદ્ધ સહોદર અને સહગામી છે. ૧૯૯૧ના અખાતી યુદ્ધ અને અફઘાનિસ્તાન પરના અમેરિકાના આક્રમણ સમયે યુદ્ધનું આ પાસું ઉપસ્થિત થયું હતું. માધ્યમો સાથેની સાંઠગાંઠને પરિણામે સ્થાપિત હિતો દ્વારા શરૂ થયેલા યુદ્ધને રાષ્ટ્રીય હિતને નામે વાજબી ઠરાવવામાં આવ્યું. લશ્કરી હેતુઓ સાથે રાષ્ટ્રીય હિતની ઓળખ ઊભી કરવા માટે પ્રસાર માધ્યમો કામ કરે છે, અને સંઘર્ષોને નફો કમાવાના હેતુથી કેબલ નેટવર્ક ઉપર ધૂમધડાકા સાથે વેચવામાં આવે છે. ઘણી વાર સમાચારનાં સ્વતંત્ર સ્રોતો પર કાતર પણ ફેરવવામાં આવે છે અથવા તો તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. અફઘાન યુદ્ધ વખતે અમેરિકાએ અલ-જઝીરા સાથે એમ જ કર્યું હતું કે જેથી અમેરિકન સરકારને અમેરિકન નાગરિકોનો સંપૂર્ણ અને બિનશરતી ટેકો મળી રહે. ઈરાક પરના આક્રમણ સમયે પણ આ જ પ્રકારની રીતરસમનો આશરો લેવાયો હતો. લગભગ ૫૦૦ જેટલા પત્રકારોને ઈરાકમાં તાજેતરના યુદ્ધ સમયે અમેરિકન લશ્કર સાથે રાખવામાં આવ્યા હતા કે જેથી યુદ્ધ વિશેનો અમેરિકન દૃષ્ટિકોણ જગતને સતત મળતો રહે.

ટીવીના પડદા પર ગ્રાહકોને યુદ્ધ એક પવિત્ર વસ્તુ તરીકે બતાવવામાં આવે છે. પોતાના લાભ માટે જેઓ યુદ્ધ ખેલે છે તેઓ લોકોનો ટેકો મેળવવા માટે માધ્યમો દ્વારા પ્રયત્ન કરે છે. લોકો પોતાના દેશનો ધ્વજ, લશ્કર અને ભાઈઓને જોઈને એમ સમજે છે કે યુદ્ધમાં પોતે પણ સામેલ છે બૉંબ ફેંકવા માટે ઊડતાં વિમાનો જેટલી જ ઝડપથી બૉંબની અસર જેમના પર થાય છે તેમને ટીવી પર બતાવાતા નથી. તેથી લોકો બૉંબ ફેંકનારા પાયલોટ સાથે પોતાનું અનુસંધાન ઊભું કરે છે. છેલ્લાં ૨૦ વર્ષથી ચાલતા યુદ્ધને પરિણામે અફઘાન બાળકોની જે વસમી શારીરિક અને માનસિક હાલત થઈ છે તેના ઉપર જો કેમેરાની આંખો મંડાઈ હોત તો યુદ્ધની છાપ કંઈક જુદી જ ઊભી થાત. ટીવી અને રેડિયો પર અફઘાન લેખકો, કલાકારો અને શિક્ષકોનાં મંતવ્યો દર્શાવાયાં હોત તો પણ અફઘાનિસ્તાન વિશે જુદી છાપ ઊભી થઈ હોત. એ જ રીતે પ્રતિબંધોને કારણે દવાઓની ઊભી થયેલી અછતને પરિણામે મરતાં બાળકો ટીવીના પડદે બતાવાયાં હોત તો પણ ઈરાક પરના અમેરિકી આક્રમણ સામે હાલના કરતાંય વધારે વિરોધ થયો હોત. આમ, યુદ્ધની તરફેણમાં જનસમૂહનું માનસ ઊભું કરવામાં પ્રસાર માધ્યમો અગત્યની ભૂમિકા ભજવે છે.

સામાન્યતયા રાજ્યની નીતિ વર્ચસ્વવાદી જૂથો અને તેઓ જે વ્યવસ્થા ઉપર અંકુશ ધરાવે છે તેમાંથી ઊભી થાય છે. તેથી તેમની વિચારધારા અને વ્યૂહરચનાથી તેને અલગ પાડી શકાય નહિ. વૈશ્વિક ધાર્મિક આતંકવાદ સામે અમેરિકાનું યુદ્ધ તેની પસંદગી પ્રમાણેનું છે. એને અમેરિકાની લાંબા ગાળાની નીતિના સંદર્ભમાં જ સમજી શકાય. અમેરિકાની વિદેશ નીતિએ ઈઝરાયલ અને પાકિસ્તાનને જે ભૂમિકા આપી છે તેને પરિણામે જેહાદી અને ઝાઓનિસ્ટ આતંક ઊભો થયો છે. ધાર્મિક ઝનૂન અને આધુનિકતા વચ્ચેનો સંઘર્ષ તેમાં સમજી શકાય છે. અત્યારે અમેરિકા વૈશ્વિક સ્તરે લશ્કરી અને આર્થિક સત્તા છે. જગતના અનેક વિસ્તારોમાં તેને આધુનિકતાના તારણહાર તરીકે જોવામાં આવે છે. તેથી આંતરરાષ્ટ્રીય ઈતિહાસ પર તેનો પ્રભાવ ઘણો જ છે. પૂર્વ અને પશ્ચિમ બંનેમાં એમ માનવામાં આવે છે કે અમેરિકા ધાર્મિક આતંકવાદ સામે આધુનિકતાનું યુદ્ધ લડી રહ્યું છે અને તેનું નેતૃત્વ લઈ રહ્યું છે. પણ આધુનિકતા માટેની પશ્ચિમની આકાંક્ષાઓ અને સમકાલીન આતંકવાદ વચ્ચેના કાર્યકારણ સંબંધોને આ બાબતમાં આસાનીથી નજરઅંદાઝ કરવામાં આવે છે. સંસ્થાનવાદી અને નવસંસ્થાનવાદી આધુનિકતા અને ધાર્મિક આતંકવાદની સમસ્યા આ જ વૈશ્વિક વ્યવસ્થામાંથી ઊભી થઈ છે એ સમજવું જોઈએ.

જો કે, આતંકવાદનો ઉપાય યુદ્ધ કે રાજ્ય-પ્રેરિત આતંકવાદ નથી પરંતુ લોકશાહીનો વિકાસ છે અને સામાજિક-આર્થિક વિકાસની ઉચિત તરાહ છે. તેમાં ઈતિહાસનું પણ પ્રામાણિક મૂલ્યાંકન થવું જોઈએ. ભારતમાં અત્યારે તકવાદ અને વ્યવહારુતાના દિવસો છે. તેથી આદર્શોને સેક્યુલર બકવાસ ગણવામાં આવે છે. અમેરિકા પ્રત્યે મિત્રતા રાખનાર મધ્યમ વર્ગનો આ દૃષ્ટિકોણ છે. ગુજરાતમાં ૨૦૦૨માં જે કત્લેઆમ થઈ તેમાં રાજકીય તકવાદ છે અને ઐતિહાસિક રીતે બદલાની ભાવના છે, મુસ્લિમ-વિરોધી પ્રચારનું સાતત્ય છે અને તેમાં આતંકવાદનું અમુક નિશ્ચિત અર્થઘટન કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાક પરનું આક્રમણ સભ્યતાના સાધન અને વાહન તરીકે જોવામાં આવે છે જ્યારે વાસ્તવમાં તે સામ્રાજ્યવાદ પ્રસરાવવા માટે હંકારાતો રથ છે.

# લોકશાહીમાં લોકોની સત્તા

આ લેખ 'ઉન્નતિ'માં પ્રોગ્રામ એસોસીએટ તરીકે કામ કરતાં **સુશ્રી સ્વાતિ સિંહા** દ્વારા લખવામાં આવ્યો છે. મે-૨૦૦૩ દરમ્યાન અમદાવાદમાં 'એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' દ્વારા આયોજિત 'ચૂંટણી સુધારા અને માહિતીનો અધિકાર' વિશેની પ્રથમ રાષ્ટ્રીય કાર્યશાળાનાં તારણો પર આ લેખ આધારિત છે. તે મુખ્યત્વે ચૂંટણી સુધારાની જરૂરિયાત, કાનૂની સુધારા દ્વારા કરવામાં આવેલા પ્રયાસો અને તેને કાર્યરત કરવા માટે સમુદાય-આધારિત સંગઠનો દ્વારા કરાયેલા પ્રયાસોની ચર્ચા કરે છે.

## પ્રસ્તાવના

ભારતનું બંધારણ ભારતને એક સાર્વભૌમ રાજ્ય તરીકે જાહેર કરે છે, મતલબ કે તે સંપૂર્ણ સ્વાતંત્ર્ય ધરાવે છે, કોઈ અન્ય સત્તા દ્વારા તે અંકુશિત નથી. બંધારણ ભારતમાં લોકશાહી સમાજ માટેની જોગવાઈ પણ કરે છે. એક વ્યાખ્યા અનુસાર લોકશાહી સરકારનું એવું સ્વરૂપ છે કે જેમાં સર્વોચ્ચ સત્તા લોકોમાં રહેલી છે અને મુક્ત ચૂંટણી વ્યવસ્થા હેઠળ તેમના દ્વારા કે તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા તેનો ઉપયોગ થાય છે. તે એક પ્રજાસત્તાક રાજ્ય પણ છે કે જેમાં સર્વોચ્ચ સત્તા મતાધિકાર ધરાવતા નાગરિકોમાં રહેલી છે અને તેમના દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા તેનો ઉપયોગ કરાય છે. લોકશાહી માળખામાં સરકાર ત્યાં સુધી સત્તા પર રહે છે કે જ્યાં સુધી લોકો તેવી ઈચ્છા ધરાવે છે. તે તમામ નાગરિકોને સ્વતંત્રતા અને રાજકીય સમાનતાની ખાતરી આપે છે. આ લેખમાં ભારતમાં કેટલે અંશે લોકોની સત્તાનો ઉપયોગ થાય છે તેની વાત કરાઈ છે.

સામાન્યતયા સરકારનાં ત્રણ સુવ્યાખ્યાયિત અંગો છેઃ ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર. ધારાસભા કાયદો ઘડે છે. કારોબારી કાયદાનો અમલ કરે છે અને ન્યાયતંત્ર વર્તમાન કાયદાનો અમલ યોગ્ય રીતે થાય છે કે નહિ તે નક્કી કરે છે. ભારતમાં કારોબારી સતત ધારાસભા સાથે સંપર્કમાં હોય છે. સંસદ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને તે કારોબારી પર અંકુશ રાખે છે. રાષ્ટ્રપતિ કારોબારીના બંધારણીય વડા છે. ઔપચારિક રીતે સરકારનું બધું જ કામકાજ રાષ્ટ્રપતિના નામે થાય છે અને બધી જ સત્તાઓ તેમની પાસે છે. જો કે, વાસ્તવમાં નિર્ણયો વડા પ્રધાનના નેતૃત્વ હેઠળનું પ્રધાનમંડળ લે છે કારણ કે તેઓ સીધા લોકો દ્વારા ચૂંટાયેલા હોય છે અને લોકો પ્રત્યે જવાબદાર હોય છે. ભારતમાં ન્યાયતંત્રની એક જ અને સંગઠિત વ્યવસ્થા છે. સૌથી ઉપર સર્વોચ્ચ અદાલત છે. પછી રાજ્ય સ્તરે વડી અદાલતો છે અને તેમની નીચે નીચલી અદાલતો છે. સૈદ્ધાંતિક રીતે કારોબારી ન્યાયતંત્ર પર કોઈ પ્રભાવ ધરાવતી નથી. પરંતુ વાસ્તવમાં કારોબારી અને ન્યાયતંત્ર ધારાસભા દ્વારા નક્કી થયેલા માળખાની બહાર જઈ શકતાં નથી, અને ધારાસભા તો લોકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે. આ સંદર્ભમાં દેશને નેતૃત્વ પૂરું પાડવાનો બોજો ધારાસભા પર છે. ધારાસભાની અસરકારકતા ધારાસભ્યો એટલે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર આધાર રાખે છે. તેથી એવા પ્રતિનિધિઓ પસંદ થવા જોઈએ કે જેઓ રાષ્ટ્રીય મહત્ત્વના સવાલો સમજી શકતા હોય, જેમનો કોઈ ગુનાખોરીનો ભૂતકાળ ના હોય અને ભ્રષ્ટાચારથી સંપત્તિ ભેગી કરવા સત્તાનો દુરુપયોગ ના કરે. જો અયોગ્ય લોકો ધારાસભામાં પ્રવેશે તો જાગૃત લોકો સરકારને હસી કાઢે.

ભારત જેવા લોકશાહી દેશમાં લોકોના પ્રતિનિધિઓની ચૂંટણી કરવામાં ચૂંટણી વ્યવસ્થા અગત્યની ભૂમિકા ભજવે છે. તેમાં માત્ર ચૂંટણી યોજવાનો જ સમાવેશ નથી થતો, પણ તેમાં કોણ મત આપી શકે અને ન આપી શકે, મતદાર યાદીઓ ક્યારે તૈયાર થવી જોઈએ, સુધારવી જોઈએ અને કેવી રીતે એ થવું જોઈએ વગેરેનો પણ સમાવેશ થાય છે. રાજકીય પક્ષોની રચના, તેમનાં કાર્યો, તેમની નાણાકીય વ્યવસ્થા, કોણ ચૂંટણી લડી શકે, શાના આધારે વિજેતા નક્કી થાય અને ચૂંટણી પછીની પ્રક્રિયાઓ વગેરેનો સમાવેશ પણ તેમાં થાય છે.

હાલ એમ જણાયું છે કે ચૂંટણી પ્રક્રિયામાં ભારે ગંભીર ગેરરીતિઓ થતી હોય છે. સજા પામેલા ગુનાખોરો ધારાસભાની ચૂંટણીમાં ભાગ લે છે. નાણાં અને બળ બંને ચૂંટણીની પ્રક્રિયાને વિકૃત કરે છે. તે બંને ચૂંટણીની સ્પર્ધાને અશુદ્ધ કરે છે અને ચૂંટણી મુક્ત અને ન્યાયી રહેતી નથી. રાષ્ટ્રીય બંધારણ સમીક્ષા પંચે મની, મસલ અને માફિયા (ત્રણ એમ)ની તાકાત અને ગુનાકરણ, ભ્રષ્ટાચાર, કોમવાદ અને જ્ઞાતિવાદ (ચાર સી) ભારતમાં ચૂંટણી પ્રથાને વિકૃત કરે છે એમ જણાવ્યું છે.

લોકોના પ્રતિનિધિ બનવા માટે જેઓ ચૂંટણી લડે છે એમને ચૂંટણી લડવા માટે ખૂબ મોટા પ્રમાણમાં નાણાંની જરૂર પડે છે. તેથી ઉમેદવારોને ચૂંટણીમાં રોકાણ કરવા માફિયાઓની મદદ લેવાની ફરજ પડે છે. ચૂંટાયેલા ઉમેદવારો પાસેથી પછી આ માફિયાઓ પોતાની તરફદારી ઈચ્છે છે. ચૂંટાયેલા ઉમેદવારો પોતાની સત્તાનો ઉપયોગ કરીને ગુનેગારો

### મતદાતાઓની જવાબદારીઓ

- મતદાર યાદીમાં તમારું નામ સાચી રીતે છે કે નહિ તે તપાસો.
- મતદાન મથકનો નંબર, તમારો ક્રમ અને મતદાન બૂથ અગાઉથી જાણી લો. જો તમે એ ન જાણતા હોવ તો મતદાનના દિવસે તમે તમારા વિસ્તારના કોઈ રાજકીય પક્ષના કાર્યકર પાસેથી એ જાણી શકો છો.
- તમારે મતદાન કરવા જવું જ જોઈએ. જો તમે નહિ જાવ તો તમારે બદલે ગેરકાયદે કોઈ બીજી વ્યક્તિ મત આપી દે એમ બને. માટે તમારે નામે બીજી વ્યક્તિ મતદાન કરે તો તેની પસંદગીના ઉમેદવારને મત મળશે અને તમારી પસંદગીના ઉમેદવારને મત નહિ મળે.
- જો રાજકીય પક્ષના કાર્યકરો તમને તેમના વાહનમાં લઈ જવા આવે કે તમને રોકડ કે વસ્તુના સ્વરૂપમાં લાંચ આપે તો તમે તે ન સ્વીકારો.
- તમારો મત બીજા કોઈએ આપી દીધો છે એવી તમને ખબર પડે તો તમારે તમારી ઓળખ આપવી. તે માટે રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, ક્રેડિટ કાર્ડ, પાસપોર્ટ, મતદાતાના ઓળખ પત્ર, પાન કાર્ડ વગેરે ચાલે. તમે પછી મતપત્ર પર નિશાની કરીને તે મતદાન અધિકારીને આપો. આ ટેન્ડર્ડ વોટ છે. જ્યારે ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવે છે ત્યારે આ મત ગણતરીમાં લેવાતા નથી. પણ બોગસ મતદાનના આધારે ચૂંટણી અરજી કરવામાં તેનો આધાર લઈ શકાય છે. ઘણાં સંગઠનો એવી માગણી કરી રહ્યાં છે કે કોઈ બૂથમાં થયેલા કુલ મતદાનના એક ટકા જેટલા જો આવા ટેન્ડર્ડ વોટ હોય તો એ બૂથનું મતદાન રદ કરવું જોઈએ. ચૂંટણી પંચે હજુ આને વિશે કોઈ નિર્ણય લીધો નથી.
- જો સંગઠિત રીતે ગેરરીતિ થઈ હોય, બૂથ કબજે કરાયાં હોય, લોકોને મતદાન કરતાં બળપૂર્વક અટકાવાયા હોય, અમુક મતદાર માટે મતદાન કરવા ચૂંટણી અધિકારીઓએ પ્રોત્સાહન આપ્યું હોય તો તમે ચૂંટણી અધિકારીને, મદદનીશ ચૂંટણી અધિકારીને, ચૂંટણી નિરીક્ષકોને કે પ્રવાસી અધિકારીઓને તેની જાણ કરો. જો પૂરતા પુરાવા હોય તો ચૂંટણી પંચ ફેરમતદાન કરાવે છે.

કે માફિયાઓની તરફેણ પેદા કરે છે તેથી શાસનમાં ભ્રષ્ટાચાર અને ગુનાખોરી ફેલાય છે. ચૂંટાયેલા ઉમેદવારોને ચૂંટણીનું ખર્ચ પાછું મેળવવા અને ફરી ચૂંટાવા માટે માફિયાઓની તરફેણ કરવાની ફરજ પડે છે. આ એક પ્રકારનું વિષચક્ર છે અને તેને તોડવાની જરૂર છે.

કાયદાની છટકબારીઓ અને કાયદાની તોડમરોડ ચૂંટણી પ્રથાના વર્તમાન સ્વરૂપ માટે જવાબદાર છે. તેથી ચૂંટણી પ્રથાની વિકૃતિઓ દૂર કરવા માટે સંબંધિત કાનૂનોમાં સુધારો કરવાની જરૂર છે. પણ સૌથી મોટો અવરોધ સંસદ પોતે જ છે કે જે ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી છે અને જેને કાયદા ઘડવાની કે સુધારવાની સત્તા છે. આ ચૂંટાયેલા પ્રતિનિધિઓ વર્તમાન વ્યવસ્થાથી માહિતગાર છે અને તેમને તે અનુકૂળ આવી ગઈ છે, અને તેઓ કાયદા બદલવા તૈયાર નથી.

### ચૂંટણી પ્રથા સુધારવાના પ્રયાસો અને અવરોધો

ચૂંટણી પ્રથા સુધારવા માટે અને લોકો ખરેખરા અર્થમાં તેમની સત્તાનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણી પ્રથાને સુધારવાના પ્રયાસો થયા છે. પરંતુ આ સુધારા અમલી બનાવવા આડે ઘણા બધા અવરોધો છે તેમ છતાં લોકશાહીમાં લોકોની સત્તા જાળવવા માટેનું એ એક અગત્યનું કદમ છે.

### લોક પ્રતિનિધિત્વ ધારો – ૧૯૫૧

ચૂંટણીની હાલની પ્રક્રિયા લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ અન્વયે નક્કી થયેલી છે. આ ધારાની કલમ ૭૭(૧)ની સમજૂતી (૧)માં ચૂંટણીના ખર્ચ વિશેની જોગવાઈ છે. તેમાં ચૂંટણી પ્રથામાં બિનહિસાબી નાણું દાખલ ન થાય તેવી જોગવાઈ છે. તેથી રાજકીય પક્ષો, મિત્રો અને ઉમેદવારના ટેકેદારો દ્વારા થતા ખર્ચનો સમાવેશ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં થતો નથી. તેમાં આજ સુધી સુધારો કરવામાં આવ્યો નથી કારણ કે ચૂંટણી જીતવા માટે મોટા પ્રમાણમાં ખર્ચ કરવાની તક ઉમેદવારોને પૂરી પાડે છે. ગુનેગારો દ્વારા આ નાણાં પૂરાં પડાય છે કે જેઓ ચૂંટાયેલા ઉમેદવારો પોતાની તરફદારી કરે એમ ઈચ્છે છે.

કલમ-૭૭માં એવી જોગવાઈ છે કે ઉમેદવાર ચૂંટણી સંબંધી તમામ ખર્ચનો સંપૂર્ણ હિસાબ રાખે. તેમાં તેના દ્વારા કે તેના ચૂંટણી એજન્ટ દ્વારા અધિકૃત થતા તમામ ખર્ચનો સમાવેશ થઈ જાય છે. પરંતુ રાજકારણીઓ એમ કહે છે કે "અન્યો" દ્વારા થતું ખર્ચ ઉમેદવારનું ખર્ચ ન ગણાય. પછી એ વટહુકમ સંસદે પસાર કર્યો અને એ રીતે સર્વોચ્ચ અદાલતનો ચુકાદો તદ્દન બિન-અસરકારક બની ગયો.

### કાયદા પંચનો અહેવાલ

ભારત સરકાર દ્વારા કાયદા પંચની નિમણૂક કરવામાં આવી હતી. તેના ૧૫મા અહેવાલમાં ચૂંટણી પ્રથા સંબંધી કાયદાઓની સમીક્ષા કરવામાં આવી છે. તેનો હેતુ ચૂંટણીની પ્રક્રિયા વધુ ન્યાયી, પારદર્શી અને સમતાપૂર્ણ બને તેમ જ ભારતની ચૂંટણી પ્રથામાં જે વિકૃતિઓ અને દૂષણો ઘૂસી ગયાં છે તે ઘટે તેનો હતો. પંચે અનેક ભલામણો કરી છે અને તેને ત્રણ ભાગમાં વહેંચી શકાય.

પહેલી તો રાજકીય પક્ષોની કામગીરી અંગેની છે. રાજકીય પક્ષો સંસદીય લોકશાહીનો અંતર્ગત ભાગ છે તેથી તેમની કામગીરીમાં આંતરિક લોકશાહી, નાણાકીય પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ દાખલ કરવાની જરૂરિયાત પર તેમાં ભાર મુકાયો છે અને તેને માટે કાનૂની જોગવાઈઓ કરવાનું સુચવાયું છે.

બીજા પ્રકારની ભલામણો રાજકીય પ્રક્રિયાના પરિણામ તરીકે પ્રતિનિધિત્વ ઊભું થાય તે અંગેની છે. અનેક રાજકીય પક્ષો છે તેથી માન્ય મતના ૩૦ ટકા કે તેથી પણ ઓછા મત જે ઉમેદવારને મળે છે તે ઘણી વાર ચૂંટાઈ આવે છે. બાકીના ૭૦ ટકા મત બહુમતી છે પણ તે નકામા જાય છે, અને ચૂંટાયેલી સંસ્થામાં તેનું તો પ્રતિનિધિત્વ જ હોતું નથી. કાયદા પંચે એવી ભલામણ કરી છે કે સંસદમાં ૨૫ ટકા બેઠકો એવી હોય કે જે રાજકીય પક્ષોને મળેલા મતના ટકાવારી પ્રમાણને આધારે ભરાય અને તેને માટે યાદી પ્રથા દાખલ કરાય.

ત્રીજા પ્રકારની ભલામણો રાજકીય શાસનને સ્થિરતા આપવા અંગેની છે. તેમાં સંસદમાં અવિશ્વાસની દરખાસ્ત અને પક્ષપલટા-વિરોધી ધારા સંબંધી ભલામણો કરવામાં આવી છે.

આ અહેવાલ કાયદો, ન્યાય અને કંપની બાબતોના પ્રધાનને સુપરત કરવામાં આવ્યો હતો. હવે તેનો અમલ કરવાનું કામ સરકારે કરવાનું છે. આ ભલામણોનો અમલ કરવો કે ન કરવો તે નક્કી કરવાની આખરી સત્તા રાજકારણીઓ પાસે છે. હાલનું રાજકીય વાતાવરણ જોતાં આ ભલામણોનો અમલ થવાની શક્યતાઓ ઓછી છે. અસરકારક લોકમત ઊભો થાય તો જ રાજકારણીઓ પર દબાણ આવે તેમ છે.

## માહિતીના અધિકારનો ખરડો

દેશના દરેક નાગરિકને માહિતી મળવાથી સરકાર ગરીબ થઈ જતી નથી પણ નાગરિક શક્તિશાળી બને છે. સમાજના શાસનમાં ભાગીદાર થવા માટે દરેક નાગરિક પાસે માહિતી નામનું ચલણ હોવું જરૂરી છે. નાગરિકોને જેમ વધારે માહિતી મળે તેમ સરકાર સમુદાય પ્રત્યે વધુ પ્રતિભાવાત્મક બને. માહિતીથી શાસનમાં ખુલ્લાપણું, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન મળે છે. માહિતી સુશાસનનો એક અગત્યનો ભાગ છે અને તે માટે રાષ્ટ્રીય સ્તરે માહિતીના અધિકારનો ખરડો લવાયો. પણ અત્યારે સરકાર તરફથી નાગરિકો તરફનો માહિતીનો પ્રવાહ ઘટ્યો છે.

ડિસેમ્બર-૨૦૦૨ દરમ્યાન માહિતીના અધિકારનો ખરડો પસાર કરાયો છે તે એક નોંધનીય ઘટના છે. તામિલનાડુ, ગોવા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આસામ અને દિલ્લીમાં વિધાનસભાઓએ પણ આવા કાયદા પસાર કર્યા છે.

### સ્વાતંત્ર્ય બાદ ચૂંટણી પ્રક્રિયામાં આવેલા મોટા ફેરફારો

- મતાદાતાની યોગ્યતા ઉંમર ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ કરાઈ.
- રાજકીય પક્ષોની ફરજિયાત નોંધણી.
- ચૂંટણી પંચને બૂથ કબજે થવાના કિસ્સામાં સમગ્ર મતવિસ્તારમાં ચૂંટણી રદ કરવાની સત્તા અપાઈ.
- મુખ્ય ચૂંટણી કમિશનરની સેવાની શરતોને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિની કક્ષાની બનાવાઈ અને એ રીતે તેમના હોદ્દાની પ્રતિષ્ઠા વધારાઈ.
- ચૂંટણી ખર્ચની મર્યાદા વધારવામાં આવી.
- વીજાણુ મતદાન યંત્રોનો વ્યાપક ઉપયોગ, મતદારોને ઓળખ પત્ર તથા બોગસ મતદાન, બૂથ કબજે કરવા ઉપર કડક દેખરેખ અને મતગણતરીના સમયમાં ઘટાડો.

## સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

સર્વોચ્ચ અદાલતના તા.૧૩-૩-૨૦૦૩ના ચુકાદા અનુસાર દરેક ઉમેદવારે ઉમેદવારી પત્ર ભરતી વખતે એક સોગંદનામામાં નીચેની વિગતો જાહેર કરવી પડે:

- ભૂતકાળમાં થયેલી સજાઓ.
- આરોપ મુકાયા હોય તેવા તમામ કેસો.
- ઉમેદવાર, પતિ કે પત્ની અને આશ્રિત બાળકોની અસ્કામતો.
- જવાબદારીઓ. તેમાં સરકાર અને જાહેર નાણાં સંસ્થાઓ પ્રત્યેની જવાબદારીઓનો સમાવેશ થઈ જાય.
- શૈક્ષણિક લાયકાત.

આ ચુકાદામાં એમ જણાવાયું છે કે મતદારોને માહિતીનો અધિકાર છે કે જેથી તેઓ વિવિધ ઉમેદવારો વચ્ચે માહિતીપ્રદ પસંદગી કરી શકે. મતદારોને ખાસ કરીને ગુનાખોરીના ભૂતકાળ વિશે અંધારામાં રાખવામાં આવે તો તે મુક્ત અને ન્યાયી ચૂંટણી સાથે સુસંગત બાબત નથી.

ચૂંટણી પંચે એ માટે હુકમો જારી કર્યા છે કે લોકોને વિનંતી કરવાથી માહિતી મળે. પાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીમાં આ આદેશોનું પાલન થશે. ચૂંટણી પંચના આ હુકમોથી કંઈક અંશે પારદર્શિતા ઊભી થશે. જો કે, આ હુક્મ માહિતી મેળવવા માટે નાગરિકોને સ્વતંત્રતા આપે છે. નાગરિક જૂથો હવે મજબૂત બને અને પોતાના અધિકાર માગે અને માહિતીની માગણી કરે એ જરૂરી છે.

આ હુકમ માહિતીની જાહેરાત વિશે છે, ઉમેદવારની ગેરલાયકાત વિશે નથી. તે ધારાગૃહને શૈક્ષણિક લાયકાત નક્કી કરતો કાયદો કરવા કહેતો નથી. વળી, તે ગુનાઈત ભૂતકાળ ધરાવનાર વ્યક્તિ ગેરલાયક ઠરશે તેમ પણ કહેતો નથી. ઉપરાંત, કઈ રીતે સંપત્તિ ભેગી કરાઈ છે તેને વિશે પણ પ્રશ્ન ઉઠાવાતો નથી. દેશનું શાસન કરવા સ્વચ્છ અને ઓછો ખરાબ માણસ આવે તે માટે જાહેર તપાસ થાય તે જરૂરી છે. મતદાન કરવું એ અભિવ્યક્તિ છે. મતદાન કરીને વ્યક્તિ ઉમેદવાર માટેની પોતાની પસંદગી વ્યક્ત કરે છે. મતદાર જે અભિવ્યક્તિનો અધિકાર ધરાવે છે તેમાંથી જ આ રીતે માહિતીનો અધિકાર પરિણમે છે. અસ્કામતો અને જવાબદારીઓ જાહેર થાય તો નાણાં એકત્ર કરવા માટે સત્તાનો દુરુપયોગ થતો ઘટે. આ દૂષણ આપણા રાજકીય પરિવેશમાં ખૂબ જ વ્યાપક બની ગયું છે.

## નાગરિક સમાજનાં જૂથોના પ્રયાસો

છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન ચૂંટણી સુધારા માટે છૂટાછવાયા પ્રયાસો થયા છે. જાહેર હિતની અરજીઓ, માહિતીના અધિકાર અંગેના કાયદા અને બંધારણીય જોગવાઈઓનો અમલ વગેરેનો તેમાં સમાવેશ થાય છે. આ પ્રયાસો સફળ થાય તે માટે ઘણો લાંબો સમય લાગ્યો છે અને નાગરિક સમાજનાં સંગઠનોએ તે માટે ઘણા પ્રયત્નો કર્યા છે. રાજસ્થાનમાં 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન', દિલ્લીમાં 'પરિવર્તન', આંધ્ર પ્રદેશમાં 'લોકસત્તા', મહારાષ્ટ્રમાં અન્ના હજારેનું ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન, મુંબઈમાં 'અગ્નિ', બેંગલોરમાં પીએસી, દિલ્લીમાં 'ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશનલ' અને 'કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશ્યેટિવ્ઝ' વગેરેએ આ પ્રયત્નો કર્યા છે. સુશાસન માટેના આ પ્રયાસો સાચી દિશાના છે પણ મોટે પાયે જો આવા પ્રયાસો ના થાય તો એવા છૂટાછવાયા પ્રયાસોથી કામ સરશે નહિ. ચાર સંગઠનોએ જે પ્રયાસો કર્યા છે તેની વિગતો અહીં આપવામાં આવી છે.

## મઝદૂર કિસાન શક્તિ સંગઠન

આ સંગઠને માહિતીના અધિકાર માટેની ઝુંબેશ ચલાવી અને રાજસ્થાનમાં ગામ તથા તાલુકા સ્તરે જાહેર કામોમાં થતા ભ્રષ્ટાચારને બહાર પાડવા 'જન સુનવાઈ'નો ખ્યાલ પ્રસારિત કર્યો. સંગઠન કામદારો અને ખેડૂતો સાથે કામ કરે છે. તે સહભાગી લોકશાહીની પ્રક્રિયાને મજબૂત કરે છે કે જેથી તેઓ ગૌરવ અને ન્યાય સાથે પોતાનું જીવન જીવી શકે. શાસન વ્યવસ્થામાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ લાવવા માટેની અંતર્દૃષ્ટિ તેણે ગરીબ લોકોને આપી છે. પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં કરવામાં માહિતીની પ્રાપ્તિ પાયાની બાબત છે એ તેણે સાબિત કરી બતાવ્યું છે. વિકાસલક્ષી ભંડોળનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચતો નહોતો કારણ કે સરકારી યોજનાઓના અમલમાં ભ્રષ્ટાચાર અને છેતરપિંડી થતાં હતાં એ પણ તેણે બતાવી આપ્યું.

આરંભમાં આ સંગઠને લોકોને પંચાયતો દ્વારા થયેલા ખર્ચના દસ્તાવેજોની નકલો માગવા માટે પ્રેરિત કર્યા. જો કે, પંચાયતમાંથી માહિતી મેળવવા માટે લોકો પાસે કોઈ કાનૂની અધિકાર નહોતો તેથી તેમણે પોતાના પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા અધિકારીઓ પર આધાર રાખવો પડતો હતો. એક વાર આ દસ્તાવેજો મળી જાય પછી સંબંધિત પંચાયતના લોકોની બારીક તપાસ કરવામાં આવે અને પછી લોક સુનાવણી રાખવામાં આવે. લોક સુનાવણીમાં પંચાયતે કરેલું કામ તપાસવામાં આવે. તેનાથી લોકોને પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં કરવા પોતાનો અધિકાર પ્રસ્થાપિત કરવાની તક મળી. લોકોનો મંચ ઊભો કરવાનું તે એક સાધન બની ગયું. ત્યાં બધા જ હિતધારકોને નિમંત્રવામાં આવતા હતા અને માહિતીને ચકાસવામાં આવતી હતી. વારંવાર લોક સુનાવણી યોજાય અને તેથી સ્થાનિક સ્તરે સ્વશાસન માટેનો લોકોનો અધિકાર પ્રસ્થાપિત થાય.

છેવટે જુલાઈ-૧૯૯૭માં રાજસ્થાન સરકારે પંચાયતી રાજના નિયમોમાં સુધારો કર્યો અને મે-૨૦૦૨માં માહિતીના અધિકારનો કાયદો ઘડાયો. સામાન્ય લોકો આ કાયદાનો ઉપયોગ કરી શકે તે માટે માહિતીના અધિકાર માટેની ઝુંબેશ રાજસ્થાનમાં ચાલુ જ રહી છે.

## પરિવર્તન

દિલ્લીની આ સંસ્થાએ રાજસ્થાનના 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' સાથે સહયોગ સાધ્યો અને તેણે દિલ્લીમાં રસ્તા, પાણી પુરવઠો, વીજળી વગેરે જેવી માળખાગત સવલતોના ખરાબ કામ વિશે લોક સુનાવણીઓ યોજી. લોકોનું ધ્યાન તેના તરફ ખેંચાયું. લોકોને એ વાતની ખબર પડી કે પૈસા ક્યાં જાય છે અને કેવી રીતે જાય છે તે જાણવાનો પોતાને અધિકાર છે. પૈસા આપણા છે અને આપણે હિસાબો જાણવા જ જોઈએ એમ લોકોને લાગ્યું. તેનાથી લોકો માનસિક રીતે મજબૂત બન્યા. 'આપણા પૈસા, આપણો હિસાબ' ઝુંબેશથી લોકોને માહિતીનો અધિકાર હોવા વિશેની જરૂરિયાત સમજાઈ.

## લોકસત્તા

૧૯૯૮માં આ સંગઠને ચૂંટણી પર દેખરેખ રાખવાનું કામ કર્યું અને તેણે લોકસભાની ચૂંટણી દરમ્યાન ૪૫ ઉમેદવારોનો ગુનાખોરીનો ભૂતકાળ જાહેર કર્યો. તેમના પ્રયાસ રાજકારણના ગુનાકરણથી આગળ વધ્યા અને સુશાસન માટે તેણે પ્રયાસ શરૂ કર્યા. તેની ઝુંબેશનું નામ હતું 'લોકસત્તા, આપકી સત્તા'. આંધ્ર પ્રદેશના પ્રશ્નો વિશે તેનાથી લોકોમાં જાગૃતિ ફેલાઈ. 'લોકસત્તા'ને એ સમજાયું છે કે ચૂંટણી પ્રથાની ખોટી રીતોથી મુક્ત અને ન્યાયી ચૂંટણી ઉપર વિપરીત અસર ઊભી થાય છે. પરિણામે સુશાસન આડે અવરોધ ઊભો થાય છે. આમાં ચૂંટણીની ગેરરીતિઓ, ઊંચું ખર્ચ, સત્તાનું ગુનાકરણ, પારદર્શિતાનો

અભાવ, અપર્યાપ્ત ઉત્તરદાયિત્વ, અસરકારક તંત્રનો અભાવ વગેરે અવરોધો છે. ગુનાખોરીની તપાસ ઉપર રાજકીય નિયંત્રણ છે અને ભ્રષ્ટાચારનું એક કારણ એ પણ છે.

'લોકસત્તા'એ શાસન સુધારામાં ચૂંટણી સુધારાને કેન્દ્રીય મુદ્દો બનાવ્યો છે. તે ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા જાહેરાતનાં કડક ધોરણોની હિમાયત કરે છે અને ફરજિયાત ઓડિટિંગ ઈચ્છે છે. પરંતુ પ્રમાણસર પ્રતિનિધિત્વ ઊભું થાય તો તે ખરો ચૂંટણી સુધારો કહેવાય. નિર્ણય પ્રક્રિયાની સાંકળની કડીઓ ઘટાડવા માટે સત્તાનું વિકેન્દ્રીકરણ થાય અને સ્થાનિક સરકારને સત્તા મળે તે જરૂરી છે. તેનાથી જાહેર નાણાંનું શું થઈ રહ્યું છે તેની લોકોને ખબર પડશે. વળી, ગેરશાસન અને ભ્રષ્ટાચારનાં પરિણામોની પણ તેમને ખબર પડશે. હાલ મત વેચવાની રીત અસ્તિત્વમાં છે એનું કારણ એ છે કે મતદારોને એમ લાગે છે કે ચૂંટણીના પરિણામથી કશું ખરેખર બદલાતું નથી. તેથી તેઓ ટૂંકા ગાળાનો નાણાકીય લાભ મેળવી લેવા માગે છે. વિકેન્દ્રિત સરકારમાં મતદાર પોતાનું લાંબા ગાળાનું હિત જુએ છે અને તે પૈસા માટે મત આપે એવી શક્યતાઓ ઓછી રહે છે.

ચૂંટણી સુધારા માટે 'લોકસત્તા'એ ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી છે. લોક દેખરેખ, સ્વરાજ આંદોલન, ચૂંટણી દેખરેખ વગેરે. ચૂંટણી દેખરેખનું કામ ખૂબ જ જાણીતું થયું છે. લોક જાગૃતિ વધારવા મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે લોક ભાગીદારીને પ્રોત્સાહન આપવા, વધુ સારા ઉમેદવારોની પસંદગીને પ્રોત્સાહન આપવા અને શાસન સુધારા કે ચૂંટણી સુધારા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા તે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરે છે.

તેની કેટલીક મુખ્ય પ્રવૃત્તિઓ આ મુજબ છેઃ

- ચૂંટણી પર દેખરેખના ભાગરૂપે મેન્યુઅલ બહાર પાડવું કે જે નાગરિકો માટે માર્ગદર્શક બને.
- મતદાર યાદીઓની ચકાસણી અને મતદારોની નોંધણી માટે નાગરિકોની સામેલગીરી.
- ન્યાયવિદો, પત્રકારો અને નિષ્ણાતોની બનેલી સમિતિ ઉમેદવારોનો ગુનાખોરીનો ભૂતકાળ તપાસે.
- શાસન સુધારા અને ચૂંટણી સુધારા માટે ચૂંટણી સમયે લોકમત ઊભો કરવો.
- તમારા ઉમેદવારને જાણોઃ તમામ ઉમેદવારોને પ્રશ્નાવલી મોકલવી. તેમાં રાજકીય ક્ષેત્રની કામગીરી, ગુનાખોરી અને નાણાકીય દરજ્જાની માહિતી મેળવવી. મતદારો માહિતીપ્રદ પસંદગી કરે તે માટે તેનું વ્યાપક પ્રકાશન કરવું.
- સાર્વજનિક મંચઃ ૧૩૦ વિધાનસભા મતવિસ્તારોમાં જાહેર ચર્ચા ગોઠવવામાં આવી. અખબારો અને ટીવીમાં તેને વ્યાપક પ્રસિદ્ધિ મળી.
- મતદાર ઝુંબેશઃ નાગરિકોને બહાર નીકળવા અને મત આપવા માટે પ્રોત્સાહન. કોઈ ઉમેદવાર પસંદ ના હોય તો મત ખરાબ કરવા પ્રોત્સાહન. તેનાથી બીજો કોઈ તેમનો મત ના આપી શકે.
- લગભગ ૧૦,૦૦૦ જેટલા પ્રશિક્ષિત સ્વયંસેવકોને મતદાન ઉપર દેખરેખ રાખવા અને ગેરરીતિઓ થતી અટકાવવા સામેલ કરવામાં આવ્યા.
- જીવંત ટીવી પ્રસારણઃ રાજ્ય સ્તરીય ચર્ચા ગોઠવવામાં આવી કે જેમાં બે અગ્રણી પક્ષોના નેતાઓએ ભાગ લીધો અને ટીવી પર તેનું જીવંત પ્રસારણ થયું. ચૂંટણી પ્રચારનું સ્વરૂપ તેનાથી બદલાઈ ગયું.

એમ જણાયું છે કે સત્તાના વિકેન્દ્રીકરણનો કોઈ વિકલ્પ નથી. માહિતીનો અધિકાર, ઉત્તરદાયિત્વ અને ભ્રષ્ટ લોકોને સજા કરવા માટેનું અસરકારક તંત્ર એ જ લોકશાહીને મજબૂત કરવાની રીત છે. આ બધી અનિવાર્ય બાબતો છે પણ પર્યાપ્ત નથી. આર્થિક નિર્ણય પ્રક્રિયામાં રાજકારણીઓ અને અમલદારોની સામેલગીરી ઘટાડવાનું પૂરતું નથી. જો ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપનારી પરિસ્થિતિ પ્રવર્તમાન હોય તો ભ્રષ્ટાચાર ચાલુ જ રહે છે, માત્ર તેનું સ્વરૂપ બદલાઈ શકે છે. અનેક મોરચે હુમલો કરવામાં આવે તો જ ભ્રષ્ટાચારને ડામી શકાય છે.

## એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ

ગુજરાતમાં આ સંસ્થાની સ્થાપના ૧૯૯૯માં લોકશાહીને અને શાસનને સુધારવા માટે કરવામાં આવી. તેના પ્રયાસો નીચે મુજબ છેઃ

- તેણે ડિસેમ્બર-૧૯૯૯માં કામિની જયસ્વાલ નામના વકીલ મારફતે દિલ્લીની વડી અદાલતમાં એક અરજી કરી હતી અને તેમાં તેણે ઉમેદવારોની નાણાકીય બાબતો, ગુનાખોરી અને શૈક્ષણિક લાયકાત વિશે માહિતી જાહેર થાય તેની માગણી કરી હતી. આ જાહેર હિતની અરજી દિલ્લીની વડી અદાલતે માન્ય રાખી અને સર્વોચ્ચ અદાલતે તેનો નોંધપાત્ર ચુકાદો આપ્યો. તેમાં તેણે બંધારણની કલમ-૧૯ અન્વયે જે અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય છે તે માહિતીના અધિકાર વિના શક્ય નથી એમ કહ્યું. તા. ૨૪-૮-૨૦૦૨ના રોજ સરકારે એક વટહુકમ બહાર પાડ્યો અને આ ચુકાદાને આંશિક રીતે રદબાતલ ઠરાવ્યો. તેમાં ગુનાખોરીની વિગતો જાહેર કરવાનું મુનાસિબ મનાયું પણ શૈક્ષણિક લાયકાત અને નાણાકીય અસ્કામતોની જાહેરાત યોગ્ય મનાઈ નહિ. ડિસેમ્બર-૨૦૦૨માં આ વટહુકમને સંસદે પસાર કર્યો. જો કે, સર્વોચ્ચ અદાલતે તે રદ કર્યો અને એમ કહ્યું કે આ કાયદો ગેરબંધારણીય છે, કારણ કે ઉમેદવારો વિશેની માહિતી જાણવાના મતદારોના અધિકારને જ તે નિયંત્રિત કરે છે.

- ગુજરાતમાં મતદાર યાદીઓની ખરાઈ તપાસવા માટે તેણે એક નમૂનારૂપ સર્વેક્ષણ હાથ ધર્યું. ડિસેમ્બર-૨૦૦૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાઈ તે પહેલાં આ સર્વેક્ષણ હાથ ધરાયું હતું. પાંચ મતદાન મથકોની મતદાર યાદીઓની ચકાસણી તેના સ્વયંસેવકોએ ઘેરે ઘેરે ફરીને કરી હતી. તેમાંનાં ત્રણ શહેરી મતદાન મથકો હતાં અને બે ગ્રામીણ હતાં. સર્વેક્ષણમાં જણાયું હતું કે મતદાર યાદીઓમાં ૩૨ ટકા જેટલી ભૂલો છે. જાણી જોઈને થઈ હોય અથવા સરતચૂકથી થઈ હોય તેવી બંને પ્રકારની ભૂલો તેમાં જણાઈ છે.

- તેણે ચૂંટણી પર દેખરેખ રાખવાનું કામ કર્યું. વિધાનસભાની ચૂંટણી સમયે ગુનાખોરીનો ભૂતકાળ ધરાવતા ઉમેદવારોની યાદી તેણે જાહેર કરી. તેના કાર્યકરોએ ઉમેદવારોના ગુનાઈત ભૂતકાળની વિગતો અનેક સ્રોતો પાસેથી મેળવી હતી, અને સોગંદનામાંઓ સાથે તેની ચકાસણી કરી હતી. આ માહિતી ચકાસવા માટે ગુજરાતના અગ્રણી નાગરિકોની બનેલી એક સમિતિની રચના કરવામાં આવી હતી. ગુનાઈત ભૂતકાળ ધરાવતા ઉમેદવારોની માહિતી પછી પ્રસાર-પ્રચાર માધ્યમો માટે જારી કરવામાં આવી હતી. સંસ્થાની વેબસાઈટ ઉપર પણ આ યાદી મૂકવામાં આવી હતી.

### ઉપસંહાર

નાગરિક સામાજનાં જૂથો દ્વારા જે પ્રયાસો થયા છે તે પ્રશંસનીય છે. પરંતુ આ છૂટાછવાયા પ્રયાસો પૂરતા નથી. ખરા અર્થમાં પરિવર્તન લાવવા માટે લોકોને અને નાગરિક સમાજનાં જૂથોને જાગૃત કરવાનું જરૂરી છે. તો જ ભારતમાં સાચી લોકશાહી અને સુશાસન ઊભાં થઈ શકે. જો કે, આ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓએ તે માટેની કાર્યલક્ષી યોજના ઘડી કાઢી છે. તેમાં નાગરિકોની ચૂંટણી રખેવાળ સમિતિઓ બનાવવી, ઉમેદવારો વિશે માહિતી ભેગી કરવી અને વિતરિત કરવી, જાગૃતિ માટે ઝુંબેશ ચલાવવી, ભ્રષ્ટાચાર અને લોકોના જીવન વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કરવો અને મતદાર યાદીની ચકાસણી કરવી વગેરે કાર્યોનો સમાવેશ થાય છે. આ બધી જ પ્રવૃત્તિઓ અંતે તો સુશાસન લાવવાનો હેતુ સિદ્ધ કરવા માટે છે.

વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ

(૧) **મઝદૂર કિસાન શક્તિ સંગઠન**, દેવડુંગરી, પોઃ બારાર, તાલુકાઃ ભીમ, રાજસમંદ-૩૧૩૩૪૧, રાજસ્થાન. ફોનઃ ૦૨૯૫૧-૨૫૦૧૮૦, ઈમેલઃ mkssrajasthan@yahoo.com

(૨) **પરિવર્તન**, ઈ-૧૦૯, પાંડવનગર, દિલ્હી - ૧૧૦૦૯૨. ફોનઃ ૦૧૧-૫૫૨૫૪૦૭૭. ઇમેલઃ parivartan@parivartan.com

(૩) **લોકસત્તા**, ૪૦૧-૪૦૮, નિર્મલ ટાવર્સ, દ્વારકાપુરી કોલોની, પુંજાગુટ્ટા, હૈદરાબાદ - ૫૦૦ ૦૮૨. ફોનઃ ૦૪૦-૨૩૩૫૦૭૭૮/ ૨૩૩૫૦૭૯૦. ઈમેલઃ loksatta@satyam.net.in

(૪) **એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ**, વીંગ નં.૧૨, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૬૩૨૪૯૧૩, ઈમેલઃ adr@icenet.net

## પૃષ્ઠ ૬નું શેષ

ઉપરોક્ત બાબતો આપત્તિ આવે તે પૂર્વે તેના સામનાની તૈયારી કરવાના સંદર્ભમાં અગત્યની છે. એમાં સ્થાનિક સમુદાયને જેટલા વધુ પ્રમાણમાં સામેલ કરી શકાય તેટલા વધુ પ્રમાણમાં સામેલ કરવો જોઈએ. તેની પાસે આપત્તિના સામનાના સંદર્ભમાં જરૂરી તમામ માહિતી હોવી આવશ્યક છે.

### સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને આપત્તિ સંચાલન

ભારતમાં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારાથી ૧૯૯૨માં પંચાયતો અને પાલિકાઓ ત્રીજા સ્તરની સરકાર બની છે. તેઓ આપત્તિ સંચાલનમાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે અગત્યની ભૂમિકા ભજવી શકે છે. આ સંસ્થાઓ બંધારણીય દરજ્જો ધરાવે છે અને લોકોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. તેઓ લોકોને સીધી રીતે જવાબદાર પણ છે. વળી, તેમનું કાર્યક્ષેત્ર પણ નિશ્ચિત છે અને બહુ આસાનીથી તે લોકોની વચ્ચે છે, એટલે કે તેમનો સંપર્ક આસાનીથી સાધી શકે છે. તેથી જ તેઓ લોકોને સ્પર્શતા તમામ પ્રશ્નોના ઉકેલ માટેની સંભાવ્ય શક્તિ ધરાવે છે. પરંતુ તેમની પાસે સંસાધનોનો અભાવ છે, તેમની કોઈ વિશ્વસનીયતા હજુ સુધી ઊભી થઈ નથી. વળી, ગામના વિકાસનાં કાર્યો કરવાની તેમની પાસે વહીવટી સત્તા જ નથી. મોટે ભાગે તેઓ સરકારી કાર્યક્રમો પર આધાર રાખનારી સંસ્થાઓ છે. આ સમસ્યાઓનું મુખ્ય કારણ એ છે કે સમુદાય અને સરકારી વ્યવસ્થામાં રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે અને તેમની લોકસ્વીકૃતિ ઊભી થઈ નથી.

### ઉપસંહાર

આપત્તિના સામનાની તૈયારી અંગે અત્યારે જે વ્યવસ્થા ગોઠવાઈ છે તેમાં મોટે ભાગે ઉપરથી નીચેનો અભિગમ જોવા મળે છે. સરકાર કેન્દ્રિત રીતે આપત્તિના સામના માટેનું આયોજન કરે છે અને લોકોએ પછી તેનો અમલ કરવાનો રહે છે. વાસ્તવમાં આવું આયોજન લોકો દ્વારા થાય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેમાં સક્રિય ભૂમિકા ભજવે અને લોકો જ તેનો અમલ કરે તો આપત્તિનો સામનો વધારે અસરકારક રીતે લોકો કરી શકશે.

# અસંગઠિત ક્ષેત્ર અને સામાજિક સલામતી અંગે મજૂર પંચની ભલામણો

કેન્દ્ર સરકારે ૨૦૦૨માં એક રાષ્ટ્રીય મજૂર પંચ નીમ્યું હતું. આ મજૂર પંચે તેની ભલામણો તાજેતરમાં જ કેન્દ્ર સરકારને સુપરત કરી છે. અસંગઠિત ક્ષેત્ર માટે અને સામાજિક સલામતીના સંદર્ભમાં તેણે જે અગત્યની ભલામણો પોતાના અહેવાલમાં રજૂ કરી છે તેનો સારાંશ અત્રે **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા રજૂ કરાયો છે.

## પ્રસ્તાવના

ભારતમાં ઔદ્યોગિક મજૂરોની સ્થિતિ સુધરે તે માટે કેન્દ્ર સરકાર જુદા જુદા સમયે મજૂર પંચની નિમણૂક કરતી રહી છે. સ્વતંત્ર ભારતમાં ૧૯૬૭ અને ૧૯૯૧માં એમ બે મજૂર પંચો નિમાયાં હતાં. ૨૦૦૨માં ભારત સરકારે ભૂતપૂર્વ શ્રમ પ્રધાન અને જાણીતા સર્વોદય નેતા શ્રી રવીન્દ્ર વર્માના અધ્યક્ષપદે વધુ એક મજૂર પંચની નિમણૂક કરી હતી. આ મજૂર પંચે તેનો અહેવાલ ભારત સરકારને સુપરત કરી દીધો છે. ભારત સરકારે આ પંચની નિમણૂક કરવા માટે જે ઠરાવ જાહેર કર્યો હતો તેમાં આ પંચનાં બે મુખ્ય કાર્યો ગણાવાયાં હતાં: (૧) સંગઠિત ક્ષેત્રમાંના મજૂરો સંબંધી વર્તમાન કાયદાઓમાં સુગ્રથિત ફેરફારો સૂચવવા. (૨) અસંગઠિત ક્ષેત્રમાં કામદારોના લઘુતમ રક્ષણની ખાતરી આપે તેવા સર્વગ્રાહી કાયદા માટે સૂચન કરવું.

આ મજૂર પંચ પહેલાંનાં બે પંચોએ પણ અસંગઠિત ક્ષેત્રના મજૂરોને માટે તપાસ કરી હતી અને ભલામણો કરી હતી. પરંતુ પહેલી જ વાર ભારત સરકારે આ ત્રીજા મજૂર પંચને અસંગઠિત ક્ષેત્રના મજૂરોનાં કલ્યાણ અને રક્ષણ માટે એક સર્વગ્રાહી કાનૂન સૂચવવાનું કહ્યું હતું. મજૂર પંચે તે મુજબ એક ખરડો તેના અહેવાલમાં સૂચવ્યો છે અને તે ઉપરાંત કેટલીક ભલામણો પણ કરી છે.

૧૯૯૧માં ભારતમાં નવી આર્થિક નીતિનો આરંભ થયો. વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણ તેનાં ઘટકો છે. આ નવા માહોલમાં મજૂરો વિશેનું અને મજૂર મંડળો વિશેનું ચિંતન બદલાયું છે. મજૂર મંડળોની ભૂમિકા વિશે પણ હવે તદ્દન નવી જ રીતે વિચારવામાં આવે છે. બજારલક્ષી અર્થતંત્ર ઊભું કરવા માટે ભારતમાં જે પ્રયાસો થઈ રહ્યા છે તેમાં મજૂરોનું કલ્યાણ બજાર પર છોડી દેવું એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે મજૂર પંચે મજૂરોની આર્થિક અને સામાજિક સલામતી વિશે જે ભલામણો કરી છે તેના પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

મજૂર પંચે તેના અહેવાલમાં અસંગઠિત ક્ષેત્રના સંદર્ભમાં ચાર બાબતો પર ભાર મૂક્યો છે: લઘુતમ વેતન, કામની સલામતી, સુરક્ષા અને સામાજિક સલામતી. પંચે અસંગઠિત ક્ષેત્રમાં થતાં કામોને વિવિધ જૂથોમાં વહેંચ્યાં છે અને તેની કામચલાઉ પણ એક સર્વગ્રાહી યાદી આપી છે. તેનો ઉપયોગ વેતન નક્કી કરવા માટે થઈ શકે એમ તેણે જણાવ્યું છે. જો કે સામાજિક સલામતીનાં પગલાં અને તે માટેનો સેસ ઉઘરાવવા માટે અલગ જૂથ-આધારિત વિચારણા થવી જોઈએ એમ પંચે કહ્યું છે. આ સંદર્ભમાં મજૂર પંચે જે વિવિધ ભલામણો કરી છે તેમનો સારાંશ અત્રે આપવામાં આવ્યો છે.

૧૯૯૧માં જે મજૂર પંચની રચના કરવામાં આવી હતી તે તો માત્ર ગ્રામ મજૂરો માટે હતું. એટલે સર્વગ્રાહી મજૂર પંચની રચના દેશમાં લગભગ સાડા ત્રણ દાયદા પછી થઈ. વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના નવા માહોલમાં પણ મજૂરોના કલ્યાણ માટે રાજ્યની ભૂમિકા ભારતમાં શી છે તે સ્પષ્ટ થઈ જાય છે.

## અસંગઠિત ક્ષેત્ર

(૧) અસંગઠિત ક્ષેત્રના કામદારોને કામદારો જ ગણવામાં આવતા નથી. તેથી આ કામદારોને સત્તાવાર સર્વેક્ષણોમાં કામદાર તરીકેનું સ્થાન મળવું જોઈએ.

(૨) અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનારા દરેક કામદારને સત્તાવાર ઓળખપત્ર મળવું જોઈએ. આવું ઓળખપત્ર તેમને કાનૂની ઓળખ અને માન્યતા બક્ષશે.

(૩) કામના અધિકારને સામાજિક સલામતીના અધિકારની સાથે સાથે જોવાવો જોઈએ. સામાજિક સલામતીમાં આરોગ્ય સંભાળ, બાળ સંભાળ, આવાસ અને વૃદ્ધાવસ્થામાં ટેકાનો સમાવેશ થઈ જાય છે. આરોગ્ય સંભાળમાં માતૃત્વ અને ઈજા સમયની સારવારનો પણ સમાવેશ થવો જોઈએ.

(૪) અસંગઠિત કામદારો માટેના કાયદામાં નીતિવિષયક માળખું એવું હોવું જોઈએ કે જેથી નોકરીઓ ઊભી થાય, તેનું રક્ષણ થાય અને તે મળે. ઉપરાંત, ગરીબીના કારણે અને સંગઠનના અભાવે શોષણ થતું અટકે અને તેની સામે રક્ષણ મળે, સમયસર વેતન મળે, લઘુતમ વેતન મળે અને તેમને આડેધડ નોકરીમાંથી બરતરફ ના કરાય.

(૫) કલ્યાણની વ્યવસ્થામાં કામ દરમ્યાન થતી ઈજા સામે વળતર,

પ્રોવિડંટ ફંડ, તબીબી સંભાળ, પેન્શનનો લાભ, માતૃત્વ લાભ અને બાળ સંભાળનો સમાવેશ થવો જોઈએ.

(૬) અસંગઠિત ક્ષેત્ર માટેનો કાયદો એવો હોવો જોઈએ કે તેનો આસાનીથી અમલ થઈ શકે અને અમલ પર આસાનીથી દેખરેખ રાખી શકાય. દાવાઓ અને ફરિયાદોનો નિકાલ ઝડપથી થવો જોઈએ અને તેનું સ્થળ કામદારના કામના સ્થળથી બહુ દૂર ના હોવું જોઈએ.

(૭) સામાજિક સલામતીની વ્યવસ્થા એવી હોવી જોઈએ કે કામદાર તેના ખર્ચમાં પોતાનો ફાળો આપી શકે. તેમાં તેની જરૂરિયાતોને ધ્યાનમાં રખાવી જોઈએ અને તેના કામના સ્થળની નજીક તેની સેવાઓ મળવી જોઈએ. ઉપરાંત, તે કંટાળાજનક, ખર્ચાળ, કેન્દ્રિત વ્યવસ્થાવાળી અને વહીવટી ગૂંચોવાળી ન હોવી જોઈએ.

(૮) સામાજિક સલામતીનાં પગલાંમાં બાળ મજૂરી, વેઠ મજૂરી અને ગેરવાજબી શ્રમ સંબંધો અને વ્યવહારો દૂર કરવાનો સમાવેશ થવો જોઈએ.

(૯) અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનારાનું વર્ગીકરણ સતત કરતા રહેવું જોઈએ. નવા વર્ગો ઉમેરાતા જાય અને જૂના તેમાંથી દૂર થતા જાય તેવી વ્યવસ્થા થવી જોઈએ.

(૧૦) અસંગઠિત ક્ષેત્રના કામદારોનું એક બોર્ડ રચવું જોઈએ અને તેમાં પંચાયત સુધીની સંસ્થાઓનો સમાવેશ કરવો જોઈએ.

(૧૧) જે માલિકો પાંચ કામદારોથી વધુ કામદારોને કામે રાખતા હોય તેમણે કામદારોની નોંધણી ઉપરોક્ત બોર્ડમાં થાય અને તેમને બોર્ડ દ્વારા ઓળખપત્ર અપાય તે જોવું જોઈએ. જે એકમોમાં પાંચ કરતાં ઓછા કામદારો હોય ત્યાં પણ માલિકોએ તેમને નોંધણી કરાવવા અને ઓળખપત્ર મેળવવામાં મદદ કરવી જોઈએ.

## સામાજિક સલામતી

(૧) પ્રાથમિક અથવા પાયાની સલામતી પૂરી પાડવાનું કામ રાજ્ય કરે અને કામદારોના આંશિક કે પૂર્ણ ફાળાવાળી યોજનાઓ માટે અવકાશ પૂરો પાડે. આનો અર્થ એ છે કે મજૂરોને અમુક લઘુતમ સલામતી પૂરી પાડવાની જવાબદારી રાજ્યની છે અને વધુ ઊંચી સલામતી મેળવવાનું જે તે વ્યક્તિ પર છોડવામાં આવે છે.

(૨) 'વર્કમેન' શબ્દને બદલે 'એમ્પલોઈ' શબ્દનો ઉપયોગ કરવો કે જેથી કામદાર વળતર ધારો તમામ પ્રકારના 'કર્મચારી' (એમ્પલોઈ)ને લાગુ પડે. આ ધારાની અનુસૂચિ-૨માં જે પણ રોજગારી દર્શાવાઈ છે તેમાં કામ કરનાર દરેક વ્યક્તિને એમ્પલોઈ ગણવામાં આવે.

(૩) કામદાર વળતર ધારો અત્યારે માલિકની જવાબદારીની યોજના ધરાવે છે. તેને બદલે તે સામાજિક વીમાની યોજનાનો કાયદો બનવો જોઈએ. અને તેની જોગવાઈઓ વધુ ને વધુ કર્મચારીઓને લાગુ પડે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

(૪) સંગઠિત ક્ષેત્રમાં માતૃત્વ લાભની જે જોગવાઈઓ છે તે તમામ મહિલા કામદારોને લાગુ પડાવી જોઈએ.

(૫) અસંગઠિત ક્ષેત્રની મહિલાઓ માટે માતૃત્વ લાભની યોજના માટે અલગ કાયદો કરવાની જરૂર છે.

(૬) કામદાર રાજ્ય વીમા (ઈએસઆઈ) યોજનાનો હેતુ અને તેના કાર્યક્ષેત્રની સમીક્ષા કરવી.

(૭) પ્રોવિડંટ ફંડ ધારો તમામ પ્રકારના એકમોને લાગુ પડે તે જરૂરી છે. તેમાં રોજગારીની મર્યાદા ૧૦ વર્ષની કરવી જોઈએ. તે પછીથી ૩થી ૫ વર્ષમાં ૫ વર્ષની કરવી જોઈએ અને તે પછીના ટૂંકા ગાળામાં તે ૧ વર્ષની કરવી જોઈએ.

(૮) કામદાર ભવિષ્ય નિધિ (ઈપીએફ)માંથી નાણાં વહેલાં ઉપાડવા માટેની જોગવાઈઓ મર્યાદિત કરવી જોઈએ.

(૯) ગ્રેજ્યુઈટી ચુકવણી ધારાને કામદાર ભવિષ્ય નિધિ ધારામાં સમાવી લેવો જોઈએ અને તેનું સામાજિક વીમા યોજનામાં રૂપાંતરણ થવું જોઈએ.

(૧૦) ગ્રેજ્યુઈટી, બેકારી લાભ, લે-ઓફ અને છટણીના વળતર માટેની જોગવાઈ કરતી એક સંકલિત વીમા યોજના ઘડવી જોઈએ અને તેનો અમલ કામદાર ભવિષ્ય નિધિ સંગઠન કરે.

(૧૧) વૃદ્ધાવસ્થા માટે બચત સાથે સંકળાયેલી પેન્શન યોજના ઊભી કરવી જોઈએ. વૃદ્ધો માટે રાષ્ટ્રીય નીતિ ઘડવી જોઈએ.

(૧૨) ખેતમજૂરો માટે કલ્યાણ ભંડોળ અને રોજગાર બોર્ડની રચના કરવી.

(૧૩) શારીરિક રીતે અપંગ લોકો માટે પેન્શનની એક રાષ્ટ્રીય યોજના ઘડવી. એ જ રીતે રક્તપીતિયાઓ માટે પણ રાષ્ટ્રીય પેન્શન યોજના ઘડવી. અને તેમાં માસિક પેન્શન રૂ. ૨૦૦ નક્કી કરવું.

(૧૪) વડા પ્રધાનના અધ્યક્ષપદે 'રાષ્ટ્રીય સામાજિક સલામતી સત્તામંડળ'ની રચના કરવી. તે સામાજિક સલામતી અંગેની રાષ્ટ્રીય નીતિ ઘડી કાઢે અને કેન્દ્ર તથા રાજ્ય સ્તરના કાર્યક્રમોનું સંચાલન કરે. શ્રમ મંત્રાલયમાં પણ સામાજિક સલામતી ખાતું શરૂ કરવામાં આવે.

(૧૫) જુદાં જુદાં મંત્રાલયો અને ખાતાં દ્વારા સામાજિક સલામતી અંગેના જે વિવિધ કાર્યક્રમો ચાલે છે તે તમામને આવરી લેતી સામાજિક સલામતી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

(૧૬) 'ભારતીય સામાજિક સલામતી ભંડોળ'ની રચના કેન્દ્રીય સ્તરે થાય અને તે જ રીતે દરેક રાજ્ય સ્તરે તેવા ભંડોળની સ્થાપના થાય.

# આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારીઃ સામુદાયિક આકસ્મિકતા યોજના

'ઉન્નતિ'ના પ્રોગ્રામ કોઓર્ડિનેટર **સુશ્રી એલિસ મોરિસ** દ્વારા આ લેખ તૈયાર કરવામાં આવેલો છે. આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારીમાં પંચાયતોના ક્ષમતા વર્ધન વિશેની કાર્યલક્ષી સંશોધન પરિયોજનાના ભાગરૂપે આ કામ કરાયું છે અને તેને યુએનએફપીએ દ્વારા ટેકો પૂરો પડાયો છે.

## પ્રસ્તાવના

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગુજરાતમાં આવેલા ભૂકંપે જાનમાલની ભારે હાનિ ઊભી કરી હતી. ગુજરાતના ૨૫ જિલ્લામાંથી ૨૧ને અસર થઈ હતી. લગભગ ૨૦,૦૦૦ લોકોએ જાન ગુમાવ્યા હતા અને મિલકતો તથા અસ્કામતોને થયેલા નુકસાનનો અંદાજ રૂ. ૯,૯૦૦ કરોડનો મૂકવામાં આવ્યો હતો. ભૂકંપ પછી ગુજરાતને રાહત માટે અને પુનર્વસન માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમુદાયનો ટેકો મળ્યો હતો. આ પ્રતિભાવ હજુ પણ ચાલુ છે.

સમુદાય અને પંચાયતો તેમ જ પાલિકાઓ જેવી સ્થાનિક સંસ્થાઓએ આ આપત્તિનો સૌ પ્રથમ પ્રતિભાવ આપ્યો હતો. આરંભના દિવસોમાં તેમણે રાહતની સામગ્રી એકત્ર કરી હતી. તેમાં અનાજ, દવાઓ, કપડાં વગેરેનો સમાવેશ થતો હતો. આ સંદર્ભમાં આપત્તિના સંચાલનમાં સ્થાનિક લોકો અને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓને સામેલ કરવાની ઉપર ભાર મૂકવામાં આવે છે. સ્થાનિક સ્તરે જાનમાલ પર વિનાશક અસરો લઘુતમ થાય તે માટે આપત્તિના સામનાની તૈયારી અને નિવારણનાં પગલાં વિકસાવવા તેમને સંવેદનશીલ બનાવવાની બાબત તેથી અગત્યની બની જાય છે.

આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારી એક અગત્યનો મુદ્દો બન્યો છે. તે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ અને સંસાધનોનું પરિણામ છે. પણ તે એક અલગ જ પ્રકારની ક્ષેત્રીય પ્રવૃત્તિ નથી. ઈરાદો તૈયાર થવાનો છે. એટલે કે આપત્તિની આગાહી કરવી, શક્ય હોય ત્યાં તેને રોકવી અને શક્ય હોય તેટલા પ્રમાણમાં નબળા સમુદાય પર થતી તેની વિપરીત અસરો ઘટાડવી. આપત્તિનો સામનો અસરકારક રીતે અસરગ્રસ્ત સમુદાય કરી શકે તે માટે તેને સક્ષમ બનાવવાનો અને તેની પશ્ચાત્‌વર્તી અસરોનો સામનો કરવાનો પણ તેમાં સમાવેશ થાય છે. આપત્તિના સામનાની તૈયારીમાં અનેક પરિબળો ધ્યાનમાં લેવાનાં હોય છે. તેમાં જોખમ અને નબળાઈનો અંદાજ, સમુદાયની યોજનાનું ઘડતર, આપત્તિના સંચાલન માટે વિવિધ સંગઠનો સાથે નેટવર્ક, કુશળતાની તાલીમ પૂરી પાડવી, આગાહી અને ચેતવણીની યોગ્ય વ્યવસ્થા અને સંચાર વ્યવસ્થા, સમુદાયમાં જાગૃતિ લાવવી, પર્યાપ્ત નાણાકીય સંસાધનોની પ્રાપ્યતા વગેરેનો સમાવેશ થાય છે. 'સામુદાયિક આકસ્મિકતા યોજના' (કોમ્યુનિટી કન્ટિન્જન્સી પ્લાન) તૈયાર કરવાનું કામ એ એક રીતે આપત્તિના સામનાની તૈયારી કરવાનું જ કામ છે.

## સામુદાયિક આકસ્મિકતા યોજના

સામુદાયિક આકસ્મિકતા યોજના એ સમુદાય દ્વારા તૈયાર થયેલી સ્થાનિક કાર્યલક્ષી યોજના છે. આપત્તિ આવે ત્યારે સમયસર અને અસરકારક રીતે બચાવ, રાહત અને પુનર્વસનની કામગીરી કરવા માટે તે યોજના હેઠળ લોકો સંગઠિત થાય છે અને કામ કરે છે. જાનમાલની હાનિ ઘટાડવા માટે તે આપત્તિ સાથે સંબંધિત તમામ પાસાં માટેની સમુદાયની તૈયારી ઊભી કરે છે. આકસ્મિકતા યોજનામાં જોખમનો અંદાજ, નબળાઈનું વિશ્લેષણ, સંસાધનોની ઓળખ, કાર્ય દળની રચના અને તાલીમ, નિવારણ અને સંચાલનની વ્યૂહરચના, સમુદાયની ભૂમિકાઓ અને જવાબદારીઓનું નિર્ધારણ, સંસ્થાઓ અને અન્ય સહભાગીઓની ભૂમિકાઓ અને જવાબદારીઓનું નિર્ધારણ વગેરેનો સમાવેશ થાય છે. તેમાં વાવાઝોડું, ભૂકંપ અને દુકાળ જેવી તમામ પ્રકારની આપત્તિઓને આવરી લેવામાં આવે.

સામુદાયિક આકસ્મિકતા યોજના સ્પષ્ટ, વાસ્તવિક, ફેરફારક્ષમ, અમલમાં મૂકવામાં આસાન, તમામ હિતધારકોને તકો પૂરી પાડનારી અને સ્થાનિક રીતે પ્રાપ્ય સંસાધનો પર આધારિત હોવી જોઈએ. આપત્તિનો અસરકારક અને સમયસર પ્રતિભાવ આપવા માટે અને આપત્તિના અસરકારક સંચાલન માટે અનિવાર્ય છે. તે આપત્તિ સંચાલનના કાર્યક્રમોમાં સામેલ સંસ્થાઓને માર્ગદર્શન પૂરું પાડે છે. તે સ્થાનિક સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરવાનો અવકાશ, પ્રવૃત્તિઓનું સંકલન અને સામેલ તમામ સંસ્થાઓની ભૂમિકાઓ અને જવાબદારીઓ સંબંધી પારદર્શિતા પણ પૂરાં પાડે છે. તે ઉપયોગી માહિતીના વિશ્લેષણ દ્વારા વર્તમાન અને ભવિષ્યના આપત્તિના સંચાલનનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે. ઉપરાંત, તે યોજનાને ટકાઉ બનાવવા માટે યોજનાનાં ઘડતર, અમલ અને દેખરેખમાં સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરે છે.



સમુદાય આકસ્મિકતા યોજના તૈયાર કરે છે. બહારની સંસ્થા તો એ પ્રક્રિયા માટેનો માર્ગ મોકળો કરી આપે છે. સમુદાયને યોજનામાંની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પ્રેરણા અપાય છે અને તે માટે તેને સંવેદનશીલ બનાવવામાં આવે છે. ગામના સ્વયંસેવકો અને સમુદાયના નેતાઓને તે દરમ્યાન ઓળખી કઢાય છે કે જેમને યોજનાના અમલના સંચાલન માટે તાલીમ આપી શકાય. તેઓ આપત્તિ નિવારણ અને સંચાલન માટે તાલીમ મેળવે. યોજનાના તમામ તબક્કામાં સમુદાય, પંચાયત, સરકારી ખાતાં અને અન્ય તમામ સ્થાનિક સંગઠનોને સામેલ કરવાની જરૂર છે. આપત્તિના સામના માટેની સમગ્રલક્ષી યોજના તૈયાર કરવા માટે કેટલીક સહભાગી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

ભૂકંપ બાદ 'ઉન્નતિ'એ કટોકટીની ક્ષણોએ સમુદાયે અને પંચાયતોએ ભજવેલી ભૂમિકા તપાસવા માટે તથા અસરકારક પ્રતિભાવ આપવામાં મદદરૂપ થનારાં અને અવરોધરૂપ બનનારાં પરિબળો કયાં છે તે તપાસવા માટે એક કાર્યલક્ષી સંશોધન અભ્યાસ હાથ ધર્યો હતો. પછી ગામ સ્તરે આકસ્મિકતા યોજના વિકસાવવાની પ્રક્રિયા શરૂ કરાઈ. આરંભમાં કચ્છના ભચાઉ તાલુકાના લુણવા અને મોરગર ગામો માટે આવી યોજનાઓ તૈયાર કરાઈ છે. અહીં લુણવા ગામની યોજના તેની પ્રક્રિયા સાથે રજૂ કરાઈ છે.

## લુણવા ગામની આકસ્મિકતા યોજના

કોઈ પણ કુદરતી કે મનુષ્ય નિર્મિત દુર્ઘટના જાનમાલની હાનિ મોટા પ્રમાણમાં કરે તો તે આપત્તિ કહેવાય. લુણવાના રહીશો ભૂકંપ અને વાવાઝોડાને આપત્તિ ગણે છે પણ તેઓ દુકાળને એવી મોટી આપત્તિ ગણતા નથી.

## આપત્તિનો ઈતિહાસ અને તેના સામનાનું તંત્ર

લુણવા દુકાળ, વાવાઝોડું અને ભૂકંપ સંભવ ગામ છે. ગામની આપત્તિઓનો છેલ્લાં ૪૦ વર્ષોનો ઈતિહાસ જાણવા માટે અને તેની આવૃત્તિ તથા તેના પ્રકાર સમજવા માટે સમુદાયના વડીલો અને અન્ય લોકો સાથે અનૌપચારિક ચર્ચાઓ કરવામાં આવી. દરેક આપત્તિ સમયે સમુદાય અને ગામ પર થયેલી અસર અને તેના સામનાની વ્યવસ્થા વિશે ચર્ચા કરવામાં આવી.

## વાવાઝોડું

વાવાઝોડું મોટે ભાગે માર્ચથી મે અને ઓક્ટોબર-નવેમ્બર દરમ્યાન આવે છે. ગામની અગ્નિ અને દક્ષિણ દિશામાં અરબી સમુદ્ર આવેલો છે. ૧૯૯૮માં જ્યારે વાવાઝોડું આવ્યું ત્યારે ગામના પૂર્વ વિસ્તારને ભારે નુકસાન થયું હતું. કાચાં અને પાકાં ઘરો બંને નાશ પામ્યાં હતાં. આરસીસી બાંધકામવાળાં ઘરોને જ તેની અસર થઈ નહોતી. વાવાઝોડા દરમ્યાન લોકોએ આ ઘરોમાં આશરો લીધો હતો. વૃક્ષો પડી ગયાં હતાં અને ઊભા પાકને પણ નુકસાન થયું હતું. જાનહાનિ ઓછી થઈ હતી પણ ઘણા લોકો ઘવાયા હતા. ગામનાં ઢોર નાશ પામ્યાં હતાં. વાવાઝોડા અગાઉ લોકોને ચેતવણી અપાઈ નહોતી, અને તેથી તેઓ તેનો સામનો કરવા માટે તૈયાર નહોતા. ભારે પવનની સાથે વરસાદ હતો અને તેને કારણે ઘરોમાં ભરેલા અનાજને નુકસાન થયું હતું. ઘરમાં અનાજ સડી ગયું અને તેથી તેનો ઉપયોગ થઈ શક્યો નહિ. આ વાવાઝોડા દરમ્યાન લોકોએ આપત્તિનો અનુભવ કર્યો પણ તેમને એની ખબર નહોતી કે શું કરવાથી નુકસાન ન થાય અથવા ઘટી શકે. ટેલિફોન લાઈનો અને વીજ પુરવઠો કપાઈ ગયાં હતાં. ત્રણ દિવસ પછી સેન્ટ ઝેવિયર્સ શાળાની એક ટુકડી ગામમાં પહોંચી હતી અને તેમનાં ઘરોનું પુનર્બાંધકામ કરવામાં તેમને ટેકો પૂરો પાડ્યો હતો. પણ ભૂકંપે આ ઘરો તોડી નાખ્યાં. ૨૦૦૧માં સમગ્ર કચ્છ માટે વાવાઝોડાની ચેતવણી અપાઈ હતી અને ગામલોકો આપત્તિનો સામનો કરવા માટે તૈયાર હતા. જો કે, વાવાઝોડાની દિશા બદલાઈ ગઈ અને તે કચ્છ પર ત્રાટક્યું નહિ.

## ભૂકંપ

૧૯૫૬માં લુણવાથી ૪ કિ.મી. દૂર સુખપર ગામ ભૂકંપથી સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. પણ લુણવા ગામમાં તેની અસર તુલનાત્મક રીતે ઓછી થઈ હતી, અને માત્ર કાચાં ઘરો જ તૂટી ગયાં હતાં. જો કે, ૨૦૦૧ના ભૂકંપમાં આખું ગામ નાશ પામ્યું અને જાનમાલની ભારે હાનિ થઈ. ૩૭ જણા માર્યા ગયા અને બીજા ઘણા ઘવાયા અને ઘણા લોકો અપંગ બન્યા. ભૂકંપ બાદ અન્ન, આવાસ અને પાણીની ભારે અછત સર્જાઈ. ઘરોમાં જે અનાજ અને ખાદ્યાખોરાકીની ચીજો ભરેલી હતી તે બધીમાં પથરા અને ધૂળ ભરાઈ ગયાં. લોકોએ થોડુંક અનાજ

બચાવવાનો પ્રયત્ન કર્યો અને તેનો ઉપયોગ પણ કર્યો. સ્થાનિક દુકાનોએથી પણ ખાધાખોરાકીની વસ્તુઓ મેળવાઈ. રેતી અને ધૂળ ભરેલાં ભાત અને રોટલી ખાવાં પડ્યાં હોય એવા ઘણા દિવસો ગયા હતા. અન્નજળની વ્યવસ્થા સ્થાનિક રીતે કરવામાં આવી અને બાળકો અને સ્ત્રીઓને તેમાં પ્રાથમિકતા અપાઈ.

યુવાનો અને સ્થાનિક નેતાઓ બચાવ અને રાહત કામગીરીમાં લાગી ગયા. કાટમાળ નીચે દટાયેલા અનેક લોકોને બચાવી લેવાયા. ગામના નાકે થોડાક લોકોની ટુકડી ઊભી રહેતી હતી અને ગામમાં આવતી તમામ રાહત સામગ્રી એકત્ર કરતી હતી અને જરૂરિયાત મુજબ તેની વહેંચણી થતી હતી. તેઓ આમ કરી શક્યા કારણ કે જેમને સૌથી વધુ અસર થઈ હતી એવા લોકોની યાદી તેમની પાસે હતી.

## દુકાળ

છેલ્લાં આઠ વર્ષથી કચ્છમાં વરસાદ ઓછો થયો છે. તેને પરિણામે ખેડૂતો કોઈ પાક લઈ શક્યા નથી. જમીનની ખારાશ વધી રહી છે અને તેથી બિનખેડાણલાયક જમીનનું ટકાવારી પ્રમાણ વધતું જાય છે. અત્યારે લોકો પશુપાલન અને છૂટક મજૂરીમાં વધારે રોકાયેલા છે. સ્થળાંતર પણ વધતું જાય છે. લોકોના અનુભવના આધારે વરસાદની સ્થિતિ નીચે મુજબ રહી છેઃ

- દસ વર્ષમાં એક વખત ભારે વરસાદ થાય છે.
- ત્રણથી પાંચ વર્ષમાં એક વાર મધ્યમ વરસાદ થાય છે.
- બાકીનાં વર્ષોમાં વરસાદ ખૂબ ઓછો થાય છે અને તેથી દુકાળની સ્થિતિ ઊભી થાય છે.

દુકાળનો સામનો કરવા માટે કોઈ લાંબા ગાળાનું આયોજન કરવામાં આવ્યું નથી. દુકાળ દરમ્યાન પીવાના પાણીનો પુરવઠો ટેન્કર દ્વારા પૂરો પાડવામાં આવે છે. આમ, ગામ અનેક આપત્તિઓ માટે સંભવિત વિસ્તાર છે. તેથી જાનમાલની હાનિ ઓછામાં ઓછી થાય તે માટે આપત્તિના સામનાની તૈયારી કરવાનું જરૂરી બની જાય છે. આપત્તિ સંચાલન કાર્યક્રમનો અમલ કરવો અને સામુદાયિક આકસ્મિકતા યોજના તૈયાર કરવી એ આ કાર્યનો ભાગ હોઈ શકે. ગામની સામુદાયિક આકસ્મિકતા યોજના માટે લોકોને તૈયાર કરવા ગામલોકોની એક સભા યોજવામાં આવી. ગામના તમામ વર્ગોના પ્રતિનિધિઓ તેમાં હાજર રહ્યા હતા અને એ સભા ગામના મુખ્ય ચોકમાં યોજવામાં આવી હતી. આ સભા દરમ્યાન આવી યોજના તૈયાર કરવા માટે જુદા જુદા દેશોના અને જુદાં જુદાં રાજ્યોના અનુભવો પણ જણાવવામાં આવ્યા. વાવાઝોડા અને ભૂકંપ દરમ્યાન જે નુકસાનનો અનુભવ લોકોને થયો હતો તેનાથી લોકોને આવી યોજના તૈયાર કરવાની જરૂરિયાત અનુભવાઈ.

## પરિસ્થિતિનું વિશ્લેષણ

ગામનો સામાજિક નકશો તૈયાર કરવામાં આવે તો ગામની તળભૂમિ, સ્થળ, જમીનના પ્રકારો, ઘરો, જીવનનિર્વાહની પદ્ધતિ અને પ્રાપ્ય સંસાધનો તેમ જ દરેક ઘરની વિગતવાર માહિતીનું ચિત્ર ઊભું થાય. તેમાં કયાં ઘરો, જૂથો, વિસ્તારો અને માળખાં આપત્તિ આવે ત્યારે નબળાં સાબિત થાય તેમ છે તેની ખબર પડે. સમયરેખા પદ્ધતિ અને ગામમાં પદયાત્રા દ્વારા પણ આ માહિતી મેળવી શકાય. ગામનો સામાજિક નકશો આ રીતે તૈયાર કરવામાં આવ્યો. તેમાં ગામની ઉપરોક્ત તમામ માહિતી ભેગી કરાઈ. આ ઉપરાંત સમુદાયનાં જોખમો અને નબળાઈઓ પણ તેમાં ઓળખી કઢાયાં અને તે સમુદાયનાં મંતવ્યોને આધારે હતાં.

## સ્થાન અને ઈતિહાસ

લુણવા ગામનાં લોકગીતો એમ જણાવે છે કે ગામ ૩૦૦ વર્ષ જૂનું છે. એમ મનાય છે કે ૩૦૦ વર્ષ અગાઉ ચંગા આહિર જ્ઞાતિનાં સાત પરિવારો ત્યાં રહેવા આવ્યાં હતાં. સમુદાયનું એક કોળી જ્ઞાતિનું કુટુંબ ચિરાઈ ગામ ગયું અને વોકરા નામના ઝરણા પાસે સ્થાયી થયું. લુણવાના પ્રથમ વસાહતીઓએ ચિરાઈના સમુદાય સાથેના તેમના સંબંધોની વાત કરી. જો કે, પછીની પેઢીઓમાં તદ્દન ક્ષુલ્લક બાબતો માટે બે સમુદાયો વચ્ચે ઝઘડા થયા. તેનાથી પેટા જ્ઞાતિઓ પડી ગઈ. તેમાં ચાવડા, વારચંદ, ઢીલા, માતા, ચંગા, મ્યાત્રા વગેરેનો સમાવેશ થાય છે. એ ઉપરાંત, સુથાર, લુહાર, દલિતો, રબારીઓ, કોળી, આહિર અને મુસ્લિમો ગામમાં સ્થાયી થયા છે. કચ્છમાં આ ગામ ભચાઉથી ૨૧ કિ.મી. દૂર પશ્ચિમે ઊંચા ટેકરા પર વસેલું છે. તે ભુજ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગથી ૮ કિ.મી. દૂર છે. તે બસ અને ખાનગી વાહનોથી સંકળાયેલું છે. ગામનો કુલ વિસ્તાર ૨૪૮૪.૨૫ હેક્ટરનો છે અને તેમાંથી ૭.૯૨ હેક્ટરનો વિસ્તાર નિવાસી વિસ્તાર છે. બાકીના વિસ્તારમાં ખેતીની જમીન, પડતર જમીન, ગૌચરની જમીન, જંગલ અને પાણીનાં સ્રોતોનો સમાવેશ થાય છે. ગામની સરહદો નીચે મુજબ છેઃ

| | |
|---|---|
| ઉત્તર | → ટેકરીઓ અને ખરાબાની જમીન. |
| ઈશાન | → ટેકરીઓ, નહેર, ખરાબાની જમીન અને ખેતરો. |
| પૂર્વ | → સિંચાઈ માટે ઉપયોગમાં લેવાતી નહેર 'વોકરા'. |
| અગ્નિ | → અરબી સમુદ્ર, નદી અને ખેતરો. |
| દક્ષિણ | → જૂના ગામથી ૨૦ કિ.મી. દૂર અરબી સમુદ્ર, રાષ્ટ્રીય ધોરી માર્ગથી ૮ કિ.મી. દૂર. |
| નૈઋત્ય | → ખેતરો, મોટી ચિરાઈ ગામ. |
| પશ્ચિમ | → ટેકરીઓ અને ખેતરો. |
| વાયવ્ય | → જૂનું તળાવ, ખેતરો, ટેકરીઓ, સુખપર ગામ. |

૨૦૦૧માં ધરતીકંપ બાદ ગામ ત્રણ ભાગમાં વહેંચાઈ ગયું: જૂનું લુણવા, નવું લુણવા અને રામેશ્વર. જૂના લુણવામાં લગભગ ૨૦૦ ઘર છે. તે મોટે ભાગે કોળી, રબારી, મુસ્લિમ અને દલિતોનાં છે. નવું લુણવા જૂના ગામથી અડધો કિ.મી. દૂર છે. ત્યાં ૧૩૦ ઘર છે, જે આહિર અને ગોસાંઈ સમુદાયનાં છે. ખુલ્લી જગ્યાનો અભાવ છે અને ગીચતા વધારે છે તેથી જ નવું લુણવા ગામ સ્થપાયું છે. રામેશ્વરમાં ૬૩ આહિરનાં ઘર છે. તે જૂના લુણવાથી ૩ કિ.મી. દૂર છે. જ્ઞાતિના આધારે ગામ વહેંચાઈ ગયું છે. પુનર્વસન માટે જૂના લુણવાને કોઈએ દત્તક લીધું નથી. લોકો સરકારના વળતરની મદદથી આપમેળે પોતાનાં ઘર ફરી બાંધી રહ્યાં છે. કલકત્તાની 'લ્યુથરન વર્લ્ડ સર્વિસ' દ્વારા કામચલાઉ આવાસ પૂરાં પડાયાં હતાં. 'ઉન્નતિ' ભૂકંપ સામે ટકી શકે તેવાં ઘર બાંધવામાં ટેકનિકલ ટેકો પૂરો પાડે છે. નવું લુણવા પણ લોકોનાં પોતાનાં નાણાં અને સરકારી વળતરની સહાયે પુનઃ બંધાઈ રહ્યું છે. રામેશ્વરને 'કાસા' નામની સંસ્થાએ દત્તક લીધું છે.

## વસ્તી

૨૦૦૧ના ભૂકંપ બાદ જૂના લુણવા ગામની વસ્તી આ મુજબ છે:

૧. ૧૬થી ૫૦ વર્ષની ઉંમરના પુખ્તો
   સ્ત્રીઓ: ૧૯૯
   પુરુષો: ૧૭૦
૨. ૫૦ વર્ષથી વધુ વયના લોકો
   સ્ત્રીઓ: ૧૦
   પુરુષો: ૦૯
૩. ૧૬થી ઓછી વયનાં બાળકો
   સ્ત્રીઓ: ૧૩૭
   પુરુષો: ૧૬૬
૪. વિકલાંગો
   સ્ત્રીઓ: ૦૪
   પુરુષો: ૦૫
૫. વિધવાઓ: ૩૩
૬. સગર્ભા સ્ત્રીઓ: ૦૬
૭. કુલ: ૭૩૯

## ઘરો

ભૂકંપ પહેલાં ગામનાં લગભગ બધાં ઘર કાચાં અથવા અર્ધા કાચાં હતાં. ભૂકંપમાં તમામ ઘરો નાશ પામ્યાં હતાં. ભૂકંપ બાદ ગામ ત્રણ ભાગમાં વહેંચાઈ ગયું: જૂનું લુણવા, નવું લુણવા અને રામેશ્વર. નવા લુણવા અને રામેશ્વરનું પુનર્બાંધકામ પૂરું થઈ ગયું છે. જૂના લુણવામાં હજુ પુનર્બાંધકામનું કામ ચાલી રહ્યું છે.

**ઘરની સંખ્યા**

| પ્રકાર | સંખ્યા |
|---|---|
| પતરાંવાળું ઘર (કામચલાઉ) | ૧૫૬ |
| બાંધકામ ચાલુ છે | ૮૨ |
| પૂરાં થયેલાં ટાઈલ્સવાળાં ઘર | ૯૧ |
| પૂરાં થયેલાં આરસીસી ઘર | ૨૦૦ |

કેટલાંક ઘરોનું પુનર્બાંધકામ હજુ પૂરું થયું નથી અને આ પરિવારો કામચલાઉ આવાસમાં રહે છે. જે ઘરોનું બાંધકામ થઈ રહ્યું છે તેમાંનાં મોટા ભાગનાં મુસ્લિમો અને કોળી સમુદાયનાં છે.

## જીવન નિર્વાહ

### ખેતી

જીવનનિર્વાહનો મુખ્ય સ્રોત ખેતી છે. માત્ર ૭ જ કોળી પરિવારો એવાં છે કે જેઓ જાતે ખેતી કરે છે. ઘઉં, રાઈ, કપાસ, જુવાર અને તલ મુખ્ય પાક છે. જો કે, ૧૫૩ જણા ખેત મજૂરી અને આકસ્મિક મજૂરી પર જીવનનિર્વાહ ચલાવે છે. તેઓ કોળી, રબારી, મુસ્લિમ અને દલિત સમુદાયના છે.

**પાકની તરાહ**

| ઋતુ | મુખ્ય પાક | વપરાશ |
|---|---|---|
| ખરીફ | તલ | વેચાણ માટે |
| | બાજરી | સ્વવપરાશ |
| | મગ | સ્વવપરાશ |
| | કપાસ | વેચાણ માટે |
| | એરંડા | વેચાણ માટે |
| | ગવાર | ઢોર માટે |
| રવી | ઘઉં | સ્વવપરાશ |
| | જીરું | વેચાણ અને સ્વવપરાશ |
| | ઈસબગુલ | વેચાણ અને સ્વવપરાશ |
| ચોમાસું | મગફળી | વેચાણ માટે તેલ |

**ઢોરની સંખ્યા**

| ઢોર | સંખ્યા |
|---|---|
| બકરાં-ઘેટાં | ૮૫૬ |
| ગાય-ભેંસ-બળદ | ૨૩ |
| કુલ | ૮૭૯ |

રબારીઓ પાસે બકરાં-ઘેટાં છે અને તેમને માટે તે જીવનનિર્વાહનું એક સાધન છે. તેઓ પશુપાલકો છે અને બકરીનું દૂધ તથા ઘેટાંનું ઊન વેચે છે. આહિર રબારીઓ, કોળી અને મુસ્લિમો સામાન્યતયા ગાયો-ભેંસ અને બળદ પાળે છે. તેમનો ઉપયોગ વ્યાપારી હેતુઓ માટે થતો નથી.

### જીવનનિર્વાહનાં અન્ય સ્રોતો

કેટલાક છૂટક મજૂરી કરે છે. તેઓ કડિયા તરીકે કામ કરે છે અને માલ ચડાવવા-ઉતારવાનું કામ કરે છે. મોટે ભાગે ગામની બહાર અને ભચાઉ નગરમાં મજૂરી કામ મળી રહે છે. એક જ જણ નોકરી કરે છે. ૩૬ જણા સ્વરોજગારી ધરાવે છે. તેમાંના કેટલાક નાની દુકાનો ધરાવે છે. ગામમાં ત્રણ દુકાનો છે. એક ઘંટી છે અને એક રેશનિંગની દુકાન છે. ચાર જણા છકડા ચલાવે છે અને ગામના લોકોને અન્ય ગામોમાં કે ભચાઉ જવા માટે પરિવહન સેવા પૂરી પાડે છે.

### જોખમનો અંદાજ

ભૂંકપ અને વાવાઝોડા દરમ્યાન જે લોકો અને માળખાંને નુકસાન થવાનું જોખમ છે તેની વિગતો નીચેના કોઠામાં આપવામાં આવી છે. તેમાં શું અને કોના દ્વારા કરવાની જરૂર છે અને કયાં સાધનો પ્રાપ્ય છે અને નબળાઈ ઘટાડવા માટે શું કરવાની જરૂર છે તથા કાર્ય દળની શી ભૂમિકા હોઈ શકે તેની વિગતો આપવામાં આવી છેઃ

| આપત્તિનો પ્રકાર | જોખમ કોને છે? | શું કરવાની જરૂર છે? | સંસાધનો | | કોણ કરશે? |
|---|---|---|---|---|---|
| | | | પ્રાપ્ય | જરૂરી | |
| વાવાઝોડું | વૃદ્ધો-૧૯ | વાવાઝોડાની ચેતવણી અપાય ત્યારે તેમને સલામત સ્થળે ખસેડો | હાલનું સામનાનું તંત્ર અને ભૂતકાળનો અનુભવ | શોધ, બચાવ અને હિજરત માટેના કૌશલ્ય અને પદ્ધતિઓ વિશે ક્ષમતા વર્ધન | સરકાર અને એ વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા |
| ભૂકંપ | વિકલાંગો-૯ | ભૂંકપ બાદ કે વારંવારની ધ્રુજારી બાદ તેમને ભૂંકપની દૃષ્ટિએ સલામત મકાનમાં ખસેડવા | | આકસ્મિકતાના કિસ્સામાં પ્રાથમિક સારવારની પદ્ધતિઓ | |
| | વિધવા અને એકાકી સ્ત્રીઓ-૩૩ | | | ઉપર મુજબ | |
| | સગર્ભા સ્ત્રીઓ-૬ | તબીબી ટેકો | | ઉપર મુજબ | |
| | બાળકો અને ખાસ કરીને નવજાત શિશુઓ | ખોરાક અને પીવાનું પાણી | | ઉપર મુજબ | |
| | બીમાર વ્યક્તિઓ | તબીબી ટેકો | | ઉપર મુજબ | |
| | પછાત અને લઘુમતી સમુદાયના પરિવારો | | | | |

| આપત્તિનો પ્રકાર | જોખમ શાનું છે? | શું કરવાની જરૂર છે? | સંસાધનો પ્રાપ્ય | જરૂરી | કોણ કરશે? |
|---|---|---|---|---|---|
| વાવાઝોડું | છત પરથી ઊડતાં પતરાં અને નળિયાં | હૂક દ્વારા તે મજબૂત બાંધવાં | આપત્તિ દરમ્યાન કામ કરવાનો ભૂતકાળનો અનુભવ | હૂક દ્વારા બાંધવાની તાલીમ | સ્વૈચ્છિક સંસ્થાઓ નાના જૂથને આ માટે તાલીમ આપે છે અને તેઓ અન્યોને પણ તાલીમ આપશે. |

| આપત્તિનો પ્રકાર | જોખમ શાનું છે? | શું કરવાની જરૂર છે? | સંસાધનો પ્રાપ્ય | જરૂરી | કોણ કરેશે? |
|---|---|---|---|---|---|
| વાવાઝોડું | જૂનાં વૃક્ષો | વાવાઝોડાના સમય સમય પહેલાં જૂનાં વૃક્ષોની શાખા-પ્રશાખાઓ કાપી નાખવી | સમુદાયના લોકો | | |
| | ઊભો પાક | પાક તૈયાર હોય તો લણણીમાં મોડું ન કરવું | પાકની વર્તમાન રીતનું જ્ઞાન | વાવાઝોડાની ઋતુ પહેલાં લણણી કરી નાખવી અને માલનો સંઘરો કરવો | પાકની વૈકલ્પિક તરાહ વિશે માહિતી |
| | બોરવેલ અને પંપ | તે સલામત ઊંચાઈએ બાંધવા | | બોરવેલના સમારકામની તાલીમ | આવી તાલીમ પૂરી પાડવા વિશિષ્ટ સંસ્થા |
| | ઢોર-ઢાંખર | તેમને માટે આશ્રયસ્થાન. ઘાસચારનો સંગ્રહ કરવો. | સલામત સ્થળોની માહિતી. સ્થાનિક રીતે પ્રાપ્ય ઘાસચારો | ઘાસચારાની વખાર વિશે માહિતી | સ્થાનિક સંસ્થાઓ અને પંચાયતો માહિતી આપી શકે |
| | ગામ અને ઘરના મહત્ત્વના દસ્તાવેજો | સલામત સ્થળે રાખો, ભારે વરસાદના કિસ્સામાં પાણીથી બચે તેવી જગ્યાએ રાખો | સુરક્ષિત જગ્યાઓની ખબર | | |
| | મૂલ્યવાન ચીજો | સુરક્ષિત જગ્યાએ રાખો | સુરક્ષિત જગ્યાઓની ખબર | | |
| | પીવાના પાણીના સ્રોતને નુકસાન | આવાસમાં પીવાના પાણીનો સંગ્રહ | | | સંચાલન વિશે તાલીમ, પાણીના ટેન્કર માટે તાલુકા અને જિલ્લા સ્તરે સંપર્ક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | સંઘરેલા અનાજને નુકસાન | સલામત સ્થળે સંગ્રહ | ત્રણ સ્થાનિક દુકાનો અને રેશનિંગની દુકાન | | બહારની સંસ્થાઓ સાથે સંપર્ક |
| | વીજળીની લાઈનો | વીજ પુરવઠો ખોરવવાની શક્યતા. મીણબત્તી, માચિસ અને ટોર્ચ વગેરે રાખો. | | | |
| | ટેલિફોન લાઈનને નુકસાન | | | | |
| | રોગચાળો ફેલાય | પ્રાથમિક સારવારની પેટી અને પ્રાથમિક આરોગ્ય સંભાળની ખબર | પ્રાથમિક આરોગ્ય સંભાળ વિશે તાલીમ અને રોગચાળો ન ફેલાય તે માટે પ્રતિરોધાત્મક પગલાં | | |

| **આપત્તિનો પ્રકાર** | **જોખમ શાનું છે?** | **શું કરવાની જરૂર છે?** | **સંસાધનો**<br>**પ્રાપ્ય** | <br>**જરૂરી** | **કોણ કરશે?** |
|---|---|---|---|---|---|
| ભૂકંપ | બાંધકામ હેઠળના ઘર | એવાં ઘરોમાં આશ્રય ન લેવા સમુદાયને માહિતી આપવી. ભૂકંપની દૃષ્ટિએ સલામત રીતે બાંધવા | સ્થાનિક સંસ્થાઓ સુરક્ષા વિશે માહિતી આપે. તે માટે સમુદાયને તાલીમ અપાય. | વધારાની તાલીમ<br>સામગ્રીનો ટેકો | સ્વૈચ્છિક સંસ્થાઓ, પંચાયતો, જિલ્લા સ્તરનાં સરકારી ખાતાં |
| | ટેલિફોન લાઈન | તેનાથી દૂર રહો | માહિતી | | |
| | વીજળીના તાર | તેનાથી દૂર રહો | માહિતી | | |
| | પીવાના પાણીના સ્રોત અને અનાજનો સંગ્રહ | સુરક્ષિત વસ્તુઓમાં સંગ્રહ | સ્થાનિક દુકાનો અને રેશનિંગની દુકાનનો સંપર્ક | વધારાના અનાજ માટે અન્ય સંસ્થાઓનો સંપર્ક | પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓ |
| | રોગચાળો | સલામત સ્થળે પ્રાથમિક સારવારની પેટી | પ્રશિક્ષિત આરોગ્ય કર્મચારીઓ | વધારાની કટોકટીની સેવાઓ | |

## નબળાઈ

### સામાજિક અને વલણની નબળાઈ

ગામમાં અનેક નબળાં જૂથો છે. તેમાં વૃદ્ધો, બાળકો, વિકલાંગો, વિધવાઓ અને સગર્ભા સ્ત્રીઓનો સમાવેશ થાય છે. હાલનાં નબળાં જૂથોની વિગતો નીચે આપવામાં આવી છે. જો કે, આ માહિતી સતત બદલતા રહેવું પડે. દલિતો અને સમુદાયના અન્ય નબળા વર્ગોનો પણ સમાવેશ તેમાં થાય છે. આપત્તિનાં વિવિધ પાસાં વિશે લોકોમાં જાગૃતિનો અભાવ છે. વળી, કટોકટીના સમયે કેવી રીતે વર્તવું તેની પણ લોકોને ખબર હોતી નથી. ગામમાં કૌશલ્ય અને વિશ્વાસનો અભાવ પ્રવર્તે છે. તેથી તેમની નબળાઈ વધે છે.

| નબળો વર્ગ | સંખ્યા | |
|---|---|---|
| | સ્ત્રી | પુરુષ |
| ૫૦થી વધુ વયના વૃદ્ધો | ૧૦ | ૦૯ |
| ૧૬થી ઓછી વયનાં બાળકો | ૧૩૭ | ૧૬૬ |
| વિકલાંગો | ૦૪ | ૦૫ |
| વિધવાઓ | ૩૩ | - |
| સગર્ભા સ્ત્રીઓ | ૦૬ | - |

## ભૌતિક નબળાઈ

નળિયાંવાળાં અને પતરાંવાળાં ઘરો વધારે નુકસાન થવાને પાત્ર હોય છે. ઘણાં પાકાં ઘરોમાં પણ નળિયાં બાંધેલાં હોતાં નથી, તેથી તેમને પણ નુકસાન થવાનો ભય રહે છે. ભૂકંપની દૃષ્ટિએ સુરક્ષાની માર્ગરેખાને અનુસરીને બાંધકામ ના થયું હોય તેવાં ઘરોને પણ નુકસાન થઈ શકે છે. હાલ આરસીસીથી પાકાં ૧૭ ઘર જ વાવાઝોડા અને ભૂકંપ સામે સુરક્ષિત છે.

## જોખમનો નકશો

સમુદાયની સહભાગિતાથી જોખમી સ્થળો ઓળખી કઢાયાં અને સામાજિક નકશામાં તેની નિશાનીઓ કરાઈ. આ કામ કરતી વખતે અમે ભૂતકાળની આપત્તિઓ દરમ્યાનના સમુદાયના પોતાના અનુભવોની માહિતી સાથે તેનો સંબંધ જોડવાનો પણ પ્રયત્ન કર્યો. જે કેટલાંક ઘરોમાં ભૂકંપથી સુરક્ષિતતા માટેની માર્ગરેખાઓનું અનુસરણ કરવામાં આવ્યું નથી તે ભૂકંપની દૃષ્ટિએ જોખમી છે.

અરબી સમુદ્ર દક્ષિણે અને અગ્નિ દિશાએ ગામથી માત્ર ૧૫-૧૬ કિ.મી. દૂર આવેલો છે. તેથી ગામ વધુ વાવાઝોડા સંભવ વિસ્તારમાં આવી જાય છે. ગામમાં જે ઘરોની છત પર પતરાં અને નળિયાં બાંધવામાં આવ્યાં નથી તેમને વાવાઝોડામાં વધુ નુકસાન થવાનો ભય રહે છે. મોટાં વૃક્ષોની આસપાસનો વિસ્તાર પણ જોખમી છે. વાવાઝોડા અને ભૂકંપ દરમ્યાન ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર અને વીજળીના થાંભલાની આસપાસનો વિસ્તાર જોખમી બને છે. આ થાંભલા ઉખડી શકે છે અને તેનાથી શોર્ટ સર્કિટ થઈ શકે છે. સમુદાયે જે એક હકારાત્મક મુદ્દો કહ્યો તે એ હતો કે ગામ ઊંચાઈ પર હતું તેથી પાણી તળાવ અને નદીમાં વહી જતું હતું, રસ્તા પર પાણી ભરાતું નહોતું. તળાવ, નહેર અને નદીની આસપાસનો વિસ્તાર જો ભારે વરસાદ હોય તો જોખમી બને છે અને ત્યાં જવાનું ટાળવું જોઈએ.

### સંસાધનોની ઓળખ

ગામમાં પ્રાપ્ય જમીન આ મુજબ છેઃ

| જમીનનો પ્રકાર | વિસ્તાર હેક્ટરમાં |
|---|---|
| ગામનો વિસ્તાર | ૧૪૮૬.૭ |
| બિનખેડાણલાયક વિસ્તાર | ૭૯૭.૬ |
| ખરાબાની જમીન | ૯૬.૬૯ |
| પાણીનાં સ્રોત | ૧૯.૩૧ |
| ગામતળ | ૭.૯૨ |
| ગૌચર | ૪૦.૦૪ |
| તળાવ | ૩૧.૫૪ |
| સ્મશાન | ૧.૨૩ |
| એપ્રોચ રોડ | ૧.૧૧ |
| ખાલ વાડ | ૨.૯૭ |
| શેરીઓ | ૦.૦૮ |
| કુલ | ૨૪૮૫.૧૯ |

### પ્રાકૃતિક સંસાધનો

**નહેરઃ** વોકરા નહેર ગામની ઉત્તર બાજુએ છે અને સિંચાઈ માટે તેનો ઉપયોગ થાય છે.

**જંગલઃ** ગામની પશ્ચિમે જંગલ છે. ૮૦ ટકા જંગલ વિસ્તાર બાવળનો છે અને બાકીના વિસ્તારમાં મિન્દિયા અને વુડ છે. તેમનો ઉપયોગ બળતણ તરીકે થાય છે અને કેટલીક વનસ્પતિઓ ઔષધિ તરીકે વપરાય છે.

**તળાવઃ** ગામમાં બે તળાવ છે. જૂનું તળાવ દક્ષિણે છે અને તેનો ઉપયોગ ઢોરો માટે થાય છે. આ તળાવમાં પાણીનો જથ્થો પૂરતો છે. નવું તળાવ પશ્ચિમે છે. તે સંપૂર્ણપણે સુકાઈ ગયું છે અને કોઈ પણ હેતુ માટે તેનો ઉપયોગ થતો નથી.

**ગૌચર અને ખરાબોઃ** ગૌચરની જમીન ગામની દક્ષિણે, પશ્ચિમે અને ઉત્તરે છે. ઢોરોના ચરાણ માટે તેનો ઉપયોગ થાય છે. ખરાબો પથરાળ છે અને તેનો ઉપયોગ થતો નથી.

### અન્ય સંસાધનો

**મંદિરઃ** ગામમાં ઘણાં નાનાં-મોટાં મંદિરો છે. અમુક સમુદાય અમુક નિશ્ચિત મંદિરનો ઉપયોગ કરે છે. લોકો ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે અને રીતરિવાજોમાં તેમનો પાકો વિશ્વાસ છે.

**કોમ્યુનિટી સેન્ટરઃ** ગામમાં બે સામુદાયિક કેન્દ્રો છે. એક સરકારે બાંધ્યું છે અને બીજું 'ઉન્નતિ'એ બાંધ્યું છે. વિવિધ સામાજિક પ્રસંગોએ લોકો તેનો ઉપયોગ કરે છે. અન્ય પ્રવૃત્તિઓ પણ ત્યાં થાય છે. દા.ત. સમુદાયની સભાઓ ત્યાં જ ભરાય છે.

**ઢોરવાડોઃ** તે ગામની વચ્ચોવચ્ચ હતો પણ ભૂકંપમાં તે નાશ પામ્યો અને હવે તે ફરી બાંધવામાં આવ્યો છે.

**પાણીની ટાંકી:** ગામમાં ઉત્તરે પાણીની ટાંકી છે અને તે સરકારે બાંધી છે. તે ગામના રહીશોને પાણીનો પુરવઠો પૂરો પાડે છે. તેમાં પાણી ભેગું થાય છે અને ગામમાં બે સ્ટેન્ડ પોસ્ટ છે.

### સંસ્થાઓ અને સેવાઓ

**પંચાયત:** જૂનું પંચાયત ઘર ગામની વચ્ચે હતું, પણ તે ભૂકંપમાં નાશ પામ્યું. નવું પંચાયત ઘર એ જ જગ્યાએ બાંધવાનું નક્કી થયું છે પણ હજુ બંધાયું નથી. તાલુકા પંચાયત ભચાઉમાં છે અને જિલ્લા પંચાયત ભુજમાં છે.

**સ્વૈચ્છિક સંગઠન:** ભૂકંપ બાદ કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓએ ગામમાં કામ કર્યું છે. જો કે, કોઇ સંસ્થાએ ગામને પુનર્વસન માટે દત્તક લીધું નથી. પરંતુ 'ઉન્નતિ' અને અન્ય સંગઠનોએ નબળાં જૂથોને રાહત અને પુનર્વસનમાં ટેકો પૂરો પાડ્યો છે.

**આરોગ્ય સંભાળ:** ગામમાં આરોગ્યની સવલત પ્રાપ્ય નથી. આરોગ્ય કાર્યકર ભાગ્યે જ ગામની મુલાકાત લે છે. લોકોને આરોગ્યની સવલતથી સંતોષ નથી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મનફરા ગામમાં છે અને તે લુણવાથી ૫૦ કિ.મી. દૂર છે. સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ભચાઉમાં છે કે જે ૨૧ કિ.મી. દૂર છે. તે લુણવા ગામને ઉપયોગી થાય છે.

**શૈક્ષણિક સંસ્થાઓ:** આંગણવાડી ગામની ઉત્તરે આવેલી છે. તે સરકાર દ્વારા ચાલે છે. ભૂકંપ બાદ તેનું મકાન ફરી બંધાઈ રહ્યું છે. હાલ તે જૂના આંગણવાડી કેન્દ્રની નજીક કામચલાઉ બાંધકામમાં ચાલે છે. ગામમાં ૧થી ૭ ધોરણની પ્રાથમિક શાળા હતી પણ ભૂકંપમાં તે નાશ પામી. હાલ શાળાના નવા મકાનનું બાંધકામ ચાલુ છે. ગામમાં કામચલાઉ બાંધકામ થયેલું છે અને ત્યાં શાળા ચાલે છે. ગામનાં અને નજીકનાં ગામોનાં બાળકો ત્યાં ભણવા આવે છે. હાલ તેમાં ૧૨૦ બાળકો છે. પણ માત્ર બે જ શિક્ષકો છે. માધ્યમિક શાળા અને કોલેજ ભચાઉ, ગાંધીધામ અને અંજારમાં છે.

**સંચાર:** ગામ લોકો અવારનવાર પોસ્ટ ઓફિસનો ઉપયોગ કરે છે. તે ગામથી ૮ કિ.મી. દૂર ચોપાડવા ખાતે આવેલી છે. ગામમાં ત્રણ ખાનગી ટેલિફોન છે અને બે મોબાઈલ ફોન છે, પણ ગામમાં પબ્લિક ફોન નથી. સૌથી નજીક પબ્લિક ફોન બૂથ ચોપાડવામાં છે. ગામના એક ઘરમાં વિડિયો થિયેટર છે. તે 'ઉન્નતિ'એ આપ્યું છે. એ ઘરમાં મા અને દીકરી બંને લકવાગ્રસ્ત છે. તેમને બન્ને માટે આ જીવનનિર્વાહનું ઉપયોગી સાધન બન્યુ છે. હાલ તેઓ મોટે ભાગે દરરોજ સાંજે સિનેમા બતાવે છે.

**પરિવહન:** ગામલોકો પરિવહન માટે બસનો ઉપયોગ કરે છે. એ ઉપરાંત ગામમાં ત્રણ સ્કૂટર છે, એક મોટર બાઈક અને એક જીપ છે. ગામમાં ત્રણ છકડા અને ચાર ટ્રેક્ટર છે. તે લુણવાથી ભચાઉ અને અન્ય ગામો વચ્ચેની અવરજવર માટે ઉપયોગમાં લેવાય છે. કટોકટીના સમયે તેમનો ઉપયોગ થઈ શકે છે.

**બજાર:**ભચાઉ જ ગામ માટે મુખ્ય બજાર છે. જો કે, ગામમાં ત્રણ નાની દુકાનો છે અને એક સરકારી રેશનિંગની દુકાન છે અને એક ઘંટી છે.

**જાહેર સલામતી:** સૌથી નજીકનું પોલિસ સ્ટેશન ભચાઉમાં છે. સૌથી નજીક અગ્નિ શમન કેન્દ્ર ગાંધીધામમાં છે અને તે લુણવાથી ૪૪ કિ.મી. દૂર છે.

**વીજળીની સવલત:** ગામમાં વીજળીનું જોડાણ છે. ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરી ભચાઉમાં છે. વીજળીનું બિલ ભરવા ગામલોકોએ ભચાઉ આવવું પડે છે. કોઈ ફરિયાદ કરવી હોય તો પણ ભચાઉ આવવું પડે છે.

## કાર્ય જૂથની રચના અને કામની ફાળવણી

### કાર્યજૂથની રચના માટેનો માપદંડ

સામુદાયિક આકસ્મિકતા યોજનાની સમગ્ર પ્રક્રિયામાં કાર્ય જૂથ અગત્યની ભૂમિકા ભજવે છે. તે આપત્તિ પહેલાં, આપત્તિ દરમ્યાન અને આપત્તિ બાદ સમુદાય સ્તરે નિશ્ચિત ભૂમિકાઓ અને જવાબદારીઓ અદા કરે છે. આમ, તે જવાબદારીઓ અદા કરવા સક્રિય, જવાબદાર અને તૈયાર હોવું જોઈએ. કાર્ય દળની રચના માટેના કેટલાક માપદંડો નીચે મુજબ છે:

• સભ્ય એ વિસ્તારનો રહીશ હોવો જોઈએ. • સમુદાયના દરેક વર્ગનું તેમાં પ્રતિનિધિત્વ હોવું જોઈએ. • સામુદાયિક આકસ્મિકતા યોજનાની જરૂરિયાત તેમને સમજાવી જોઈએ. • સ્થાનિક પરિસ્થિતિ વિશે તેઓ જાણકાર હોવા જોઈએ. • તેઓ સક્રિય હોવા જોઈએ અને પહેલ કરવા રસ ધરાવતા હોવા જોઈએ.

### કાર્ય જૂથની રચનાની પ્રક્રિયા

જૂથની રચનાની પ્રક્રિયા ગામની નબળાઈ, સંસાધનો અને તકો વિશેની માહિતી ભેગી કરવાની સાથે સાથે જ ચાલતી રહી. સમુદાયને આપત્તિની અસર ઘટાડવા માટે સામુદાયિક આકસ્મિકતા યોજના બનાવવાની જરૂરિયાત સમજાવવાનું કામ પણ તેની સાથે સાથે ચાલતું રહ્યું. પંચાયતના સભ્યો, સ્થાનિક નેતાઓ અને સમુદાયનો તે માટે સંપર્ક કરવામાં આવ્યો અને જાનમાલની હાનિ આપત્તિ સમયે કેવી રીતે ઓછામાં ઓછી થાય તે અંગે ચર્ચા કરવામાં આવી. બચાવ અને રાહત કામગીરીમાં સમુદાયને જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેની પણ ચર્ચા થઈ. એ પણ સમજાયું કે આપત્તિના થોડા સમય પછી બહારની સંસ્થાઓ આવતી હોય છે તેથી ત્યાં સુધી તો સમુદાયે પોતે જ આપત્તિનો સામનો કરવો પડતો હોય છે. તાજેતરના ભૂકંપ દરમ્યાન સમુદાયે બાહ્ય સંસ્થાઓ આવી ત્યાં સુધી આપમેળે તેનો સામનો કર્યો. સામુદાયિક આકસ્મિકતા યોજના તૈયાર કરવા

| ક્રમ | મુખ્ય કાર્ય | આપત્તિ | | | સભ્યો | સંસાધનો |
|---|---|---|---|---|---|---|
| | | પહેલાં | દરમ્યાન | પછી | | |
| ૧ | ચેતવણી અને માહિતી | ✔ | ✔ | | બીજલભાઈ, બાબુભાઈ મોહનભાઈ, લક્ષ્મણભાઈ | ટીવી, રેડિયો, પોલિસ સ્ટેશન ટેલિફોન, સાયકલ, મોબાઈલ ફોન |
| ૨ | શોધ, બચાવ, હિજરત | ✔ | ✔ | | વેલજીભાઈ કોળી, રમેશભાઈ કોળી | માહિતી, નબળાં જૂથોની યાદી, સુરક્ષિત આશ્રય સ્થાન, જોખમી સ્થળો, સુરક્ષિત માર્ગ, અંતરની વિગતો |
| ૩ | આરોગ્ય અને સફાઈ | ✔ | ✔ | ✔ | બાબુભાઈ, વીરમભાઈ | આરોગ્ય સેવા પૂરી પાડનારા કાર્યકરો-૪, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
| ૪ | આશ્રય અને એકંદર સંચાલન | ✔ | ✔ | ✔ | કરમસિંહ, શામજીભાઈ | ૧૭ સુરક્ષિત આશ્રય સ્થાનો, સામુદાયિક કેન્દ્ર અને પંચાયત સાથે સંપર્ક |
| ૫. | નુકસાનનો અંદાજ | | | ✔ | નારણભાઈ, રાવજીભાઈ | આવો અંદાજ મેળવવાની સમજ અને માહિતી |

માટે જરૂરી માહિતી સહભાગી અભિગમથી ભેગી કરાઈ. સમુદાયની સભા ભરવામાં આવી અને માહિતી ભેગી કરવામાં આવી અને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. સભામાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે સ્થાનિક સ્તરે કાર્ય જૂથની રચના એ આ યોજનાનો જ એક ભાગ છે. કાર્ય જૂથ યોજના ઘડવામાં, તેનો અમલ કરવામાં અને તેને આનુષંગિક પ્રવૃત્તિઓ કરવામાં કેવી રીતે સામેલ થશે તેની ચર્ચા કરવામાં આવી. તેમનાં ભૂમિકા અને જવાબદારીઓ નક્કી કરવામાં આવ્યાં. તેમને જરૂરિયાતને આધારે તાલીમ અપાશે. કાર્ય જૂથની રચનાનો માપદંડ પણ નક્કી કરવામાં આવ્યો. લોકોએ જ પછી તે માટે સ્થાનિક યુવાનોનાં નામ આપ્યાં અને તેઓ સ્વૈચ્છિક રીતે તે જૂથમાં કામ કરવા માટે તૈયાર થયા. આમ, કામચલાઉ ધોરણે કાર્ય જૂથની રચના થઈ.

### લૂણવા ગામનું કાર્ય જૂથ

કાર્ય જૂથના સભ્યો આ મુજબ છેઃ બીજલ વાસ્તા કોળી, રમેશ મોનજી કોળી, રાવજી મોનજી કોળી, નાનજી સામંત કોળી, કરમસિંહ મનુભાઈ કોળી, હરજી જાવા કોળી, નારણ વાસ્તા કોળી, રણકોર ભચાઉ કોળી, લક્ષ્મણ હીરા કોળી, સામંત હીરા કોળી, રાસંગ રામા કોળી, બાબુ સુમર કોળી, સામજી છગન કોળી, બીજલ સાલુ કોળી, બાબુ ભચાઉ કોળી, મોહનભાઈ, મેલા ધના કોળી, ખેતા ધના, વીરન ખેલા કોળી, વવહા કાનજી.

### કાર્ય જૂથનાં ભૂમિકાઓ અને જવાબદારીઓ

કાર્ય જૂથની રચના થયા પછી તેની સાથે કોમ્યુનિટી સેન્ટરમાં ચર્ચા કરવામાં આવી. જે કંઈ માહિતી ભેગી કરવામાં આવી છે તેનો ઉપયોગ સામુદાયિક આકસ્મિકતા યોજના બનાવવા કેવી રીતે કરવો અને પછી શી પ્રક્રિયા કરવી તેની ચર્ચા તેમાં થઈ. તેમને તેમની કુશળતા અને ક્ષમતા અનુસાર ભૂમિકાઓ અને જવાબદારીઓ સોંપાશે તેમ તેમને કહેવામાં આવ્યું. આપત્તિ પહેલાં, આપત્તિ દરમ્યાન અને આપત્તિ પછી કાર્ય જૂથની ભૂમિકા ઉપરના કોઠા મુજબ નક્કી કરવામાં આવી. દરેક ભૂમિકા માટે જૂથમાંથી બે નેતાઓ નક્કી કરાયા. આપત્તિનો પ્રતિભાવ, વર્તમાન ક્ષમતા અને આંતરિક અને બાહ્ય સંસાધનો તથા જરૂરી સંસાધનો માટે એક એક કાર્યલક્ષી જૂથની રચના કરવામાં આવી.

# સાંપ્રત પ્રવાહ

## ‘સંયુક્ત રાષ્ટ્રો’માં વિકલાંગો વિશે ઠરાવ ઘડાશે

વિકલાંગ લોકોનાં અધિકારો અને ગૌરવના રક્ષણ માટે અને તેને પ્રોત્સાહન આપવા માટે એક વિશેષ ઠરાવ તૈયાર કરવા માટે ‘સંયુક્ત રાષ્ટ્રો’ (યુનાઈટેડ નેશન્સ - યુએન)ની સામાન્ય સભાએ ૨૦૦૧માં એક હંગામી સમિતિની રચના કરી હતી. તેની બીજી બેઠક ન્યૂ યોર્કમાં ૧૬-૧૭ જુન, ૨૦૦૩ દરમ્યાન મળી હતી અને તેમાં ઠરાવની વિગતો વિશે ચર્ચા થઈ હતી. ડિસેમ્બર-૨૦૦૧માં ‘વિકલાંગો સંબંધી વૈશ્વિક કાર્યક્રમ’ના મૂલ્યાંકન બાદ ‘સંયુક્ત રાષ્ટ્રો’ની સામાન્ય સભાએ સૈદ્ધાંતિક રીતે એ બાબતનો સ્વીકાર કર્યો હતો કે વિકલાંગોના ગૌરવ અને અધિકારોના રક્ષણ માટે એક સર્વગ્રાહી ઠરાવની જરૂર છે. માનવ અધિકારો વિશેની વર્તમાન સંધિઓમાં વિકલાંગ લોકોના અધિકારોનો સમાવેશ થઈ જાય છે. એટલે તે અપૂરતી છે એવું નથી પરંતુ આ સંધિઓના અમલ પર દેખરેખ રાખનારી સંસ્થાઓ પાસે ખૂબ મર્યાદિત સમય અને સંસાધનો છે અને તેથી તેઓ વિકલાંગો અંગે સંકલિત અભિગમ માનવ અધિકારોના સંદર્ભમાં અપનાવી શકે તેમ નથી. તેથી આ ઠરાવ (કન્વેન્શન) વિકલાંગ લોકોના પ્રશ્નો પર વધારે અને સતત ધ્યાન આપવા માટે લવાઈ રહ્યો છે.

આ ઠરાવ ઘડવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. મેક્સિકોએ દરખાસ્ત કરી તેને આધારે સામાન્ય સભા દ્વારા ૨૦૦૧માં હંગામી સમિતિ રચાઈ હતી. તે પછી તે બે વાર મળી છેઃ જુલાઈ-ઓગસ્ટ, ૨૦૦૨માં અને જુન-૨૦૦૩માં. તેમાં સૂચિત ઠરાવના હેતુ અને કાર્યક્ષેત્ર વિશે તથા વર્તમાન ઠરાવો અને અન્ય બાબતો સાથેના તેના સંબંધ વિશે ચર્ચા થઈ હતી. સામાન્ય સભાએ ૧૯૯૩માં વિકલાંગો માટે સમાન તકો અંગેના નિર્ધારિત નિયમો પણ ઘડ્યા હતા અને તેની સાથેનો આ ઠરાવનો સંબંધ શું હશે તેને વિશે પણ તેમાં ચર્ચા થઈ હતી.

જૂન-૨૦૦૩ની બેઠક દરમ્યાન જે અગત્યના મુદ્દાઓ ઉપસ્થિત થયા તે નીચે મુજબ છેઃ

- વિકલાંગતા વિશેની માનવ અધિકાર સંધિની સ્વીકૃતિ વિકલાંગ લોકોની પોતાની સહભાગિતા ઉપર આધાર રાખે છે.
- ભેદભાવવિહીનતા, તકની સમાનતા, સ્વાયત્તતા, સહભાગિતા અને સંકલનના સિદ્ધાંતોનો સમાવેશ આ ઠરાવમાં થવો જોઈએ.
- વિકલાંગોને સમાન તકો મળે અને સહભાગિતાનો અધિકાર મળે તેવા વ્યાપક સંદર્ભમાં વિકલાંગો માટે અનુકૂળતાઓ ઊભી કરવાના પ્રશ્નને સમજવો જોઈએ.
- ઠરાવમાં રક્ષણ અને અધિકાર પર ભાર મુકાવો જોઈએ.
- માત્ર કાયદો ઘડવાની નહિ, પણ વિકલાંગોના અધિકારોના અમલ માટેના તંત્ર ઉપર કડક દેખરેખ રાખવાની જરૂર છે.
- જે વિકલાંગો લઘુમતીના હોય, સ્ત્રીઓ અને બાળકો હોય અને જેઓ વધુ અપંગતા ધરાવતા હોય તેમના પ્રત્યે ભેદભાવ બેવડાતો હોય છે. ત્યારે તેમના અધિકારો પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

ન્યૂ યોર્કમાં તાજેતરમાં મળેલી બેઠકમાં સમિતિએ ૨૭ પ્રતિનિધિઓનું એક કાર્યકારી જૂથ રચવાનું નક્કી કર્યું. તેમાં એશિયાનાં પ્રાદેશિક જૂથો, ગ્રુલેક, ડબલ્યુઈઓજી, ઈઈજી અને આફ્રિકાના સરકારી પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ હશે. આ જૂથ ઠરાવનો મુસદ્દો તૈયાર કરશે અને તે હંગામી સમિતિને સુપરત કરશે.

## સામાજિક વિકાસના ક્ષેત્રે કારકિર્દી

‘સેંટ ઝેવિયર્સ નોનફોર્મલ એજ્યુકેશન સોસાયટી’ એ છેલ્લાં ચાર વર્ષથી ‘પોસ્ટ-ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન ડેવલેપમેન્ટ મેનેજમેન્ટ’ નામનો અંગ્રેજી માધ્યમમાં ચાલતો ફુલ-ટાઈમ કોર્સ શરૂ કરેલો છે. સામાજિક વિકાસ ક્ષેત્રે કાર્ય કરી શકે અને વિવિધ જવાબદારીઓ નિભાવી શકે તેવા કાર્યકરો તૈયાર કરવાનો આ કોર્સનો મુખ્ય આશય છે. આ કોર્સ શરૂ કરવાનું એક બીજું કારણ ૧૯૯૪માં કરાયેલા એક સર્વે પર આધારિત પણ છે. આ સર્વેમાં બહાર આવ્યું હતું કે સામાજિક વિકાસમાં દલિત, આદિવાસી અને અન્ય કહેવાતી વંચિત જ્ઞાતિના લોકોનો પ્રભાવ અને આ ક્ષેત્રમાં જવાબદારીનાં સ્થાનોમાં તેમનું પ્રતિનિધિત્વ ઘણું જ ઓછું છે. આના સંદર્ભે આ સમાજના લોકો આવો કોર્સ કરીને સામાજિક વિકાસના ક્ષેત્રે જવાબદારીપૂર્ણ સ્થાન મેળવી શકે તે પણ આ કોર્સનો એક પ્રયાસ છે. પીપીડીએમનો આ કોર્સ એક અનોખો કોર્સ છે કારણ કે તે વિકાસ અને સંચાલન બન્નેનાં વિવિધ પાસાંઓની વિસ્તૃત છણાવટ કરે છે. હાલમાં ઉપલબ્ધ તમામ કોર્સમાં કાં તો વિકાસની વાત કરવામાં આવે છે. (બીએસડબ્લ્યુ, એમએસડબ્લ્યુ, બીઆરએસ જેવા કોર્સમાં) કાં તો માત્ર મેનેજમેન્ટ (એમબીએ, બીબીએ જેવા કોર્સમાં)ની વાત કરવામાં આવે છે. પણ આ એક માત્ર એવો કોર્સ છે જેમાં વિકાસ અને સંચાલનને જોડે

## સ્વ. શ્રી ઓમ શ્રીવાસ્તવ



૧૫મી જૂન, ૨૦૦૩ના રોજ જયપુર રેલવે સ્ટેશને ઉદયપુર જતી ટ્રેન ચેતક એક્સપ્રેસમાં પ્રવાસ કરવાની શરૂઆત વેળાએ નડેલા અકસ્માતમાં ઉદયપુરની જાણીતી સંસ્થા 'આસ્થા'ના વડા શ્રી એમ શ્રીવાસ્તવનું અત્યંત દુઃખદ અને અણધાર્યું અવસાન થયું છે. તેમના આકસ્મિક નિધનથી રાજસ્થાને જ નહિ પણ સમગ્ર દેશે એક કર્મઠ ગુમાવ્યા છે કે જેમણે ગરીબોના વિકાસને પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું હતું.

તેમનો જન્મ ૧૬-૧-૧૯૩૯ના રોજ જયપુર ખાતે થયો હતો અને જયપુરમાં જ તેણે જાહેર વહીવટ વિષય સાથે અનુસ્નાતકની પદવી મેળવી હતી. પણ પછી કેનેડામાં તેમણે શિક્ષણ ક્ષેત્રે અનુસ્નાતક અને વિદ્યાવાચસ્પતિની પદવીઓ પ્રાપ્ત કરી હતી. ૧૯૭૦ના દાયકામાં તેમણે 'સેવા મંદિર'માં રહીને ઉદયપુરના આસપાસનાં ગામોમાં પ્રૌઢ શિક્ષણનું કામ કર્યું હતું. અને પછી ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાઓ દરમ્યાન તેમણે રાજસ્થાન અને દેશભરમાં સામુદાયિક કાર્યકરોની તાલીમનું કામ કર્યું હતું. જળ, જમીન અને જંગલ જેવાં પ્રાકૃતિક સાધનો પર સમુદાયના અધિકારો જળવાય અને તેમનું વિસ્થાપન ના થાય તે માટે દક્ષિણ રાજસ્થાનમાં તેમણે આદિવાસીઓને જાગૃત કરવામાં પણ અગત્યની ભૂમિકા ભજવી હતી. તાજેતરમાં જ તેમણે છેલ્લાં ચાર વર્ષના કારમા દુકાળ દરમ્યાન અન્ન અધિકારો માટે રાજસ્થાનના લોકોને જાગૃત કર્યા હતા. રોજગારીની બાંયધરી માટેનું તેમનું આંદોલન એ તેમનું છેલ્લામાં છેલ્લું કાર્ય હતું.

'સેવા મંદિર'માં તેમણે પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમને નવો વળાંક આપ્યો હતો. માત્ર સામાન્ય સાક્ષરતાને બદલે કાર્યગત સાક્ષરતાનો 'યુનેસ્કો'નો અભિગમ તેમણે વિકસાવ્યો, ઉપરથી નીચેના શિક્ષણના અભિગમને બદલે જૂથગત શિક્ષણ પદ્ધતિ અપનાવી અને સભાનતા તથા સંવેદનશીલતાનાં તત્ત્વો તેમણે તેમાં ઉમેર્યાં હતાં. ગ્રામ વિકાસ માટેના કાર્યકરોની એક ટુકડી તેમણે ઊભી કરી હતી. શિક્ષણના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેમનું પ્રદાન ખૂબ અગત્યનું રહ્યું છે. 'એશિયન સાઉથ પેસિફિક બ્યુરો ઓફ એડલ્ટ એજ્યુકેશન'ના દક્ષિણ એશિયાના તેઓ સંયોજક હતા. આફ્રિકાની સ્વૈચ્છિક સંસ્થાઓ માટે પણ તેમણે ઘણું કામ કર્યું હતું. અને વિકાસ તથા પ્રૌઢ શિક્ષણ માટે તેમણે ઘણાં મેન્યુઅલ લખ્યાં હતાં. ૧૯૮૬માં તેમણે અધિકારો-આધારિત કાર્ય માટે એક તાલીમ અને સંસાધન કેન્દ્ર એવા 'આસ્થા'ની સ્થાપના કરી હતી. તેણે આદિવાસીઓના જીવનનિર્વાહના અધિકારો માટેની લડતને ટેકો આપ્યો છે. ઉપરાંત, કારખાનાં, અભયારણ્યો અને લોક-વિરોધી વન કાયદાઓથી થતા વિસ્થાપન સામે લડત ચલાવી છે. ૧૯૯૦ના દાયકામાં તેમણે વંચિત લોકોનાં ઘણાં સંગઠનો રચ્યાં. ઉદયપુર, બાંસવાડા, ડુંગરપુર, પાલી અને રાજસમંદ જિલ્લાઓમાં તેમણે આવાં સંગઠનોને તાલીમી અને નાણાકીય ટેકો પૂરો પાડ્યો હતો.

આદિવાસીઓના જીવનનિર્વાહના અધિકારો, રોજગારી અને વેતનના પ્રશ્નો તથા જમીનના અધિકારો વિશેની લડતમાં 'આસ્થા' મારફતે શ્રી ઓમ શ્રીવાસ્તવની ભૂમિકા અગત્યની રહી હતી. રાજસ્થાનમાં આદિવાસી સ્વશાસન ઊભું કરવામાં અને તે માટે કાયદો કરાવવામાં તેમની ભૂમિકા મહત્વની રહી હતી. તેમણે મહિલાઓ, દલિતો અને આદિવાસીઓના ક્ષમતા વર્ધન ઉપર ખૂબ ભાર મૂક્યો હતો. ચૂંટાયેલા પ્રતિનિધિઓને તેમણે તાલીમ આપી હતી અને તેમનાં મહામંડળોની રચના કરી હતી. છેલ્લા દુકાળ દરમ્યાન તેમણે રાજસ્થાનમાં 'અકાલ સંઘર્ષ સમિતિ'ની રચના કરી અને અન્ન સલામતીના ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યું. આદિવાસીઓને કામ અને વેતનની બાંયધરી મળે તેવા તેમના પ્રયાસો રહ્યા હતા. તેમના અવસાન દિવસે જ તેમણે રાજસ્થાનના મુખ્ય પ્રધાનને મળીને રોજગાર બાંયધરી ધારો લાવવાની અને ૨૦,૦૦૦ આદિવાસીઓને જમીનો પ્રાપ્ત થાય તે માટે હિમાયત કરી હતી.

તેમના જવાથી રાજસ્થાનમાં કાર્ય કરતા વિકાસલક્ષી કાર્યકરોને એક માર્ગદર્શકની ખોટ પડી છે અને આદિવાસીઓ, દલિતો, મહિલાઓ અને અન્ય વંચિત વર્ગોને તેમના હમદર્દની ખોટ પડી છે.

વણીને વિકાસની જટિલ પ્રક્રિયાને સમજીને તેના વ્યવસ્થિત સંચાલન માટે જરૂરી જ્ઞાન અને આવડત પૂરી પાડવામાં આવે છે. આ કોર્સ વિકાસના ક્ષેત્રમાં જોડાવા માંગતા અથવા આ ક્ષેત્ર સાથે સંકળાયેલા કાર્યકરોને સામાજિક વિકાસના ક્ષેત્રમાં રહેલા પડકારો અને જટિલતાનો વ્યવસ્થિત રીતે સામનો કરવા સક્ષમ બનાવે છે. તેથી જ આ કોર્સ વિકાસના ક્ષેત્રમાં રસ ધરાવતી વ્યક્તિઓ માટે જ નહીં પરંતુ આ ક્ષેત્રમાં જે કાર્યકરો હાલમાં સક્રિય છે તેમને માટે પણ આદર્શ છે.

એક વર્ષના આ કોર્સમાં કોઈ પણ વિષય સાથે ઉત્તીર્ણ સ્નાતક/ અનુસ્નાતક જોડાઈ શકે છે. આ કોર્સમાં દલિત, પછાત, આદિવાસી અને લઘુમતી કોમના લોકોને ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે. બહેનોને આ કોર્સમાં પ્રવેશ માટે વિશેષ અગ્રતા આપવામાં આવે છે.

## શ્રીમતી સૂરજ કંવરને વિશિષ્ટ મહિલા પંચાયત પ્રતિનિધિ સમ્માન

દિલ્લીની 'ઈન્સ્ટિટયુટ ઓફ સોશ્યલ સાયન્સિસ' દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય સ્તરે પંચાયતી રાજ ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કરનારી મહિલા સરપંચનું 'વિશિષ્ટ મહિલા પંચાયત પ્રતિનિધિ સમ્માન'થી સન્માન કરવામાં આવે છે. ૨૩મી એપ્રિલ, ૧૯૯૩ના રોજ ૭૩મા બંધારણ સુધારાનો અમલ શરૂ થયો હતો. તેથી એ દિવસે 'ઇન્સ્ટિટયુટ ઓફ સોશ્યલ સાયન્સિસ' દ્વારા દર વર્ષે 'મહિલા રાજકીય સશક્તિકરણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે અને તે નિમિત્તે યોજાતા સમારંભમાં આ સન્માન પારિતોષિક એનાયત કરવામાં આવે છે.

આ વર્ષે પણ રાજસ્થાનના જોધપુર જિલ્લાના ઓસિયા તાલુકાના નેતર ગ્રામ પંચાયતનાં સરપંચ શ્રીમતી સૂરજ કંવરને આ સમ્માન એ દિવસે એનાયત કરાયું. તેમાં એક સ્મૃતિ ચિહ્ન, પ્રશસ્તિપત્ર




અને રૂ.૧૦,૦૦૦નો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સભ્ય શ્રીમતી સુજાતા મનોહરના હસ્તે આ પારિતોષિક તેમને અપાયું.

આઠમું ધોરણ ભણેલાં શ્રીમતી સૂરજ કંવર એવા રાજપૂત છે કે જે જ્ઞાતિમાં આજે પણ ઘૂંઘટ પ્રથા અસ્તિત્વમાં છે. તેમ છતાં તેમણે આત્મવિશ્વાસ, સાહસ અને નિર્ભયતાથી છેલ્લાં ૧૫ વર્ષથી ગ્રામ વિસ્તારોમાં અને ખાસ કરીને પોતાના ગામ અને તેની આસપાસનાં ગામોમાં મહિલાઓને સહન કરવા પડતા ત્રાસ, બાળ લગ્ન, નશાબંધી, બારમું-તેરમું વગેરે જેવા કુરિવાજો વિરુદ્ધ મહિલાઓને સંગઠિત કરવાનું કામ કર્યું છે.

૭૩મા બંધારણ સુધારા અન્વયે ૧૯૯૫માં તેમણે પહેલી વાર પંચાયતનું સભ્યપદ મેળવ્યું પછી ૨૦૦૦માં તેઓ સરપંચપદે ચૂંટાયાં. તેમણે ૧૫૦ ગરીબ અને અસહાય પરિવારોને સરકારી યોજનાઓનો લાભ અપાવ્યો છે. ગ્રામ સભા અને વોર્ડ સભામાં મહિલાઓ સહભાગી થાય તેના પ્રત્યે ધ્યાન આપ્યું. છોકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે તેમણે ઉચ્ચતર માધ્યમિક શાળા પોતાની પંચાયતમાં શરૂ કરાવી કે જેથી આઠમા ધોરણ પછી છોકરીઓ શિક્ષણથી વંચિત ના રહે. આવાં કામો ઉપરાંત તેમણે મહિલાઓમાં આત્મવિશ્વાસ ઊભો થાય અને તેઓ સ્વાવલંબી બને તે માટે સ્વસહાય જૂથોની રચના કરી અને તેમને બેંકો મારફતે લોન અપાવી. એક નિશ્ચિત દિવસે બેંકવાળાને પોતાના ગામમાં બોલાવીને દેવું પરત પણ કરાવ્યું.

આ કોર્સની કુલ ફી રૂ.૧૨,૦૦૦/- છે. આર્થિક મુશ્કેલી અનુભવતા લાયક ઉમેદવારો માટે જૂજ ફી માફી/સ્કોલરશિપ ઉપલબ્ધ છે. આ સ્કોલરશિપ કોર્સની કુલ ફીમાં ૫૦ ટકાથી ૭૫ ટકા સુધીની માફીના સ્વરૂપે આપવામાં આવે છે. અત્યાર સુધીમાં પીપીડીએમની ચાર બેચમાંથી બહાર આવેલા કુલ ૪૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોમાંથી ૮૦ ટકા લોકો ગુજરાતની અગ્રગણ્ય સામાજિક સંસ્થાઓ (કારીતાસ ઈન્ડિયા, મારગ, કેથોલિક રિલીફ સર્વિસ, સંચેતના, સૃષ્ટિ, બી.એસ.સી., અસાગ, વિકાસ, ગણતર, કચ્છ વિકાસ ટ્રસ્ટ વગેરે)માં સામાજિક વિકાસ કાર્યકર તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ બજાવી રહ્યા છે. કોર્સની પાંચમી બેચ જુન મહિનામાં બહાર આવનાર છે. કોર્સના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની આવશ્યકતાને ધ્યાનમાં લઈને તેમને અંગ્રેજી ભાષાની વિસ્તૃત તાલીમ પણ આપવામાં આવે છે. આ સાથે દરેક વિદ્યાર્થીને કોમ્પ્યુટરની તાલીમ પણ આપવામાં આવે છે. આમ, સામાજિક વિકાસને ક્ષેત્રે રૂચિ ધરાવતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે આ કોર્સ એક ખૂબ જ સારો વિકલ્પ છે. આ માટે સંપર્ક સાધો: સેન્ટ ઝેવિયર્સ, નોન ફોર્મલ એજ્યુકેશન સોસાયટી, બિહેવિયરલ સાયન્સ સેન્ટર, સેન્ટ ઝેવિયર્સ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોનઃ ૦૭૯-૬૩૦૪૯૨૮, ૬૩૦૩૫૭૭, ફેક્સઃ ૬૩૦૭૮૪૫, ઇમેલઃ ppdmbsc@icenet.net

## 'રામપાતર છોડો, ભીમપાત્ર અપનાવો' પદયાત્રા

ગુજરાતમાંથી આભડછેટને મૂળમાંથી ખેંચી કાઢવાના નિર્ધાર સાથે આ પદયાત્રા ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ ખંભાત તાલુકાના ગોલાણાથી શરૂ થઈ હતી અને તે ગુજરાતના સ્થાપના દિન પહેલી મેના રોજ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના નાની દેવતી ગામે પૂરી થઈ હતી. આ પદયાત્રા ગુજરાતના ૪૫ તાલુકાનાં ૫૦૦ ગામોમાં ફરી હતી. આજે પણ ગામડાંઓમાં દલિતોને અલગ રકાબીમાં ચા આપવામાં આવે છે. તેને 'રામપાતર' તરીકે ઓળખવામાં આવે

છે. અસ્પૃશ્યતાનું આ પ્રતીક 'રામપાતર' છોડીને 'ભીમાપાત્ર' અપનાવવા આ પદયાત્રા શરૂ કરાઈ હતી. 'ભીમપાત્ર' એ સમાનતાના પ્રતીક તરીકે ડૉ.ભીમરાવ આંબેડકરના નામ સાથે સંકળાયેલો શબ્દ છે. આ પદયાત્રા દરમ્યાન સામાજિક ભેદભાવની નાબૂદી, પેટા જ્ઞાતિવાદનો વિરોધ, સ્ત્રી-પુરુષ સમાનતા અને શિક્ષણનો ફેલાવો વગેરે હેતુઓ રખાયા હતા અને પદયાત્રા દરમ્યાન લગભગ દોઢ લાખથી વધુ લોકોનો સંપર્ક કરાયો હતો.

આ યાત્રામાં અને આંદોલનમાં જોડાનાર વ્યક્તિએ જાહેરમાં એક પ્રતિજ્ઞા કરવાની હતી કે, "હું આજથી જીવું છે ત્યાં સુધી રામપાતરમાં ચા નહિ પીઉં અને કોઈનેય નહિ પિવડાવું". જે દિવસે અને જે સ્થળેથી આ પદયાત્રા શરૂ થઈ તેનું પણ મહત્ત્વ હતું. ૨૫મી જાન્યુઆરીએ જ ૧૯૮૬માં ગોલાણામાં ચાર દલિતોની હત્યા થઈ હતી. એ દિવસે શહીદોની સમાધિ પર શ્રદ્ધાંજલિ અપાઈ હતી અને ગોલાણા ગ્રામ પંચાયતની સામેના ચોરા આગળ જાહેર સભા યોજાઈ હતી. આ ચળવળમાં જોડાનારા સભ્યોએ આગળ આવીને પોતાના દ્વારા ઉપયોગમાં લેવાતું રામપાતર જાહેરમાં મૂકી એનો ત્યાગ કર્યો હતો. ત્યાર બાદ ભીમપાત્રમાં ચા કે પ્રસાદ લઈને આ ચળવળની શરૂઆત કરી હતી. મનુષ્યો વચ્ચેની સમાનતામાં માનનારા તમામ લોકો માટે આ કાર્યક્રમ ખુલ્લો હતો. વધુ વિગતો માટે લખોઃ રશ્મી જે. પંડ્યા, રાષ્ટ્રીય દલિત માનવ અધિકાર ઝુંબેશ, ૨, રુચિત એપાર્ટમેન્ટ્સ, ધરણીધર દેરાસરની પાછળ, સૂરજ પાર્ટી પ્લોટની સામે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોનઃ ૬૬૦૭૩૫૨. ફેક્સઃ ૬૬૩૦૮૭૨. ઇમેલઃmartin@icenet.net

## પોલિસ કસ્ટડીમાં આદિવાસીનું મૃત્યુ

મધ્ય પ્રદેશના બડવાની જિલ્લાના નિવાલી તાલુકાના ગુમડિયા ખુર્દ ગામના ૩૫ વર્ષીય આદિવાસી યુવાન ખેમલાનું પોલિસ કસ્ટડીમાં પોલિસના મારથી મૃત્યુ થયું હતું. તેઓ સેંધવાના 'આદિવાસી મુક્તિ સંગઠન'ના સભ્ય હતા. ખેમલા ઉપર ચોરીનો આરોપ મુકાયો હતો. પોલિસ તેને ૧૪મી જુનના રોજ વહેલી સવારે તેના ઘરેથી પકડીને લઈ ગઈ હતી. તેને હથકડી પહેરાવાઈ હતી અને બીજા જેમને પકડીને પોલિસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા તેમની નજર સામે જ તેમને ખૂબ માર મારવામાં આવ્યો હતો. તેમના ભાઈને પણ આવા જ આરોપસર પોલિસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. તેમનું નામ સાયબા છે. ખેમલા સાથે જે બન્યું તે સાયબાએ નજરોનજર જોયું હતું. જ્યારે સાયબાએ ખેમલાને પીવા માટે પાણી આપવાનો પ્રયાસ કર્યો ત્યારે સબ-ડિવિઝનલ પોલિસ ઓફિસરે તેને પેટમાં લાત મારી હતી. સાયબાએ આ બધી બાબત 'આદિવાસી મુક્તિ સંગઠન'ને જણાવી છે.

ખેમલા પછી તરત જ બેભાન થઈ ગયા હતા. પોલિસ પછી તેને લોક-અપમાંથી બહાર ઢસડી લાવી હતી. પછી તેમને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા અને ત્યાંથી પછી બડવાનીની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જો કે, તે સમયે જ ડોક્ટરોએ કહ્યું હતું કે તેઓ મૃત્યુ પામેલા જ હતા. 'આદિવાસી મુક્તિ સંગઠન' દ્વારા જે નિવેદન બહાર પડાયું છે તેમાં એમ જણાવાયું છે કે પોલિસ પછી ખેમલાને ઘેર ગઈ અને તેમની પત્નીને એમ કહ્યું કે તેઓ ગંભીરપણે બીમાર છે અને તેમને હોસ્પિટલ લઈ જવાયા છે. પછી તેમને બડવાનીની સરકારી હોસ્પિટલના શબઘરમાં લઈ જવાયાં, અને ખેમલાના મૃતદેહને ઓળખી કાઢવા તેમને જણાવાયું. એમ પણ આક્ષેપ કરાય છે કે પોલિસે બળજબરીથી કોરા કાગળો પર તેમના અંગૂઠાની છાપ લઈ લીધી અને મૃતદેહ તેમને સોંપી દીધો. દરમ્યાન પોલિસે કસ્ટડીમાંથી બીજા લોકોને છોડી મૂક્યા કે જેમણે ખેમલાને માર મરાયો ત્યારે તે ઘટના નજરોનજર જોઈ હતી. પોલિસે તેમને ઘણે દૂર જતા રહેવા અને ત્રણ-ચાર મહિના સુધી એ વિસ્તારમાં ન ફરકવા કહ્યું હતું.

ખેમલાના મૃત્યુના શંકાસ્પદ સંજોગોથી એ વિસ્તારમાં રહેતા તમામ આદિવાસીઓ ઉશ્કેરાયા હતા. તેમણે પોતાનો રોષ ઠાલવવા કલેક્ટરની કચેરી સામે ધરણા યોજ્યા. અત્યારે એવું જાણવા મળ્યું છે કે ખેમલાને માર મરાયો ત્યારે જે પોલિસ અધિકારીઓ હાજર હતા તેઓ હાલ નાસતા ફરે છે. આદિવાસીઓ આ પોલિસ કર્મચારીઓની તત્કાળ ધરપકડ થાય તેની માગણી કરી રહ્યા છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ સમક્ષ તેની ફરિયાદ કરાઈ. વળી, 'આદિવાસી મુક્તિ સંગઠન' દ્વારા સ્થાનિક પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે. મધ્ય પ્રદેશની સરકારે હજુ આરોપી અધિકારીઓની ધરપકડ કરી નથી એ ગંભીર બાબત છે. આ કેસ સંદર્ભમાં તત્કાળ તપાસ અને ધરપકડની માગણી તમે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ, મુખ્ય પ્રધાન અને એસસી, એસટી પંચ સમક્ષ નોંધાવી શકો છે. વધુ માહિતી માટે સંપર્ક સાધોઃ શ્રી બિજય પાંડા, 'આદિવાસી મુક્તિ સંગઠન', હાઉસિંગ બોર્ડ કોલોની, સેંધવા, જિઃ ખારગોન, મધ્ય પ્રદેશ. ફોનઃ૦૭૨૮૧-૨૨૨૧૮૪.

## રાજસ્થાનમાં પંચાયતોને મજબૂત કરવાના પ્રયાસો

રાજસ્થાનના મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે પંચાયતોને મજબૂત કરવા માટે તાજેતરમાં જે નિર્ણયો લેવાયા છે તેમનો અમલ ત્રણ માસમાં થાય તે માટે આદેશો આપ્યા છે. નિર્ણયોના સમયબદ્ધ અમલ માટે રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક કાર્ય દળની રચના કરવામાં આવી છે. ૧૬મી જુનના રોજ એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં પંચાયતોને વધુ સત્તાઓ આપવા અંગે રાજય સરકારે નિર્ણયો લીધા હતા. રાજ્યના પ્રધાનમંડળની ૬થી ૭ જુન દરમ્યાન યોજાયેલી 'ચિંતન શિબિર' પછી તે બેઠક મળી હતી. નવી યોજના અન્વયે જિલ્લા

પરિષદ ગ્રામ વિકાસના કેન્દ્રમાં રહેશે. જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થાઓને જિલ્લા પરિષદમાં ભેળવી દેવાની દરખાસ્ત છે. ઉપરાંત, પંચાયતોને કાર્યક્ષમ વહીવટી અને તકનિકી અધિકારીઓ મળે તે માટે રાજસ્થાન વિકાસ અને ઈજનેરી સેવાઓની સ્થાપના કરાશે. ગ્રામ વિકાસ ખાતું પંચાયતી રાજ ખાતા સાથે ભેળવી દેવાશે અને વાર્ષિક ખાનગી અહેવાલો લખવાની સત્તા જે અત્યારે મુખ્ય વહીવટી અધિકારીઓ અને વિકાસ અધિકારીઓ પાસે છે તે અનુક્રમે જિલ્લા પરિષદના પ્રમુખો અને તાલુકા પંચાયતના પ્રમુખોને અપાશે.

એક અગત્યની દરખાસ્ત એ છે કે પ્રાથમિક શિક્ષણને સંપૂર્ણપણે પંચાયતોના અંકુશ હેઠળ લવાયું છે. શિક્ષકોની ભરતી જિલ્લા પરિષદની સ્થાયી સમિતિ દ્વારા થશે. એ જ રીતે જમીનના જતન અને જળસ્રાવ વિકાસ અંગેની તમામ પ્રવૃત્તિઓ પણ જિલ્લા પરિષદને સોંપાશે. ગ્રામ પંચાયતો આંગણવાડી કાર્યક્રમનો અમલ કરશે અને બાળ વિકાસ અધિકારીઓ તાલુકા પંચાયતના નિયંત્રણ હેઠળ કામ કરશે. તાલુકા પંચાયતો રેશનિંગની દુકાનોની ફાળવણી કરશે અને સરકારી મકાનોનાં બાંધકામ, સમારકામ અને નિભાવનું કામ કરશે.

જિલ્લા આયોજન સમિતિઓને વિકાસના ક્ષેત્રમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સંકલન કરવા માટે મજબૂત બનાવશે. વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમો વચ્ચે સંકલન ઊભું કરાશે અને એકીકૃત ભંડોળ પંચાયતોને મળે તેનો પ્રયત્ન કરાશે. રાજસ્થાન સરકારે પંચાયતોને મજબૂત કરવા છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન ઘણા પ્રયાસો કર્યા છે અને આ સંદર્ભમાં ચર્ચા કરવા ઓગસ્ટ-૨૦૦૨માં વિધાનસભાની એક ખાસ બેઠક યોજી હતી. પ્રધાનમંડળની એક પેટા સમિતિએ આ અંગે સરકારને અનેક ભલામણો કરી છે.

## રોજગાર અને ભોજન યોજના અંગે સર્વોચ્ચ અદાલતના આદેશો

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારની રોજગાર યોજનાએ અંગે એક અગત્યનો હુકમ તા.૨-૫-૨૦૦૩ના રોજ જારી કર્યો છે. તેમાં જે અગત્યના નિર્ણયો લેવાયા છે તે આ મુજબ છેઃ (૧) આરંભમાં ત્રણ માસના ગાળા માટે એસજેઆરવાય(સ્વર્ણ જયંતિ સ્વરોજગાર યોજના) અન્વયે અનાજ અને રોકડ રકમની ફાળવણી બમણી કરવી. (૨) અનાજ-આધારિત સામાજિક સલામતીના અંત્યોદય કાર્યક્રમમાં છ જૂથોનો ઉમેરો કરવો. તેમાં આદિ જાતિઓ અને ટેકાવિહીન વિધવાઓનો સમાવેશ થાય છે. આ આદેશો ખાસ કરીને દુકાળગ્રસ્ત વિસ્તારો માટે ઘણા જ મહત્ત્વના છે. જો કે, હંમેશની જેમ જો લોકોનું દબાણ ના આવે તો તેમનો અમલ પણ નહિ થાય. એસજીઆરવાયનું વિસ્તરણ તત્કાળ ના થાય તે જોવું જરૂરી છે. રાહત કામોમાં આ બાબત ધ્યાનમાં લેવાય તે આવશ્યક છે. પંચાયતો નિયમિત ધોરણે તમામ વિદ્યાર્થીઓને રાંધેલું આરોગ્યપ્રદ ભોજન આપે તે માટે તેમની ક્ષમતા વધારવી જરૂરી છે.

બિહાર સરકાર દ્વારા અદાલતમાં જે એફિડેવિટ નોંધાવાઈ હતી તેના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે આ હુકમો આપ્યા હતા. ૧૦ જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ થાય તે માટે પણ તેણે આદેશ આપ્યો હતો. તે બિહારના સૌથી ગરીબ જિલ્લા છે. ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને અન્ય રાજ્યોને તેમના ચોથા ભાગના જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ કરવા જણાવાયું છે.

## 'વિશ્વ વ્યાપાર સંગઠન'ને સ્વૈચ્છિક સંસ્થાઓનો પડકાર

'વિશ્વ વ્યાપાર સંગઠન' (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન - ડબલ્યુટીઓ)ની પ્રધાન પરિષદ સપ્ટેમ્બર-૨૦૦૩માં મેક્સિકોમાં કેન્કુન શહેરમાં મળી રહી છે ત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓએ આ પરિષદમાં ભારત સરકાર અને અન્ય ગરીબ દેશોની સરકારો ગરીબોનાં હિતોનું રક્ષણ કરે એ માટે પ્રયાસો કર્યા છે. ખાસ કરીને ખેતી ક્ષેત્રે જે સમજૂતી થઈ છે તેના અમલ માટે જે એક નવો મુસદ્દો તૈયાર કરાયો છે તેનો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. દુનિયાભરની લગભગ ૫૦ જેટલી સંસ્થાઓએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને તેનો વિરોધ કર્યો છે. તેમના નિવેદનમાં આ મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ

(૧) મુસદ્દો ખેત પેદાશોના વેપારના નિયમોના માળખામાં કોઈ ફેરફાર સૂચવતો નથી. આ નિયમો ખેડૂતોને ભારે નુકસાન કરે છે અને ખેતી માટે બિનટકાઉ મોડેલ ઊભાં કરે છે.

(૨) મુસદ્દો ડમ્પિંગને કાયદેસરનું ઠરાવે છે. વાસ્તવમાં, તેનાથી સ્થાનિક કિસાનોનું બજાર નાશ પામે છે અને 'વિશ્વ વ્યાપાર સંગઠન'માં આ ગંભીર સમસ્યા વિશે કદી કશું વિચારાયું જ નથી.

(૩) મહિલાઓએ કુટુંબ અને સમુદાયના પોષણમાં અને અન્ન ઉત્પાદનમાં જે ભૂમિકા ભજવી છે તેને પણ તે ધ્યાનમાં લેતો નથી. મુસદ્દાના અમલથી મહિલા કિસાનોનું વિસ્થાપન થાય અને કૌટુંબિક તથા રાષ્ટ્રીય સ્તરે વધારે અન્ન અસલામતી ઊભી થાય તેવી શક્યતાઓ છે.

(૪) ખેત પેદાશોના વેપાર પર બહુરાષ્ટ્રીય કંપનીઓનું નિયંત્રણ વધે અને ખેત પેદાશોના ભાવ કિસાનો માટે દુનિયાભરમાં હાનિકારક રીતે ઘટે તે પ્રકારની જોગવાઈઓ આ મુસદ્દામાં છે.

આ નિવેદનમાં અમેરિકા અને યુરોપીય સંઘ દ્વારા જે શોષણ ખેતી ક્ષેત્રે થઈ રહ્યું છે તેની ટીકા કરાઈ છે અને દેશોને ખેત પેદાશોની આયાત પર જકાત નાખવાની અને નિયંત્રણો રાખવાની છૂટ મળે

તેવી માગણી કરાઈ છે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ 'પૈરવી', ઈ-૨૧/૨૨૪-૨૨૫, બીજે માળે, સેક્ટર-૩, રોહિણી, નવી દિલ્લી-૧૧૦૦૮૫. ફોનઃ ૦૧૧-૨૭૫૧૧૩૮૫. ઇમેલઃ paidvidelhi@rediffmail.com

## સ્વૈચ્છિક સંસ્થાઓમાં સુશાસન અંગેનાં ધોરણો વિશે કાર્યશાળા

સ્વૈચ્છિક ક્ષેત્ર ભારતમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે પરંતુ તે લોકોનો એટલો વિશ્વાસ ધરાવતું નથી. કંપનીઓ સુવ્યાખ્યાયિત નિયમો, નિયમનકારી સંસ્થાઓ અને નિમ્નતમ ધ્યેયોને આધારે લોકસ્વીકૃતિ ધરાવે છે. સરકાર લોકશાહી પ્રક્રિયા દ્વારા લોકો પ્રત્યે ઉત્તરદાયિત્વ ધરાવે છે. પણ કમનસીબે સ્વૈચ્છિક ક્ષેત્રની સ્પષ્ટ વ્યાખ્યા ઊભી કરવાની હજુ બાકી છે અને નિયમનકારી વ્યવસ્થા પણ નથી. તેથી તેની વિશ્વસનીયતા ઊભી થતી નથી. તેથી સ્વૈચ્છિક ક્ષેત્ર આત્મનિયમન માટેનું માળખું ઊભું કરે તેની જરૂર ઊભી થઈ છે. તે માટેનાં ધોરણો ઊભાં થાય, તે સ્વીકારાય, તેમને પ્રોત્સાહન મળે, પ્રમાણન થાય તે આવશ્યક છે. આ અંગે ચર્ચા કરવા માટે તા.૨૧-૬-૨૦૦૩ના રોજ અમદાવાદમાં અંધજન મંડળ ખાતે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાના હેતુઓ આ મુજબ હતાઃ (૧) પાયાનાં ક્ષેત્રોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓમાં પારદર્શકતા અને વિશ્વસનીયતામાં અભિવૃદ્ધિની જરૂરિયાત. (૨) 'ક્રેડિબિલીટી એલાયન્સ' દ્વારા નિર્મિત લઘુતમ ધોરણોનો પરિચય કરાવી તેમનું મહત્ત્વ સમજાવવું. (૩) 'ક્રેડિબિલિટી એલાયન્સ'ના હેતુઓ સાથે સહભાગી થવા અંગેની તત્પરતા. (૪) સહભાગી સંસ્થાઓની આ પ્રક્રિયા માટે પ્રતિભાવ અને તેમની પ્રતિબદ્ધતા.

'ક્રેડિબિલિટી એલાયન્સ' ૧૦૦થી પણ વધુ સ્વૈચ્છિક સંસ્થાઓનો મંચ છે. તે સ્વૈચ્છિક સંસ્થાઓમાં વિશ્વસનીયતાનાં ધોરણો સ્થાપવા માટે રચાયો છે. તેની પ્રથમ બેઠક ડિસેમ્બર-૨૦૦૧માં યોજાઈ હતી. તે પછી તેની પ્રથમ બેઠક રાજકોટમાં મળી હતી. તેમાં સામેલ થવાથી સ્વૈચ્છિક સંસ્થાઓને આ પ્રમાણે ફાયદા થઈ શકે છેઃ (૧) સંઘભાવના ઊભી થાય. (૨) સભ્યપદનાં ધોરણો અને પ્રતિબદ્ધતા ઊભાં થાય અને તેને કારણે કુશળતા આવે, અસરકારક વિશ્વસનીયતા જન્મે. (૩) સંસ્થાઓને પોતાની જરૂરિયાતો પ્રમાણે ક્ષમતા વર્ધન કરવા માટે ટેકો અપાય. (૪) નાણાકીય અને અન્ય ટેકાની શક્યતા વધે અને તે માટેની સ્વૈચ્છિક સંસ્થાઓની અરજી પર ધ્યાન અપાય. (૫) સ્વૈચ્છિક સંસ્થાઓને વધુ માહિતી પ્રાપ્ત થાય. પ્રસ્તુત કાર્યશાળાનું આયોજન 'અંધજન મંડળ' અને 'ગિવ ફાઉન્ડેશન' દ્વારા સંયુક્તપણે કરાયું હતું. વધુ માહિતી માટે સંપર્ક સાધોઃ સુશ્રી પુષ્પા અમનસિંહ, ગિવ ફાઉન્ડેશન, ૬૧૩-૬૧૫, જે. બી. ટાવર, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ ૩૮૦ ૦૫૪. ફોનઃ ૦૭૯-૬૮૫૩૯૫૬, ૬૮૫૫૬૬૭, ફેક્સઃ ૦૭૯-૬૮૫૫૬૧૦. ઈમેલઃ info@givefoundation.org

## પંચાયત મહિલા સંમેલન

શિહોર તાલુકામાં પંચાયતી રાજમાં મહિલાઓની ભૂમિકા વિકાસલક્ષી અને સક્રિય બનાવવા ૧૯૯૯માં 'આનંદી' સંસ્થા દ્વારા પંચાયત મહિલા માહિતી કેન્દ્રનો આરંભ કરવામાં આવ્યો. તેના દ્વારા સતત જાગૃતિ અભિયાન અને પંચાયતી રાજ સાથે સંકળાયેળ મહિલાઓની જાગૃતિ તથા સક્ષમતા વધારતા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા અને તાજેતરની ચૂંટણી દરમ્યાન તેનાં પરિણામો સ્પષ્ટ સ્વરૂપે ઉભરી આવ્યાં. શિહોર તાલુકાનાં ૧૨ ગામોમાં હરહંમેશ બિનહરીફ સરપંચ આવતા. તે પૈકીનાં ૯ ગામોમાં મહિલા સરપંચ ઉમેદવાર માટે પ્રથમ વખત ચૂંટણી કરવામાં આવી. એટલું જ નહીં, 'પંચાયત મહિલા માહિતી કેન્દ્ર'ના પ્રયત્નોથી ૧૮ મહિલા ઉમેદવારો સરપંચ તરીકે ચૂંટણી લડ્યાં હતાં. તે પૈકીના ૯ મહિલા ઉમેદવારો સરપંચ તરીકે ચૂંટાઈ આવ્યાં છે.

મહિલાઓના મૂલ્ય-આધારિત રાજકારણની પ્રતિભા ઉભારવા 'પંચાયત મહિલા માહિતી કેન્દ્ર' તથા 'આનંદી' સંસ્થા દ્વારા રાજ્યભરની ૧૫ સંસ્થાઓના સહયોગથી પંચાયત મહિલા સંમેલનનું આયોજન કરાયું. દેવગઢ (દેવગઢબારિયા), ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ (દ્વારકા), નવજ્યોત મહિલા વિકાસ કાર્યક્રમ (ગઢડા), સ્વરાજ (જસદણ), માહિતી (ભાવનગર), કચ્છ મહિલા વિકાસ સંગઠન (ભુજ), માનવ કલ્યાણ ટ્રસ્ટ (ખેડબ્રહ્મા), બિરાદરી (જામનગર), પ્રતિકાર ટ્રસ્ટ (સાવલી), મહિલા સ્વરાજ અભિયાન (અમદાવાદ), અસાગ (અમદાવાદ), જનપથ (અમદાવાદ), હંગર પ્રોજેક્ટ (અમદાવાદ) વેડછી પ્રદેશ સેવા સમિતિ (સુરત), ઉન્નતિ (અમદાવાદ)ના સહયોગથી 'આંતર રાષ્ટ્રીય મહિલા દિન' નિમિત્તે તા. ૭ અને ૮ માર્ચના રોજ શિહોર



નજીક વળાવડ ગામે સચ્ચિદાનંદ ગુરુકુળ ખાતે આ સમ્મેલનનું આયોજન કરાયું હતું. તેમાં જિલ્લાભરમાંથી ૨૫૦ જેટલી મહિલા પંચાયત સભ્યો, સરપંચ તેમ જ ૨૫૦ જેટલા મહિલા સંગઠનોના સભ્યો મળીને ૫૦૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો અને પંચાયતી રાજમાં મૂલ્યો આધારિત સ્વચ્છ, ન્યાયી રાજનીતિના અમલીકરણ અંગે તેમાં સંવાદ કરાયો હતો. તા. ૭ માર્ચના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શિહોર તાલુકા પંચાયત કચેરીથી મહિલાઓની વિશાળ રેલીનું આયોજન કરાયું હતું. જ્યારે ૧૨-૩૦થી ૧-૩૦ દરમ્યાન સમ્મેલનનું ઉદ્‌ઘાટન દીપપ્રાગટ્યવિધિથી કરાયું. તાજેતરની ચૂંટણીના વિજેતા મહિલા સરપંચોનું તાજપોશીથી સન્માન પણ કરાયું. આ કાર્યક્રમ દરમ્યાન પૂર્વ સરપંચ પ્રકાશબા, 'પશ્ચિમ ભારત પંચાયતી રાજ મંચ'ના પ્રતિનિધિશ્રી રાજેશભાઈ ભટ્ટ, અખિલ ભારતીય જનવાદી મહિલા સમિતિનાં સુશ્રી ઈવાબેન મહેતા, 'નયા માર્ગ'ના તંત્રીશ્રી ઈન્દુકુમાર જાની, ભાવનગરના જિલ્લા સમાહર્તાશ્રી કાંતિલાલ એ. પટેલ, શિક્ષાવિદ્ સુશ્રી દમયંતીબહેન, મહિલા સ્વરાજ અભિયાનના શ્રી લલ્લુભાઈ દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

'ચૂલાથી ચોરા સુધી' શીર્ષક હેઠળ મહિલાઓ. અલગ અલગ જૂથમાં અગ્રણીઓ, વિચારકો અને વિદ્વાનો સાથે ચર્ચાઓ કરી હતી અને અરસ-પરસના અનુભવની આપ-લે કરાઈ હતી. રાત્રિના ૮થી ૧૦ દરમ્યાન સુશ્રી સરૂપ ધ્રુવ લિખિત અને શ્રી રાજુ બારોટ દિગ્દર્શિત સરપંચ મહિલાઓના સંઘર્ષ અને સફળતાની ગાથા કહેતું નાટક 'કંચન કરશે ગામને કંચન' ભજવવામાં આવ્યું હતું. સમ્મેલનના અંતિમ દિને આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહિલા સરપંચોએ પોતપોતાના અનુભવની ગાથા કહી હતી. સુશ્રી મીરાંબહેન ભટ્ટે વિશેષ વક્તવ્ય આપ્યું હતું. આ સમ્મેલનના અંતે 'આનંદી' સંસ્થાએ કરેલા પંચાયતી રાજમાં સક્રિય મહિલાઓના અનુભવો અને 'ચૂલાથી ચોરા સુધી' અને માહિતી કેન્દ્રથી મંચ સુધીની વિકાસયાત્રાના દસ્તાવેજ સ્વરૂપ 'મહિલા અને સ્વશાસન સમાન અવસરની ખોજમાં' નામની પુસ્તિકાની લોકાર્પણવિધિ કરવામાં આવી હતી.

## રાજસ્થાનમાં કાલબેલિયા સમુદાયના ધરણા

કાલબેલિયા નામનો સમુદાય મદારીઓનો સમુદાય છે. તે જોધપુર, જેસલમેર, બાડમેર, પાલી, સિરોહી અને જાલોર જિલ્લાઓમાં જોવા મળે છે. જોધપુર જિલ્લામાં તેઓ ૯ તાલુકાઓમાં વસે છે. જોધપુર જિલ્લામાં તેમની વસ્તી આશરે ૬૦૦૦ છે. મદારીના વ્યવસાય ઉપરાંત તેઓ વીણા વગાડે છે. બાકીની આર્થિક પ્રવૃત્તિઓ સમુદાયની સ્ત્રીઓ કરે છે. છોકરીઓ વીણાના સૂરે નાચે છે અને લોકોને મનોરંજન પૂરું પાડે છે. કાલબેલિયા નૃત્ય દુનિયાભરમાં પ્રખ્યાત છે. બહુ ઓછા કાલબેલિયા લોકો જમીન ધરાવે છે. તેથી તેઓ ખેતી કરતા નથી. આ સમુદાય વિચરતી જાતિ છે. તેઓ એક સ્થળેથી બીજા સ્થળે જાય છે, મદારીના ખેલ કરે છે અથવા ભીખ માગે છે. તેમનો મુખ્ય પ્રશ્ન ઓળખની કટોકટીનો છે. તેમને 'અન્ય પછાત જ્ઞાતિ'(ઓબીસી)ના ગણવામાં આવે છે કે જ્યારે તેમને અનુસૂચિત જાતિ (એસસી)ના ગણવા જોઈએ. તેમના નામની પાછળ 'નાથ' લાગે છે અને 'નાથ'નો સમાવેશ ઓબીસીમાં કરાયો છે તેથી તેમનો સમાવેશ પણ ઓબીસીમાં કરાયો છે. પરિણામે અનુસૂચિત જાતિ માટેના સરકારી કાર્યક્રમોનો લાભ તેમને મળતો નથી.

બીજો એક પ્રશ્ન એ પણ છે કે તેમને ઓબીસી ગણવામાં આવે છે તેથી તેમની જમીન ઓબીસીના અને સવર્ણ લોકોએ ખરીદી લીધી છે. જો તેઓ અનુસૂચિત જાતિના ગણાતા હોત તો તેમની જમીન વેચાઈ ના હોત, કારણ કે તેમની જમીન બીજું કોઈ ના ખરીદી શકે તેવી કાનૂની જોગવાઈ છે. વળી, સમુદાયની છોકરીઓ નૃત્ય માટે વિદેશ પ્રવાસે પણ જાય છે. આ નૃત્યના કાર્યક્રમો એજન્ટો દ્વારા ગોઠવાય છે અને તેથી તેમનું શોષણ થાય છે. 'દલિત સંસાધન અને માહિતી કેન્દ્ર' દ્વારા તેમની ઓળખનો પ્રશ્ન ઉઠાવાયો છે. સપ્ટેમ્બર-૨૦૦૨થી જોધપુર જિલ્લાના મંદોર, ઓસિયાન બિલારા અને શેરગઢ તાલુકામાં કેન્દ્રના સભ્યોએ એક સર્વેક્ષણ હાથ ધર્યું હતું. જેમની પાસે અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર ન હોય તેવાં ૫૦ કુટુંબો શોધી કાઢ્યાં હતાં. સર્વેક્ષણ દરમ્યાન ઓસિયાન તાલુકામાં રામપુરા ગ્રામ પંચાયતમાં મોમનાથ સરદારનાથ કાલબેલિયાને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર અપાઈ ચૂક્યું છે એવી ખબર પડી. તેથી એમ જણાયું કે કાલબેલિયા સમુદાયને અનુસૂચિત જાતિ ગણી શકાય તેમ છે.

તા. ૩૧-૫-૨૦૦૩ના રોજ જિલ્લા સ્તરે કાલબેલિયા સમુદાયને અનુસૂચિત જાતિ ગણવામાં આવે તેવી માગણી સાથે ધરણા યોજાયા. જોધપુર જિલ્લાના વહીવટી તંત્રે આ અંગેનું પ્રમાણપત્ર જારી કરવાની જવાબદારી ઉઠાવવી જોઈએ એવી માગણી થઈ. જિલ્લાના કલેક્ટરે તમામ તાલુકાના મામલતદારોને કાલબેલિયા સમુદાયને જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવા આદેશ આપ્યો. તેમણે એવો પણ હુકમ કર્યો કે 'નાથ' શબ્દ નામમાં ધરાવનાર ઓબીસીનો 'નાથ' સમુદાય ના હોય અને તે કાલબેલિયા સમુદાયનો હોય તેની કાળજી રાખવી. પટવારી અને ગ્રામ પંચાયત આ અંગેની કાળજી લઈ શકે છે.

## ગ્રામ વિકાસ પારિતોષિક-૨૦૦૩ માટે નામાંકન

ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડીએસસી), અમદાવાદ છેલ્લાં ૯ વર્ષથી ગ્રામ વિકાસના ક્ષેત્રે કાર્યરત છે. ડીએસસી સંસ્થા કુદરતી સંસાધનોના

**જુઓ પૃષ્ઠ ૪૦**

# સંદર્ભ સાહિત્ય

## ધ રાઈટ ટુ નો – એ વોટર્સ ગાઈડ

ભારતમાં રાજકારણનું ગુનાકરણ થવાની પ્રક્રિયા ઘણા લાંબા સમયથી શરૂ થઈ છે. ગુનેગારો ચૂંટણીમાં ઊભા રહે છે અને સત્તા પર આવે છે. આ પ્રક્રિયાને રોકવા માટે મતદારો ઉમેદવારો વિશે અને ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા વિશે માહિતગાર બને તે જરૂરી છે. દરેક જણ એ જાણવા માગે છે કે તે કોને મત આપી રહ્યો છે. આ સંદર્ભમાં મતદારોને માર્ગદર્શન આપવાનો પ્રયાસ આ પુસ્તક કરે છે. ચૂંટણીનું રાજકારણ સ્વચ્છ બનાવવામાં જેમને રસ છે, જેઓ પોતાના અધિકારો અને જવાબદારીઓ સમજવા માગે છે અને ચૂંટણી સુધારા વિશેની તાજેતરની ચર્ચા વિશે જેઓ માહિતગાર થવા માગે છે તેવા લોકોને મદદરૂપ થવાનો આ પુસ્તકનો ઉદ્દેશ છે. સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારો સંસદમાં અને વિધાનસભાઓમાં ચૂંટાય તે માટેની રાષ્ટ્રવ્યાપી ઝુંબેશમાં જોડાવા માટે નાગરિકોને તે પ્રેરણા આપે છે. સુશાસન માટેના નાગરિકોના અધિકાર વિશેના સ્વૈચ્છિક સંસ્થાઓનાં અનુભવ, સંશોધન પ્રતિબદ્ધતાને આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રથમ પ્રકરણ ભારતમાં ચૂંટણીઓ વિશેનું છે. તેમાં ચૂંટણી પ્રથા, મતદાર યાદીઓ, ચૂંટણી પ્રથામાં પૈસાની તાકાત, સુધારા માટેના પ્રયાસો વગેરે મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં મતદાર યાદીની ચકાસણી કેવી રીતે કરવી તેનું પરિશિષ્ટ પણ અપાયું છે. બીજું પ્રકરણ ચૂંટણીમાં પારદર્શિતા અને મતદારોના અધિકારો વિશે છે. તેમાં સમસ્યા શી છે, નાગરિકોએ સુધારા માટે કરેલા પ્રયાસો, સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, રાજકીય પક્ષોનાં મંતવ્યો, સરકારનાં વલણો વગેરેની ચર્ચા કરવામાં આવી છે. ત્રીજું પ્રકરણ મતદારોનો માહિતીનો અધિકાર અને ચૂંટણી કાનૂન વિશે છે. તેમાં લોક પ્રતિનિધિત્વ ધારો, તેમાં ૨૦૦૨માં કરાયેલો સુધારો, સર્વોચ્ચ અદાલતનો હુકમ અને ચૂંટણી પંચના આદેશો અને મતદારોની જવાબદારીઓ વિશે વિગતો આપવામાં આવી છે. ચોથું પ્રકરણ સુધારા માટેના નાગરિક સમાજના પ્રયાસો વિશે છે. તેમાં 'એસોસીએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ' (એડીઆર) દ્વારા ૨૦૦૨ની ગુજરાતની ચૂંટણી સમયે કરવામાં આવેલા પ્રયાસોની વિગતો આપવામાં આવી છે. તેમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાનું વિશ્લેષણ પણ કરવામાં આવ્યું છે.

સમગ્ર પુસ્તકમાં કોઠાઓ અને બોક્સ આઈટમો આપવામાં આવ્યાં છે. તેમાં ૧૭ જેટલા ફોટાઓ અને ૧૧ કાર્ટૂનો આપવામાં આવ્યાં છે. લોકશાહીમાં અને તેને મજબૂત કરવામાં રસ ધરાવતા તમામ લોકોને આ પુસ્તક ઉપયોગી થઈ પડે તેમ છે. લેખકોઃ માજા દારૂવાલા, બિભુ મોહપાત્ર, વેંકટેશ નાયક. પ્રકાશકોઃ કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશ્યેટિવ અને વાણી. પૃષ્ઠઃ ૪૮. પ્રાપ્તિસ્થાનઃ વાણી, ૪૫૭, ત્રીજે માળે, ચિરાગ દિલ્લી, નવી દિલ્લી-૧૧૦૦૧૭. ફોનઃ ૦૧૧-૨૬૪૪૩૨૬૧, ૨૬૪૪૩૨૬૦, ઇમેલઃ vani@nda.vsnl.net.in

## ધર્મવાદનું રાજકારણ

આ પુસ્તક ભારતમાં ધર્મવાદ અને કોમવાદનું રાજકારણ કેવા કેવા વળાંકો ધરાવતું થયું છે તેની વિષદ સમજૂતી આપે છે. મુખ્યત્વે તેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેની પ્રેરિત સંસ્થાઓની નીતિ-રીતિઓ પર પ્રહાર કરવામાં આવ્યા છે. લેખક કહે છે કે, "સંઘ પરિવારના સામાજિક પાયાઓ કઈ રીતે વિસ્તાર પામ્યા એનું ચિત્રમય વિવેચન આ પુસ્તકમાં" થયું છે. આ પુસ્તક મૂળ મરાઠી ભાષામાં લખાયું હતું અને તેની બે આવૃત્તિઓ મરાઠી ભાષામાં પ્રસિદ્ધ થઈ હતી.

પુસ્તકમાં ૧૦ પ્રકરણો છેઃ (૧) બાબરી મસ્જિદ તોડી પડાઈ. (૨) મસ્જિદ તોડી પાડ્યા પછીનો હિંસાચાર. (૩) ભારતીય સમાજઃ સમન્વયી સંસ્કૃતિ. (૪) ધર્મવાદઃ ઉદય અને વિકાસ. (૫) મુસ્લિમ ધર્મવાદનું રાજકારણ. (૬) હિંદુ મહાસભા અને સંઘ પરિવાર. (૭) સામાજિક જાગૃતિ પર પ્રભાવ. (૮) હિંદુત્વ અને શોષિત-પીડિત - ઉપેક્ષિત સમાજ. (૯) હિંદુત્વવાદી રાજકારણ આખરે છે શું? (૧૦) ધર્મનિરપેક્ષતાના આંદોલન સમક્ષના પડકારો.

મૂળ લેખકઃ રામ પુનિયાની. અનુવાદકઃ તલસી બોડા. સહાયકઃ જગદીશ પટેલ અને જગદીશ શાહ. પ્રકાશકઃ વડોદરા શાંતિ અભિયાન. મુખ્ય વિક્રેતાઃ યજ્ઞ પ્રકાશન સમિતિ, ભૂમિપુત્ર, હુજરતપાગા, વડોદરા - ૩૯૦ ૦૦૧. કિંમતઃ રૂ. ૩૦.

## ભારતમેં સ્વૈચ્છિક ક્ષેત્ર પર વિશ્વાસકો બઢાને કે લિયે માનદંડોકા પ્રારૂપ

'ક્રેડિબિલિટી એલાયન્સ' નામે સ્વૈચ્છિક સંસ્થાઓ અને નેટવર્ક્સનો એક સંઘ છે જે સ્વૈચ્છિક ક્ષેત્રમાં ઉત્તમ વહીવટને પ્રોત્સાહન આપે છે અને સામાન્ય લોકોની નજરમાં સ્વૈચ્છિક ક્ષેત્રની વિશ્વસનીયતા વધે તે માટે પ્રયત્નશીલ છે. આ હિંદી પુસ્તકમાં તેણે વિશ્વસનીયતા વધે તે

માટેના કેટલાક માપદંડોની રૂપરેખા આપી છે. તે કેટલાક માપદંડો નિર્ધારિત કરવા માગે છે. તે માટે પાછલા અનુભવોનો અભ્યાસ કરાયો છે. ઉપરાંત, ફેબ્રુઆરી-૨૦૦૨માં બેંગલોરમાં અને જુલાઈ - ૨૦૦૨માં મુંબઈમાં જે બે રાષ્ટ્રીય કાર્યશાળાઓ આ વિશે યોજાઈ હતી તેમાં કરાયેલા વિચાર-વિમર્શને પણ આમાં ધ્યાનમાં લેવાયો છે.

દેશની લગભગ ૧૫૦૦૦ સ્વૈચ્છિક સંસ્થાઓમાં માપદંડોની એક રૂપરેખા પછીથી વિતરિત કરાઈ હતી અને તેનો હકારાત્મક પ્રતિભાવ મળ્યો હતો. ઓગસ્ટ-૨૦૦૩ સુધીમાં દેશની લગભગ ૨૦૦૦ સંસ્થાઓનો સંપર્ક કરીને આ માપદંડો વિશે જાણકારી આપવાનું આયોજન છે. તેમનો અભિપ્રાય પણ તે અંગે માગવામાં આવશે. આ પુસ્તિકામાં નવ પ્રકરણો છેઃ ક્રેડિબિલિટી એલાયન્સ વિશે સામાન્યતયા પુછાતા સવાલોના ઉત્તરો, પ્રક્રિયા, મૂલ્ય, માપદંડ, કામગીરીની ઉત્તમ રીતે (વાર્ષિક અહેવાલ, કાર્યવાહીઓ, હિસાબી પદ્ધતિ, સરવૈયું), ફીડબેક ફોર્મ, માપદંડો વિશે પ્રતિબદ્ધતા, માપદેડોની રૂપરેખા તૈયાર કરવામાં સામેલ સંસ્થાઓ અને ક્રેડિબિલિટી એલાયન્સનો સંપર્ક કેવી રીતે કરશો. સંપર્કઃ ક્રેડિબિલિટી એલાયન્સ, વોલન્ટરી એકશન નેટવર્ક ઈન્ડિયા, ૪૫૭, ત્રીજે માળે, ચિરાગ દિલ્લી, નવી દિલ્લી -૧૧૦ ૦૧૭. ફોનઃ ૦૧૧-૨૬૪૪૩૨૬૦, ૨૬૪૪૩૨૬૧, ૨૬૨૧૫૨૬૮. ફેક્સઃ ૨૬૬૮૧૬૭૮, ઈ-મેલઃ info@credibilityalliance.org

## ઓર્ગેનિઝેશનલ બિહેવિયર

બિન-સરકારી વિકાસલક્ષી સંસ્થાઓ માટેનું એક માળખું આ અંગ્રેજી પુસ્તકમાં આપવામાં આવ્યું છે. તેનું આમુખ નેધરલેન્ડ્સના 'નોબિબ'ના વહીવટી નિયામક સુશ્રી સીલ્વિયા બોરેન દ્વારા લખાયું છે અને તેની પ્રસ્તાવના 'દક્ષિણનાં સ્વૈચ્છિક વિકાસલક્ષી સંગઠનોના સંદર્ભમાં જ્ઞાન નિર્માણ' શીર્ષક હેઠળ દિલ્લીના 'પ્રિયા'ના પ્રમુખ શ્રી રાજેશ ટંડન દ્વારા લખવામાં આવી છે. પુસ્તકમાં કુલ છ પ્રકરણ છેઃ (૧) બિનસરકારી વિકાસલક્ષી સંગઠનોનું સ્વરૂપ. (૨) સંગઠનાત્મક વર્તન અને બિનસરકારી વિકાસલક્ષી સંગઠનોનું ભાવિ. (૩) બિનસરકારી વિકાસલક્ષી સંગઠનોની સંગઠનાત્મક સમસ્યાઓ. (૪) બિનસરકારી વિકાસલક્ષી સંગઠનોની અસરકારતાની સમજ. (૫) સંગઠનાત્મક વિકાસ અને તેની પ્રક્રિયાઓ. (૬) સંગઠનાત્મક વિશ્લેષણની જરૂરિયાતઃ સંગઠનના અસરકારક વિકાસ માટેની પૂર્વશરત.

પુસ્તકમાં ૧૬ જેટલા ચાર્ટ્સ આપીને રજૂઆત કરાઈ છે. પુસ્તકમાં અંતે ૧૫ જેટલાં પરિશિષ્ટો અપાયાં છે. એ ઉપરાંત ૮૫ પારિભાષિક શબ્દોની યાદી અપાઈ છે અને તેમની ટૂંકમાં સમજૂતી અપાઈ છે. પછી આ જ વિષય અંગેનાં વિવિધ પુસ્તકોની સંદર્ભસૂચિ અપાઈ છે અને છેવટે નામો તથા વિષય અંગેની સૂચિ અપાઈ છે. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી છે. વળી, સંસ્થા વિકાસની તાલીમ માટે પણ તે ઘણું જ ઉપયોગી થાય તેમ છે.

લેખકોઃ પ્રેમ ચઢ્ઢા, જગદનંદા, ગાયત્રીલાલ. પ્રકાશકઃ સેન્ટર ફેર યૂથ એન્ડ સોશયલ ડેવલપમેન્ટ, ઈ-૧, ઈન્સ્ટિટ્યુટશનલ એરિયા, ભુવનેશ્વર-૭૫૧ ૦૧૩.

## પૃષ્ઠ ૩૮નું શેષ

પૃષ્ઠ ૩૮નું શેષ

વિકાસ સાથે સંકળાયેલી લોક કેન્દ્રિત સંસ્થાઓ, કાર્યક્રમો તથા નીતિ-નિયમોને સમર્થન આપે છે. સંસ્થાના અધ્યક્ષ તરીકે શ્રી અનિલભાઈ શાહ છે, જેઓ પાંચ દાયકાથી પણ વધુ સમયથી ગ્રામ વિકાસના વિવિધ સ્તરે કાર્યરત રહ્યા છે. શ્રી અનિલભાઈને ૭૫ વર્ષ થયાં તે નિમિત્તે તેમનાં કુટુંબીજનો, મિત્ર અને શુભેચ્છકોના સહયોગથી ડીએસસીના ઉપક્રમે ગ્રામ વિકાસ પારિતોષિક ફંડ ઊભું કરવામાં આવ્યું. તેમાંથી ત્રણ યોજનાઓ વિચારવામાં આવી છે.: (૧) ગ્રામ વિકાસ પારિતોષિક (૨) ગ્રામ વિકાસ ફેલોશીપ (૩) જીવનની પ્રતિભાવંત અને કાર્યશીલ વ્યક્તિઓને પોતાના જાહેર જીવન, સમાજ જીવનના સંસ્મરણો આલેખવા માટે સહાયની યોજના. વર્ષ-૨૦૦૩ના ગ્રામ વિકાસ પારિતોષિક માટે નામાંકન મંગાવવામાં આવ્યા છે. તેની વિગતો ૧૦, ઓગસ્ટ, ૨૦૦૩ સુધીમાં ડીએસસીને મોકલવી.

### ગ્રામ વિકાસ પારિતોષિક

ગ્રામ વિકાસના ક્ષેત્રમાં નમૂનેદાર કામ કરતી વ્યક્તિ/સંસ્થાને દર વર્ષે ૫૦,૦૦૦/-નું પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. વ્યકિતગત પારિતોષિક માટે ૩૦-૪૫નું વય જૂથ નક્કી કરવામાં આવ્યું છે. પારિતોષિકનો મુખ્ય ઉદ્દેશ, આવી વ્યકિતઓને બાકીના કાર્યકાળ દરમ્યાન વધારે સારું કામ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. સંસ્થાઓના કિસ્સામાં, સારું કામ કરતી ઓછી જાણીતી પણ નમૂનેદાર કામ કરતી સંસ્થાઓની સિદ્ધિઓને પ્રકાશમાં લાવી અન્યને પ્રેરણા પૂરી પાડવાનો હેતુ છે.

૧. જાહેર, ખાનગી કે સ્વૈચ્છિક સેવાના ક્ષેત્રમાં કામ કરતી વ્યકિતઓ/સંસ્થાઓ પારિતોષિકને પાત્ર ગણાશે.
૨. ગુજરાત રાજ્યના કોઈ પણ ભાગમાં ગ્રામ વિકાસના ક્ષેત્રે નમૂનેદાર કામ કરનાર વ્યકિત/સંસ્થા આ પારિતોષિકને પાત્ર ગણાશે.
૩. જે તે વ્યકિતએ ઓછામાં ઓછા ૭થી ૧૦ વર્ષ અને સંસ્થાએ ૧૦થી ૧૫ વર્ષની કામગીરી કરેલ હોવી જોઈએ.

વધુ વિગત માટે સંપર્ક સાધોઃ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, ૨, પ્રકૃતિ એપાર્ટમેન્ટ્સ, રેડ રોઝ રેસ્ટેરન્ટ સામે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯. ફોનઃ ૦૭૯-૬૩૦૫૨૮૫.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ'ના વર્તમાન કાર્યક્રમો અને માળખાની સમીક્ષા કરવામાં આવી. કાર્યક્રમોની પુનર્રચના કરવામાં આવી અને તે નીચે પ્રમાણે રજૂ કરાયા છે. હવે ત્રણ કાર્યક્રમો હશેઃ

(૧) સામાજિક જુડાવ એવમ્ સશક્તિકરણ એકમ (સેન્ટર ફોર સોશ્યલ ઈન્ક્લુઝન એન્ડ એમ્પાવરમેન્ટ - સીએસઆઈઈ). આ કેન્દ્રનો ઉદ્દેશ દલિતો, સ્ત્રીઓ, વિકલાંગો અને લઘુમતીઓ જેવા નબળા વર્ગોના વિકાસની પ્રક્રિયામાં સામાજિક સમાવેશ કરવાના પ્રશ્નો વિશે વિવિધ વિકાસલક્ષી કાર્યકરોની જાગૃતિ વધારવાનો, તેમને તે પ્રત્યે અભિમુખ બનાવવાનો અને તેમની ક્ષમતા વધારવાનો હશે. (૨) સ્થાનિક સ્વશાસન એકમ (સેન્ટર ફોર સ્ટ્રેન્ધનિંગ લોકલ સેલ્ફ ગવર્નન્સ - સીએસઆઈજી). આ કેન્દ્રનો હેતુ સ્થાનિક સ્વશાસન પારદર્શી અને ઉત્તરદાયી બને તે માટે લોકભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે કે જેથી સામાજિક વિકાસની પ્રક્રિયામાં નબળાઈ ઘટે અને સામાજિક ન્યાય ઊભો થાય. (૩) વિશેષ ક્ષેત્રીય પરિયોજના (સ્પેશ્યલ એરિયા પ્રોજેક્ટ્સ - એસએપી). શાસન અને નબળા વર્ગોના સમાવેશના પ્રશ્નો હાથ ધરવા ઉપરાંત, આ પરિયોજનાઓમાં અમુક વિસ્તારની વિશેષ જરૂરિયાતો પ્રત્યે ધ્યાન અપાશે અને સમુદાય સાથે સીધા સંપર્ક હેઠળ કાર્ય કરશે. ગુજરાતમાં કચ્છ, સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં પ્રવૃત્તિઓ હાથ ધરાશે અને રાજસ્થાનમાં બાડમેર અને જોધપુર જિલ્લાઓમાં ધ્યાન કેન્દ્રિત કરાશે.

## (૧) સામાજિક જુડાવ એવમ્ સશક્તિકરણ એકમ

### વિકલાંગતાના મુદ્દે સમાવેશ માટે નાગરિક સમાજની ભાગીદારી

ગુજરાતમાં વિકલાંગતાના મુદ્દે સમાવેશ વિશે નાગરિક સમાજનાં જૂથોને અભિમુખ કરવા અને સંવેદનશીલ બનાવવાની અમારી વ્યૂહરચનાના ભાગરૂપે 'ચરખા'ના ટેકાથી વિકલાંગતા અને વિકાસ વિશે માધ્યમો સાથે એક બેઠકનું આયોજન કરાયું. તેને પરિણામે મુદ્રિત માધ્યમોમાં આ મુદ્દે વિધાયક છાપ ઊભી કરતા ઘણા લેખો પ્રકાશિત થયા.

વિકલાંગો માટે અવરોધમુક્ત સ્થાનો ઊભાં કરવા માટેની એક સભાના અનુસંધાનમાં ઊભી થઈ રહેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટને અવરોધમુક્ત બનાવવા માટેની વ્યવસ્થા ઊભી થઈ.

રાજ્યના ૪ જિલ્લાનાં ૫૨ ગામોમાં ૧૩ સહભાગી સંસ્થાઓ દ્વારા પીઆરએ કરાયું. વિકલાંગતા વિશેની સ્થિતિ અને ખ્યાલ વિશેની માહિતીનું હવે વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

### દૃષ્ટિકોણ નિર્માણ વિશે તાલીમ

ગુજરાત અને રાજસ્થાનના કર્મશીલો માટે ૭-૯ એપ્રિલ, ૨૦૦૩ દરમ્યાન દૃષ્ટિકોણ નિર્માણ વિશે એક તાલીમ યોજાઈ. તેનો મુખ્ય હેતુ દલિતો, વિકલાંગો અને મહિલાઓ જેવાં નબળાં જૂથોનો સમાવેશ કરવા વિશે તેમને અભિમુખ કરવાનો હતો. વિકાસની પ્રક્રિયામાં તેમની ભાગીદારી વધે એ તેનો હેતુ છે. તેમાં ૧૨ સંગઠનોમાંથી ૩૭ સહભાગીઓએ ભાગ લીધો હતો.

### શાંતિ અને સંવાદિતાને પ્રોત્સાહન

'કેર'ના 'ગુજરાત હાર્મની પ્રોજેક્ટ' માટે અમે કાર્યક્રમના આયોજન માટેનો ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે. દેખરેખ માટેના નિર્દેશકો વિકસાવવા માટે એક કાર્યશાળા યોજાઈ હતી. સમુદાય સ્તરે સંવાદિતા ઊભી કરવા એક તાલીમ કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. પ્રો. ટી. કે ઊમેન અને પ્રો. દેવવ્રત પાઠક જેવા અગ્રણી વિદ્વાનોએ આ કાર્યક્રમ ઘડવામાં ફાળો આપ્યો હતો. 'કેર' અને 'ત્રિભુવનદાસ ફાઉન્ડેશન' દ્વારા આ કાર્યશાળાનું આયોજન થયું હતું.

## (૨) સ્થાનિક સ્વશાસન એકમ

### રેડિયો કાર્યક્રમ દ્વારા ગ્રામીણ સ્વશાસન વિશે જનશિક્ષણ

ગ્રામ સભામાં લોકોની ભાગીદારી વધારવા માટે એક જાગૃતિ કાર્યક્રમ ઘડાયો અને તેનું પ્રસારણ ગુજરાતમાં આકાશવાણી મારફતે થયું. ૧૦ પ્રસંગોમાં તે પ્રસારિત થયો. તેમાં ૭૩મા બંધારણ સુધારાની ઉપયોગિતા, ચૂંટાયેલા પ્રતિનિધિઓનાં કાર્યો, પંચાયતોમાં આયોજન, ગામનું આંતરિક રાજકારણ વગેરે મુદ્દાઓ રજૂ થયા હતા. તે દર શનિવારે રાતના ૮-૦૦ વાગ્યાના સુમારે પ્રસારિત થતો હતો. પ્રસંગ રજૂ થાય પછી તરત જ ટેલિફોન પર પ્રશ્નો મેળવવામાં આવતા હતા. તેમને પોસ્ટ કાર્ડ દ્વારા જવાબ અપાયા છે. શ્રોતાઓનો રસ જળવાઈ રહે તે માટે દરેક પ્રસંગને

અંતે એક પ્રશ્ન પૂછવામાં આવતો હતો અને પોસ્ટ કાર્ડ મારફતે તેના જવાબો મેળવવામાં આવતા હતા. છેલ્લા ત્રણ માસ દરમ્યાન આવા ૧૧ પ્રસંગો પ્રસારિત થયા હતા.

લોટરી ડ્રો મારફતે વિજેતાઓને ટ્રન્ઝિસ્ટર રેડિયો જેવાં ઈનામો પણ અપાયાં હતાં. પ્રશ્નોના સ્વરૂપે જે વિવિધ કિસ્સા રજૂ થયા હતા તેમને સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને કેટલાક કિસ્સામાં નક્કર પગલાં લેવાયાં છે. દા.ત. અમદાવાદ જિલ્લામાં વારણા ગામે સરદાર આવાસ યોજના હેઠળ ૮૦ જેટલાં ઘર બંધાયાં હતાં. તેમની ગુણવત્તા નીચી હતી અને તે ફાળવાયાં પણ નહોતાં. આ બાબત તત્કાળ વિકાસ કમિશનર સમક્ષ રજૂ કરાઈ અને તેમણે એ અંગે એક તપાસ યોજી.

**શહેરી શાસનના પ્રશ્નો અંગે નિદર્શન પ્રવાસ**

ગુજરાત અને રાજસ્થાનમાં શહેરી શાસન ક્ષેત્રે કામ કરતી કાર્યકરોની ટુકડીનો દૃષ્ટિકોણ વ્યાપક બને તે માટે ગુજરાતમાં સુરત જિલ્લાની વ્યારા નગરપાલિકા અને મહારાષ્ટ્રમાં પિંપરી-ચિંચવડ તથા પુણે મહાનગરપાલિકાની મુલાકાત ગોઠવવામાં આવી. આ બંનેના પ્રયાસો નોંધપાત્ર છે કે જ્યાં ઘન કચરાનો નિકાલ, જૈવ-તબીબી સુવિધા કેન્દ્ર, કચરાનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સફાઈ વગેરે વિશે સઘન અને સંનિષ્ઠ પ્રયત્નો થયા છે. સાણંદ, ધોળકા અને બિલારાના સક્રિય કોર્પોરેટરો પણ અમારી સાથે જોડાયા હતા. કોઈ એક નગરમાં કેવી રીતે વિવિધ હિતધારકો વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને અમલ કરે છે તે આ મુલાકાતથી અમને જાણવા મળ્યું.

## (૩) વિશેષ ક્ષેત્રીય પરિયોજના

**કચ્છ**

ભચાઉ નગરમાં 'ભાડા'ના સહયોગ સાથે ૧૧ વસાહતોમાં ૨૨૯૫ પ્લોટમાં જમીન નિયમિત કરવા માટે એક સર્વેક્ષણ હાથ ધરાયું. તેની માહિતી ચકાસણી માટે મામલતદાર કચેરીને સુપરત કરવામાં આવી છે. તમામ પરિવારોને આ સર્વેક્ષણમાં આવરી લેવાયાં છે. જેઓ કાનૂની રીતે જમીનનો પટ્ટો ધરાવતા નથી તેમને ૫૦ ચો.મી.નો નિયમિત પટ્ટો તેઓ હાલ જ્યાં રહે છે ત્યાં આપવામાં આવશે. નાગરિકોને ટેકો આપવાના વિભાગ દ્વારા ભચાઉ ખાતે સ્થળાંતર, વળતર અને બાંધકામની પરવાનગી બાબતે લોકોને વોર્ડ વાર બેઠકોમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. લોકોની સમસ્યાઓને સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરીને બાંધકામની પરવાનગી અંગેના પ્રશ્નો ઉકેલાયા છે કારણ કે તેની કાર્યવાહી અંગે ખાસી અસ્પષ્ટતાઓ પ્રવર્તે છે. ૩૫૦ દુકાનોને વૈકલ્પિક જમીન પૂરી પાડવા માટેની કાર્યવાહી પણ કરવામાં આવી.'ભાડા'ના ઈજનેરોએ ધોરણો મુજબ ઘરનું બાંધકામ થયું છે કે નહિ તે તપાસ્યું છે અને તેથી શોષણખોર કન્સલ્ટન્ટ્સ વચ્ચેથી હટી ગયા છે. ત્રીજો હપતો મેળવવા માટે ગેબલ બેન્ડ હોવા જરૂરી છે. તે સમગ્ર ઘરમાં મૂકવાને બદલે માત્ર બહાર જ મુકાય છે. તેથી ૩૦ જેટલા કડિયાને ભૂકંપથી સલામત એવાં ઘરો બાંધવા માટે સ્થળ પર જ તાલીમ આપવામાં આવી. ઘર માટે વળતર માટેનો ત્રીજો હપતો જારી કરવા વિશે સરકારે કડક નિયમો બનાવેલા છે, અને તેમાં મુખ્ય ગેબલ બેન્ડની જરૂરિયાત છે.

બજારની માંગને પહોંચી વળવા નવી પેદાશો વિકસાવવા ઉપરાંત 'દોરી' બ્રાન્ડ નેમ હેઠળ એક પ્રદર્શનનું આયોજન બે દિવસ માટે 'ઇન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ'ના પ્રાંગણ ખાતે કરવામાં આવ્યું હતું. 'ફિક્કી-કેર'ના સહયોગમાં ભૂકંપગ્રસ્ત લોકો દ્વારા બનાવાયેલી હસ્તકલાની ચીજોના વેચાણ માટે એક દુકાન ગાંધીધામમાં શર્મા રિસોર્ટ્સ દ્વારા અપાયેલી જગ્યામાં ખોલવામાં આવશે.

**સાબરકાંઠા**

વાઘરોટા ગામે ડૉ. આંબેડકરના જન્મદિને સમાન વિચારસરણી ધરાવતાં અન્ય સંગઠનોના સહયોગમાં 'સામાજિક ન્યાય મંચ' દ્વારા એક સંમેલનનું આયોજન કરાયું હતું. ત્યાં ૨૮ દલિત પરિવારોનો સામાજિક બહિષ્કાર થયેલો છે અને એમના જીવનનિર્વાહ સામે જ જોખમ ઊભું થયેલું છે, કારણ કે તેઓ તેને માટે સવર્ણો પર અવલંબિત છે.

સામાજિક ન્યાય સમિતિઓના સભ્યોમાં નેતૃત્વની કુશળતા વધારવા માટે પાંચ તાલીમ કાર્યક્રમો યોજાયા. સામાજિક ન્યાય સંબંધી પ્રશ્નો ઉઠાવવામાં એમનો આત્મવિશ્વાસ ઊભો થાય એ તેનો હેતુ હતો. સાબરકાંઠામાં સામાજિક ન્યાય સમિતિઓને મજબૂત કરવાના અનુભવને આધારે અમદાવાદ જિલ્લામાં એવો જ પ્રયાસ કરાયો છે અને દસક્રોઈ તાલુકામાં આવી સમિતિઓ પુનર્જીવિત કરાઈ છે.

આ ઉપરાંત, ખેડબ્રહ્માના 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' દ્વારા ચૂંટાયેલા મહિલા અને દલિત સભ્યોને ટેકો પૂરો પાડવામાં આવ્યો છે કે જેથી તેઓ સમુદાયના સવાલોની અસરકારક રજૂઆત કરી શકે. ગામોમાં સક્રિય અને ઉત્સાહી યુવાનોની પંચાયત વિકાસ સમિતિઓ રચવામાં આવી છે કે જેથી તેઓ ગ્રામ સભામાં હાજરી આપે અને તેમાં સહભાગી થાય.

**અમદાવાદ**

સાણંદ નગર માટે લોકકેન્દ્રી વિકાસ યોજના 'ઔડા'ના વરિષ્ઠ નગર આયોજકોની સમક્ષ રજૂ કરવામાં આવી છે. એ બાબતે સંમતિ સધાઈ છે કે સાણંદ માટે 'ઔડા' નગર યોજના તૈયાર કરશે અને અમે તેના સહયોગમાં કામ કરીશું. સાણંદના નવા ચૂંટાયેલા કાઉન્સિલરોની સાથે અમલની વ્યૂહરચના વિશે એક ચર્ચા સભા ગોઠવવામાં આવી હતી. જરૂરિયાતને આધારે રસ્તા, ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને પાણી પુરવઠા માટેની દરખાસ્તો તૈયાર કરવાનું નક્કી થયું છે. નગરપાલિકા, કાઉન્સિલરો, સમુદાય, અને 'ઉન્નતિ' એમ દરેક હિતધારકની ભૂમિકા વિશે તેમાં ચર્ચા કરવામાં આવી.

**જોધપુર અને બાડમેર**

**દુકાળનો પ્રતિભાવ**

રાજસ્થાનમાં ભારે દુકાળને કારણે ખૂબ મોટી સંખ્યામાં લોકોને રાહત કાર્યોમાં રોજગારી પૂરી પાડવામાં આવે છે. ૩-૫-૨૦૦૩ના રોજ પશ્ચિમ રાજસ્થાનની ૩૦ સંસ્થાઓના સહયોગથી મજૂર દિનની ઉજવણી કરવામાં આવી હતી. એમાં વિવિધ મજૂર કાયદાઓ અને દુકાળ રાહત અંગેના વિવિધ સરકારી ઠરાવો વિશે સહભાગીઓને અભિમુખ કરવામાં આવ્યા હતા. તે પછી રાહત કામોનાં સ્થળોએ જ ૫૦ જેટલી જાગૃતિ શિબિરો યોજવામાં આવી હતી.

રાહત કામોમાં આવતા કામદારોની સ્થિતિ વિશે એક સામાન્ય સર્વેક્ષણ હાથ ધરાયું હતું અને તેમાં મજૂરો બદલાય નહિ, હરિજનો અને આદિવાસીઓ માટે ૭૦:૩૦નું પ્રમાણ અનાજ અને વેતનમાં ન જળવાય, ખોટાં નામો હોય, હરિજનો અને આદિવાસીઓને પાણી આપવામાં ભેદભાવ થાય, મહિલા મજૂરોને રાખવાનો પ્રયાસ ન થાય વગેરે જેવી બાબતો ધ્યાન પર આવી. પંચાયત સંદર્ભ કેન્દ્રો દ્વારા સતત આ રાહત કામો પર નજર રાખવામાં આવી. જિલ્લા કલેક્ટર સાથે અમારાં સહભાગી સંગઠનોએ વાતચીત શરૂ કરી છે કે જેથી આ મુસીબતો દૂર થાય.

બાડમેર જિલ્લાનાં નવ ગામોમાં તળાવ, નાના ખાડા, નેળી, ઘરના છાપરા જેવી વરસાદી જળ સંગ્રહની વ્યવસ્થાઓ લાંબા ગાળાની પીવાના પાણીની સલામતીના સંદર્ભમાં ઊભી કરાઈ છે. તેને માટે ગ્રામ સ્તરીય સમિતિઓ રચવામાં આવી છે. જોધપુર જિલ્લામાં ૮ ગ્રામ પંચાયતોમાં ૧૦૦ પરિવારોને ખેતી માટે બિયારણનો ટેકો પૂરો પડાયો છે અને અનાજની સહાય અપાઈ છે. ગ્રામ સ્તરીય બેઠકો યોજીને સૌથી ગરીબ પરિવારો ઓળખી કઢાયાં છે. અન્ન સહાયનો યોગ્ય ઉપયોગ થાય તે માટે નિયમિત દેખરેખ રાખવામાં આવે છે. જ્યારે સહાય બંધ થાય ત્યારે પણ તેઓ ટકી રહે તેની કાળજી રખાઈ છે. તે માટે એક વાર વરસાદ આવે ત્યારે વાવણી માટે બિયારણનો ઉપયોગ થાય તે બાબતે ધ્યાન અપાયું છે.

**દલિત અધિકાર અભિયાન**

આ ત્રણ માસના ગાળા દરમ્યાન અત્યાચાર સંબંધી કિસ્સાઓ ઉઠાવવાની પ્રવૃત્તિ ઉપરાંત જોધપુરના જિલ્લા કલેક્ટરની કચેરીએ કાલબેલિયા સમુદાયને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાની માગણી સાથે ધરણા યોજાયા હતા. રાજ્યના કેટલાક ભાગોમાં આ સમુદાય અન્ય પછાત વર્ગ(ઓબીસી) ગણાય છે અને કેટલાક ભાગોમાં અનુસૂચિત જાતિ ગણાય છે તેથી આ સમુદાય ઓળખની કટોકટીનો સામનો કરી રહ્યો છે. તે અગાઉ ૪ તાલુકાઓનાં ૫૦ ગામોમાં એક સર્વેક્ષણ હાથ ધરાયું હતું. માત્ર બે ગામોમાં જ અનુસૂચિત જાતિનો દરજ્જો તેને અપાયો છે અને તેથી તેઓ સરકારી યોજનાઓના તમામ લાભો ગુમાવી રહ્યા છે.

'ફ્રેન્ડ્ઝ ઓફ વીમેન્સ વર્લ્ડ બેંકિંગ'ના સહયોગમાં ચાર સહભાગી સંસ્થાઓ માટે સ્વ-સહાય જૂથો વિશે પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવી. આ કાર્યશાળાનો હેતુ સહભાગીઓને સ્વ-સહાય જૂથનાં ખ્યાલ અને કામગીરીથી પરિચિત કરાવવાનો હતો. આ તાલીમમાં ૧૫ સ્વૈચ્છિક સંસ્થાઓના ૩૩ સહભાગીઓએ ભાગ લીધો હતો. ૧૪મી એપ્રિલના રોજ આંબેડકરના જન્મદિને 'દલિત અધિકાર અભિયાન'ના સભ્યોએ તેમના વિસ્તારોમાં રેલીઓ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

**ગ્રામીણ શાસન**

તા. ૨૫-૬-૨૦૦૩ના રોજ ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોની યાદી તૈયાર કરવા માટે રાજસ્થાનમાં ખાસ ગ્રામ સભા યોજાઈ હતી. ઉપરાંત, તેનો હેતુ ઓગસ્ટ-૨૦૦૨ પછીનાં દુકાળ રાહત કાર્યોની સમીક્ષા કરવાનો પણ હતો. અમારી સમજ વધારવા માટે અમે એમાંની બે ગ્રામ સભામાં હાજરી આપી. તે ઉપરાંત, મંદોરના 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' (પીઆરસી) મારફતે ૨૫ ગ્રામ પંચાયતોમાં જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી. સમુદાય ૧૦મી પંચવર્ષીય યોજના માટે ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોની એક સાચી યાદી બનાવે તેના પર ભાર મુકાયો કારણ કે એ યાદી પાંચ વર્ષ સુધી ઉપયોગમાં લેવાશે. ગ્રામ સભાને એ યાદીમાંથી કોઈક કુટુંબને રદ કરવાની સત્તા છે પણ એક વાર યાદી તૈયાર થઈ જાય પછી કોઈ નવું નામ ઉમેરવાની સત્તા નથી. ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળતો હોય છે.

૭ મહિલાઓ અને પાંચ દલિતોના નેતૃત્વ હેઠળની તાલુકા પંચાયતોને મંદોરના 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' મારફતે વિશેષ ટેકો પૂરો પડાયો છે કે જેથી ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોની યાદીમાં નબળાં પરિવારોનો સમાવેશ થાય. રાબેતા મુજબ યોજાતી ગ્રામ સભા મજૂર દિને પહેલી મેના રોજ યોજાઈ. આ ગ્રામ સભાઓમાં દુકાળ રાહતનાં કામોમાં કામ કરતા કામદારોની સ્થિતિની ચર્ચા કરવામાં આવી.

**શહેરી શાસન**

રાજસ્થાનમાં બિલારા નગરમાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવી. તે માટે શહેરી દુકાળ રાહત યોજના હેઠળ કામ કરતા તમામ કામદારોને જોતરવામાં આવ્યા. આ કામગીરી પર નિયમન રાખવા અને કામને છ વિભાગમાં વહેંચવા માટે છ માસની એક યોજના તૈયાર કરવામાં આવી. દરેક સફાઈ સમિતિના પાંચ સભ્યો જે તે વિભાગ પર દેખરેખ રાખવાનું કામ કરશે. ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોની પસંદગી માટેની ઝુંબેશ વિશે કાઉન્સિલરોને પણ અભિમુખ કરાયા. તે ઝુંબેશ દરમ્યાન સૌથી ગરીબો, દલિતો અને મહિલાઓના વડપણ હેઠળનાં કુટુંબોનો સમાવેશ એ યાદીમાં થાય તે માટે વોર્ડ વાર પ્રયત્ન કરાયો. વિવિધ સેવાઓ સારી રીતે મળે તે માટે સૂક્ષ્મ સ્તરીય આયોજન હાથ ધરાયું. વોર્ડ નં-૨૩માં સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ) હાથ ધરાયું.

## 'ચરખા'ની પ્રવૃત્તિઓ

આ ત્રણ માસ દરમ્યાન ૧૭ લેખો તૈયાર કરાયા હતા. આ વખતે અન્ય મુદ્દાઓ ઉપરાંત ગુજરાતની દુકાળની પરિસ્થિતિ પર વિશેષ ધ્યાન અપાયું. અમદાવાદમાં જનપથ અને એકેઆરએસપી અને સુરતના એલએચઆરસી માટે ત્રણ સમાચારપત્રોનું હવે નિયમિત ધોરણે સંપાદન કરવામાં આવે છે. 'સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ને તેનો પરિપત્ર તૈયાર કરવામાં અને 'ઉન્નતિ'ને ગુજરાતીમાં વિકલાંગતા વિશે એક ફિલ્મ ડબ કરવામાં તથા પંચાયતી રાજ વિશે એક ચિત્ર વાર્તા તૈયાર કરવામાં ટેકો પૂરો પડાયો. જળ સંચાલન, દલિતો પરના અત્યાચારો, સજીવ ખેતી, રાષ્ટ્રીય પલ્સ પોલિયો કાર્યક્રમ અને વિકલાંગતાના પ્રશ્નો વિશે પાંચ સંગઠનોને માધ્યમોનો ટેકો પૂરો પડાયો. 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'ના કાર્યકરો માટે બે દિવસની લેખન કૌશલ્ય કાર્યશાળા યોજવામાં આવી.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: કલરમેન પ્રિન્ટર્સ, અમદાવાદ. ફોન: મોબાઈલ: ૯૮૨૫૧-૫૬૪૦૨.

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.